**આજનો સુવિચાર**

ક્ષણભરની સફળતા વર્ષોની નિષ્ફળતાની કમીને પૂરી કરી દે છે!

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/24
(VALID up to 31-12-2026)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ

દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૮ અંક : ૨૩૨ જૂનાગઢ તા.૧૩-૦૯-૨૦૨૪ શુક્રવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 48 Volume : 232, Junagadh : Date : 13 September, 2024, Friday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay


# સુપ્રિમ કોર્ટે કેજરીવાલને જામીન આપ્યા : સીબીઆઈ વિરૂધ્ધ કડક ટીપ્પણી



**કેજરીવાલ ૧૭૭ દિવસ બાદ આજે તિહાર જેલમાંથી મુકત થશે : સીબીઆઈ દ્વારા કરાયેલી કેજરીવાલની ધરપકડ અયોગ્ય હતી : ઈડીનાં કેસમાં જયારે જામીન મળી રહયા હતા ત્યારે જ સીબીઆઈ તેમની ધરપકડ શા માટે કરી ? જામીન એ નિયમ છે અને જેલ એ અપવાદ**

**જસ્ટીસ ઉજ્જવલ ભુઈયાએ કહયું : સીબીઆઈએ તેની પાંજરામાં બંધ પોપટવાળી છબીને દુર કરવી જોઈએ, સીબીઆઈની છબી આઝાદ પોપટની હોવી જોઈએ : ધરપકડ કરવામાં મનમાની કરવી જોઈએ નહી**

નવી દિલ્હી તા. ૧૩

આખરે દેશની સર્વોચ્ચ અદાલતે દિલ્હીનાં મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલને આજે જામીન આપી દીધા છે. સુપ્રિમ કોર્ટમાંથી જામીન મળવાને પગલે ૧૭૭ દિવસ જેલમાં રહયા બાદ આજે અથવા કાલે કેજરીવાલ જેલમાંથી બહાર આવશે. કેજરીવાલને સુપ્રિમ કોર્ટે જામીન આપતા આમ આદમી પાર્ટીનાં મુખ્યાલય ખાતે જશ્નનો માહોલ છે. જયારે બીજી તરફ ભારતીય જનતા પાર્ટીએ કેજરીવાલનાં રાજીનામાની માંગણી કરી છે.

સુત્રોનાં જણાવ્યા મુજબ કેજરીવાલ આજે સાંજ સુધીમાં તિહાર જેલમાંથી બહાર આવી શકે છે. દરમ્યાનમાં કેજરીવાલને જામીન આપવાની સાથે સુપ્રિમ કોર્ટનાં ખંડપીઠનાં જસ્ટીસ ઉજજવલ ભુઈયાએ સીબીઆઈ પર અત્યંત કડક ટીપ્પણી કરી છે. જસ્ટીસ ભુઈયાએ કહયું કે, સીબીઆઈએ નિષ્પક્ષ હોવું જોઈએ. સીબીઆઈ એ દર્શાવે કે તે પાંજરામાં બંધ પોપટ નથી અને એવી કોશીષ હોય કે ધરપકડમાં મનમાની કરવામાં આવી નથી. સીબીઆઈએ તેની પોપટ વાળી ધારણા સમાપ્ત કરવી પડશે. જસ્ટીસ ભુઈયાએ કહયું કે સીબીઆઈ તેની પાંજરામાં બંધ પોપટની છબીને દુર કરે, તેટલું જ નહી સીબીઆઈની છબી આઝાદ પોપટની હોવી જોઈએ. જસ્ટીસ ભુઈયાએ એમ પણ કહયું કે, સીબીઆઈ દ્વારા (કેજરીવાલની) ધરપકડની કાર્યવાહી અયોગ્ય હતી. અગાઉ ૨૨ મહીના સુધી કેજરીવાલની ધરપકડ સીબીઆઈને જરૂરી કેમ ન લાગી ? તેવો તીખો સવાલ કરતા જસ્ટીસ ભુઈયાએ કહયું કે, આ આધારો પર અપીલકર્તાને હીરાસતમાં રાખવા ન્યાયનું ઉલ્લંઘન છે ખાસ કરીને ત્યારે જયારે તેનાથી અધિક કડક પીએમએલએનાં મામલામાં (કેજરીવાલને) જામીન આપવામાં આવ્યા હોય, ઈડીનાં મામલામાં જયારે અપીલકર્તા મુકિતની અણી પર હતા ત્યારે અપીલકર્તાની ધરપકડ કરવા માટે સીબીઆઈ તરફથી દર્શાવવામાં આવેલી તત્પરતાને સમજવા માટે હું નિષ્ફળ રહયો છું તેમ જણાવતા જસ્ટીસ ભુઈયાએ કહયું કે, આ અપરાધમાં સીબીઆઈ દ્વારા અગાઉની ધરપકડ અસમર્થનીય થઈ ગઈ છે. તેમણે કહયું કે, જામીન એક નિયમ છે જયારે જેલ અપવાદ છે'' તેથી સીબીઆઈએ કોશીષ કરવી જોઈએ કે, ધરપકડ કરવામાં મનમાની કરવામાં આવે નહી. જસ્ટીસ ભુઈયાએ વધુમાં એવું પણ નિરીક્ષણ કર્યુ કે, અદાલતોએ એ સુનિશ્ચિત કરવું જોઈએ કે, પ્રી-ટ્રાયલ પ્રક્રિયા સજા બની જવી જોઈએ નહી. તેમણે એવો પ્રશ્ન કર્યો કે, સીબીઆઈને કેજરીવાલની ધરપકડ કરવાની જરૂરત શું હતી ? તેઓ ઈડીનાં કેસમાં મુકત થઈ રહયા હતા ત્યારે જ શા માટે ધરપકડ કરાઈ ? તેવો સવાલ જસ્ટીસ ભુઈયાએ કર્યો હતો. આમ સુપ્રિમ કોર્ટે કેજરીવાલને જામીન આપવાની સાથે દેશની ટોચની તપાસનીશ સંસ્થા સીબીઆઈ સામે કડક ટીપ્પણી કરી છે જેનાથી દેશભરમાં એક નવી જ ચર્ચા ઉદભવી છે.

# ગુજરાતમાં બૂલડોઝર કાર્યવાહીને સુપ્રિમ કોર્ટે બ્રેક મારી



**બૂલડોઝર ચલાવવાની પ્રવૃતિ કાનૂન પર બુલડોઝર ચલાવવા જેવી ગણાશે : કુટુંબનો કોઈ વ્યકિત અપરાધ કરે તો તેની સજા સમગ્ર કુટુંબને આપી શકાય નહી : સત્તાવાળાઓને મિલ્કતને ધ્વંશ કરવાનો અધિકાર નથી**

નવી દિલ્હી, તા. ૧૩

દેશમાં બુલડોઝર પોલીટીકસ અંગે સર્જાયેલા વિવાદ વચ્ચે સુપ્રીમ કોર્ટે ગુજરાતમાં બુલડોઝર કાર્યવાહી રોકવા આદેશ આપતા કહ્યું કે, ફકત કોઈ અપરાધમાં સંડોવણી હોય તેના કારણે અપરાધી કે તેના કુટુંબની મિલ્કત પર બુલડોઝર ફેરવી શકાય નહીં, સર્વોચ્ચ અદાલતે આ પ્રકારની બુલડોઝર ચલાવવાની પ્રવૃત્તિને કાનુનને કચડવા જેવું ગણાવ્યું હતું અને આ પ્રકારના કોઈપણ કૃત્યને કાનુન વિરોધી ગણવામાં આવશે તેવી ચેતવણી પણ આપી હતી.

સર્વોચ્ચ અદાલતે બુલડોઝર ચલાવવા સામે આ બીજી વખત આકરી ચેતવણી આપી છે, સર્વોચ્ચ અદાલતના ન્યાયમૂર્તિ ઋષીકેશ રોયના નેતૃત્વ હેઠળની ખંડપીઠે ગુજરાતમાં હાલ જે મિલ્કતો સામે બુલડોઝર ચલાવાઈ રહ્યું છે તેને રોકવા આદેશ આપીને યથાવત સ્થિતિ જાળવી રાખવામાં જણાવ્યું છે, સુપ્રીમ કોર્ટે જણાવ્યું કે કાનુન અપરાધી કે દોષિત કે પછી તેના કુટુંબીજનોના આશરા જેવી મિલ્કતને તોડવાની મંજૂરી આપતુ નથી.

આ પ્રકારે બુલડોઝર જસ્ટીસ સામે સુપ્રીમ કોર્ટે ભવિષ્યમાં કોઈ પ્રકારના બાંધકામ તોડવા હોય તો તેમાં એક માર્ગ રેખા બનાવવા અને તમામ રાજયો તેને અનુસરે તે માટે સંમતિ બતાવી હતી. સર્વોચ્ચ અદાલત સમક્ષ ગુજરાત ઉપરાંત રાજસ્થાન, ઉત્તરપ્રદેશ અને મધ્યપ્રદેશમાં અપરાધીની મિલ્કત ઉપર બુલડોઝર ફેરવવાના કૃત્ય અંગે થયેલી રીટ અરજી અંગે આ આદેશ આપ્યો હતો.

રાજયમાં મહાનગરપાલિકા દ્વારા એક વ્યકિતની મિલ્કત ઉપર બુલડોઝર ફેરવી દેવાની સત્તાવાળાએ આપેલી ચેતવણી સંદર્ભમાં તેને સુપ્રીમ કોર્ટમાં કરેલી રીટ અરજી પર સુનાવણી કરતા સમયે જણાવ્યું હતું કે કુટુંબના એક વ્યકિત કોઈ અપરાધ કરે તો પણ સમગ્ર કુટુંબને તેની સજા આપી શકાય નહીં અને દેશમાં કાનુન એ સર્વોચ્ચ છે અને આ પ્રકારના કૃત્યને કાનુન ઉપર બુલડોઝર ચલાવવા જેવું ગણાશે.

સર્વોચ્ચ અદાલતે કહ્યું કે, કાનુની રીતે બાંધકામ કરાયેલ મિલ્કતો સામેની આ પ્રકારની કાર્યવાહી રોકાવી જોઈએ. કોઈપણ વ્યકિતની કોઈ અપરાધમાં સંડોવણીથી તેની મિલ્કત પર બુલડોઝર ચલાવવાની કોઈ ભૂમિકા નથી અને સુપ્રીમ કોર્ટે આ અંગે ગુજરાત સરકાર અને મ્યુનિ. ઓથોરીટીને નોટીસ પાઠવી હતી.

સર્વોચ્ચ અદાલત સમક્ષ અરજદારના વકીલ ઈકબાલ સૈયદે દસ્તાવેજો રજૂ કરીને એ જણાવ્યું હતું કે કોઈ પણ પ્રકારે ગેરકાનુની બાંધકામ થયુ નથી તેનો આ રેવન્યુ રેકર્ડ છે અને છેલ્લા બે દાયકાથી કુટુંબ અહીં રહે છે.

ઉપરાંત તેને ૨૦૦૪માં ગ્રામ પંચાયતે જ રહેણાંક મકાન બનાવવાની મંજૂરી આપી હતી. જયારે આ કુટુંબના એક સભ્ય સામે ફોજદારી અપરાધ નોંધાતા જ તેના મિલ્કત પર બુલડોઝર ફેરવી દેવાની ધમકી આપવામાં આવી હતી.

જેની સામે પણ તેઓએ સર્વોચ્ચ અદાલતમાં રજુઆત કરીને કોઈપણ કાર્યવાહી વગર અને પુરાવા વગર ધમકી આપવા સામે પણ સુપ્રીમની દાદ માંગી હતી. સર્વોચ્ચ અદાલતે હાલ કોઈ પણ પ્રકારે બુલડોઝર પ્રવૃત્તિને રોકવા આદેશ આપીને ચાર સપ્તાહ બાદ સુનાવણી રાખી છે.

## ચીન સાથે LAC પર ૭૫ ટકા વિવાદ ઉકેલાઈ ગયો : વિદેશમંત્રી જયશંકરનો દાવો



નવી દિલ્હી તા. ૧૩

લદ્દાખમાં હિંસક અથડામણ બાદ ભારત-ચીન સંબંધો પાટા પર આવે તેવી શકયતાઓ બની છે. તેના માટે ભારત દ્વારા તમામ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. પૂર્વી લદ્દાખમાં સરહદ મુદ્દે, વિદેશ મંત્રી એસ જયશંકરે કહ્યું હતું કે સૈનિકો પાછા ખેંચવા સંબંધિત સમસ્યાઓ લગભગ ૭૫ ટકા હલ થઈ ગઈ છે પરંતુ સૌથી મોટો મુદ્દો સરહદ પર વધતું લશ્કરીકરણ છે. તેમણે સ્વિત્ઝરલેન્ડમાં થિંક ટેન્ક જિનીવા સેન્ટર ફોર સિકયુરિટી પોલિસીં સાથે સંવાદ સત્રમાં આ વાત કહી.

જયશંકરે કહ્યું કે જૂન ૨૦૨૦માં ગલવાન ખીણમાં હિંસક અથડામણોએ ભારત-ચીન સંબંધો પર એકંદર અસર કરી હતી. તેમણે કહ્યું કે સરહદ પર હિંસા પછી કોઈ એવું ન કહી શકે કે અન્ય સંબંધો તેનાથી અછૂત છે. વિદેશ મંત્રીએ કહ્યું કે સમસ્યાનો ઉકેલ શોધવા માટે બંને પક્ષો વચ્ચે વાતચીત ચાલી રહી છે. તેમણે કહ્યું, વાતચીત ચાલી રહી છે. અમે થોડી પ્રગતિ કરી છે. તમે લગભગ કહી શકો છો કે સૈનિકો પાછા ખેંચવા સંબંધિત લગભગ ૭૫ ટકા સમસ્યાઓ હલ થઈ ગઈ છે.

## હિંડનબર્ગનો વધુ એક ધડાકો : અંદાણી જૂથનાં રૂા. ૨૬૦૦ કરોડની બેલેન્સ સાથેનાં ૬ સ્વિસબેંક ખાતા સીઝ કરાયા

નવી દિલ્હી, તા.૧૩: હિંડનબર્ગ રિસર્ચ અદાણી ગ્રુપ પાછળ આદુ ખાઈને પડી ગઈ છે. આ અમેરિકન કંપનીએ અદાણી પર વધુ એક બોમ્બ ફેંકયો છે. હિન્ડેનબર્ગે દાવો કર્યો છે કે સ્વિસ સત્તાવાળાઓએ અદાણીના મની લોન્ડરિંગ અને છેતરપિંડીની તપાસના ભાગરૂપે અનેક બેંક ખાતાઓમાં જમા કરાયેલા $૩૧૦ મિલિયન (આશરે રૂ.૨૬૦૦ કરોડ) થી વધુને ફ્રીઝ કરી દીધા છે. આ તપાસ ૨૦૨૧થી ચાલી રહી છે.

અમેરિકન શોર્ટ સેલર ફર્મ હિંડનબર્ગ રિસર્ચે ફરી એકવાર અદાણી ગ્રુપ પર હુમલો કર્યો છે. હવે સ્વિસ મીડિયા આઉટલેટ ગોથમ સિટીના એક સમાચારને ટાંકીને કહ્યું છે કે અદાણી ગ્રુપની તપાસના ભાગરૂપે સ્વિસ સત્તાવાળાઓએ કેટલાંક સ્વિસ બેંક ખાતાઓમાં $૩૧૦ મિલિયન એટલે કે લગભગ રૂા. ૨૬૦૦ કરોડથી વધુના ફંડને ફ્રીઝ કરી દીધું છે. હિન્ડેનબર્ગે ૧૨ સપ્ટેમ્બર, ૨૦૨૪ના રોજ ૮ પરની એક પોસ્ટમાં આ આરોપ લગાવ્યો હતો. સ્વિસ સત્તાવાળાઓ ૨૦૨૧ થી મની લોન્ડરિંગ અને સિકયોરિટીઝ છેતરપિંડી માટે અદાણી જૂથની તપાસ કરી રહ્યા છે.

## ઓગષ્ટમાં ખાદ્ય ચીજોની મોંઘવારી બેફામ બની

નવી દિલ્હી, તા ૧૩

ઓગસ્ટ મહિનામાં દેશમાં છૂટક ફુગાવો નજીવો વધીને ૩.૬૫ ટકા થયો છે. જુલાઈમાં તે ૩.૬ ટકા હતો, જ્યારે ગયા વર્ષે ઓગસ્ટમાં તે ૬.૮૩ ટકા હતો. નિષ્ણાતોનું કહેવું છે કે થોડો વધારો થયો હોવા છતાં છૂટક ફુગાવો સતત બીજા મહિને નિયંત્રણમાં રહ્યો હતો. જોકે, શાકભાજીના ભાવમાં વધારાને કારણે ખાદ્યપદાર્થોના મોંઘવારી દરમાં થોડો વધારો થયો હતો.

નેશનલ સ્ટેટિસ્ટિકસ ઑફિસના જણાવ્યા અનુસાર, ખાદ્ય ચીજોનો ફુગાવાનો દર ઓગસ્ટ મહિનામાં નજીવો વધીને ૫.૬૬ ટકા થયો હતો, જે જુલાઈમાં ૫.૪૨ ટકા હતો. ઓગસ્ટમાં શાકભાજીના મોંઘવારી દરમાં વધારો થયો હતો, જે વધીને ૧૦.૭૧ ટકા થયો હતો. જુલાઈમાં તે ૬.૮૩ ટકા હતો. ગ્રામીણ મોંઘવારી દરમાં પણ વધારો જોવા મળ્યો છે. ગ્રામ્ય ફુગાવાનો દર ઓગસ્ટમાં ૪.૧૬ ટકા પર પહોંચ્યો હતો જે જુલાઈમાં ૪.૧૦ ટકા હતો. તેવી જ રીતે શહેરી ફુગાવો વધીને ૩.૧૨ ટકા થયો છે, જે જુલાઈ મહિનામાં ૨.૯૮ ટકા હતો.

## હું વડાપ્રધાન મોદીની રાહ જોઈ રહયો છું : પુતિન



**ભારતનાં રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજીત ડોભાલ અને પુતિન વચ્ચે મંત્રણા યોજાઈ : રશિયા- યુક્રેન યુધ્ધનો અંત મુખ્ય મુદો**

નવી દિલ્હી/ મોસ્કો તા. ૧૩

રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને ગતરાત્રે સેન્ટ પીટર્સબર્ગમાં ભારતના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજીત ડોભાલ સાથે મુલાકાત કરી. આ બેઠક બ્રિક્સ દેશોના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકારોની સંમેલન દરમિયાન થઈ હતી. પુતિન અને ડોભાલે વન-ટુ-વન મીટિંગ કરી હતી, જેમાં બંને એક ટેબલ પર સાથે જોવા મળ્યા હતા.

રશિયન સમાચાર એજન્સી TASS અનુસાર, રશિયન રાષ્ટ્રપતિ પુતિને કહ્યું કે, તેઓ ૨૨ ઓક્ટોબરે કઝાન (રશિયા)માં બ્રિક્સ સમિટમાં ભાગ લેવા માટે વડાપ્રધાન મોદીની રાહ જોઈ રહ્યા છે. આ દરમિયાન તેમણે વડાપ્રધાન મોદી સાથે દ્વિપક્ષીય બેઠકનો પ્રસ્તાવ પણ મૂક્યો હતો.

રિપોર્ટ અનુસાર ડોભાલની રશિયા મુલાકાતનો હેતુ રશિયા-યુક્રેન વિવાદનો ઉકેલ લાવવાનો પણ છે. વડાપ્રધાન મોદીની શાંતિ યોજનાને લઈને ડોભાલ રશિયા પહોંચ્યા છે. તેમણે પુતિન સાથે યુક્રેનમાં ચાલી રહેલા સંઘર્ષના ઉકેલ અંગે વાત કરી હતી.

પુતિન સાથેની તેમની વન-ટુ-વન વાતચીતમાં ડોભાલે રશિયાના રાષ્ટ્રપતિ પુતિનને કહ્યું, 'જેમ વડાપ્રધાન મોદીએ તમારી સાથે ટેલિફોન પર વાત કરી હતી, તેઓ તમને તેમની યુક્રેનની મુલાકાત અને રાષ્ટ્રપતિ ઝેલેન્સ્કી સાથેની મુલાકાત વિશે માહિતી આપવા માટે ઉત્સુક હતા. તે ઈચ્છે છે કે હું તમને મળવા માટે અને તમને તે વાર્તાલાપ વિશે જણાવવા માટે વ્યક્તિગત રીતે અને ખાસ રીતે રશિયા જઈશ.

### સમાચાર રાઉન્ડ અપ

- ટોલટેકસ ઉઘરાવવામાં વાહન ચાલકો પાસેથી ઉઘાડી લુંટ : ૨૪ કલાકમાં રીટર્ન જર્નીમાં ૫૦ ટકા ટેકસનો લાભ નથી અપાતો : બારોબાર નાણા કપાય જાય છે
- ઈરાન સરકારે છેલ્લા ૯ મહિનામાં ડ્રગ્સ સાથે જોડાયેલા ગુનામાં ૪૦૦થી વધુ લોકોને ફાંસીના માચડે ચડાવી દીધા
- બિહારનાં સમસ્તીપુર જીલ્લામાં ડોકટર અને તેના મિત્રોએ મહિલા નર્સ પર બળાત્કારનો પ્રયાસ કર્યો : નર્સે ડોકટરનો પ્રાઈવેટ પાર્ટ કાપી નાખ્યો
- ઉત્તર ભારતનાં રાજયોમાં ભારે વરસાદથી ૪૭ લોકોનાં મોત, ઉત્તરાખંડ - હિમાચલમાં રેડએલર્ટ : કેદારનાથ યાત્રા અટકાવી દેવાઈ
- સુરતનાં કાપોદરામાં સાવકા પિતાએ ૧૨ વર્ષની પુત્રી પર દૂષ્કર્મ આચર્યુ : ધરપકડ


**સોપારીનું કટીંગ રીટેઈલમાં મળશે**

અમારી સ્પેશ્યલ જુની મોરો સોપારીનું કટીંગ ફકત ૨૫૦ ગ્રામ લઈ અને ખાત્રી કરો તમે જ કહેશો કે વાહ ભઈ વાહ

મોરો સોપારી કટીંગ ૧ કિલોના ફકત રૂા.૬૦૦

આ રીટેઈલ માટે છે

નહી આવો તો જરૂર અફસોસ

જૂનાગઢ

મો.૯૩૭૬૬૦ ૫૫૬૨

**ઈન્ટરનેશનલ ગોલ્ડ સ્ટાર એવોર્ડ વિજેતા**

**જોષી દાદા** મો. ૯૯૧૩૫ ૧૧૭૩૭ ૯૪૨૮૦ ૨૬૯૬૮

**નક્ષત્ર – જ્યોતિષ**

શું તમારૂ સગપણ થતું નથી ?
શું તમારો ધંધો મંદો ચાલે છે ?
શું તમારા ઘરમાં કલેશ અને અશાંતિ રહે છે ?
શું તમો વારંવાર બિમાર પડો છો ?

આ બધી સમસ્યાઓનું એકજ જગ્યાએ સચોટ નિવારણ

આદિ ગુરૂ જગત ગુરૂ શંકરાચાર્ય રચિત સૌદર્ય લહેરી આધારીત દરેક પ્રયોગ દ્વારા યંત્રથી અને અનુષ્ઠાનથી દરેક વિધી વિધાન કાર્ય કરવામાં આવશે.

કૈલાશ એપાર્ટમેન્ટ, દુકાન નં. ૮, તળાવ દરવાજા, શાકમાર્કેટ, જૂનાગઢ

ફોન કરીને અવશ્ય આવવું

Since 1983

શંખ બ્રાન્ડ મસાલા

ગાયત્રી મસાલા

મો. : ૯૪૨૮૯ ૨૩૦૨૩

• મરચું
• હળદર
• ધાણાજીરૂ
• ગરમ મસાલો



તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત (કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)


**ડૉ. ધવલ સંઘવી**

બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune

સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર

એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩

ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો



તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત

વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક

દરેક જગ્યાએ ઉપલબ્ધ

કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ

સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી

અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

# તા. ૧૭થી ૩૧ સપ્ટેમ્બર દરમ્યાન સેવા સેતુના ૧૦માં તબક્કાનો રાજયવ્યાપી પ્રારંભ થશે : પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલ

**સેવા સેતુના ૧૦ માં તબક્કામાં કુલ ૫૫ સેવાઓનો ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં સમાવેશ કરાયો છે : સેવા સેતુ કાર્યક્રમ અંતર્ગત છેલ્લા ૯ તબ્બકામાં કુલ ૨.૮૯ કરોડથી વધુ લાભાર્થીઓએ લાભ મેળવ્યો : સેવા સેતુના ૯ તબક્કામાં અરજી નિકાલનો દર ૯૯.૮૮ ટકા રહ્યો**

(પ્રતિનિધિ દ્વારા)

ગાંધીનગર તા.૧૩

પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું કે, રાજયમાં તા. ૧૭ સપ્ટેમ્બર થી સેવા સેતુ કાર્યક્રમના ૧૦માં તબક્કાનો પ્રારંભ થશે. જે તા. ૩૧ ઓકટોબર ૨૦૨૪ સુધી કાર્યરત રહેશે. જેમાં ગ્રામ્ય વિસ્તારમાં તાલુકા દીઠ ૦૩ કાર્યક્રમ અને શહેરી વિસ્તારમાં પણ મહાનગરપાલિકા દીઠ ૦૨ તથા નગરપાલિકા દીઠ ૦૨ કાર્યક્રમોનું આયોજન કરાશે. સેવા સેતુના ૧૦માં તબક્કામાં વિશેષ એ રહેશે કે આ વખતે કુલ ૫૫ સેવાઓનો ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં સમાવેશ કરાયો છે. જેમાં સામાન્ય વહિવટ વિભાગ, નાણા વિભાગ, મહેસૂલ વિભાગ, શ્રમ અને રોજગાર વિભાગ જેવા વિવિધ વિભાગોની કુલ ૫૫ સેવાઓનો લાભ લાભાર્થીઓને સ્થળ ઉપર જ મળશે. રાજ્યમાં છેલ્લા ૯ તબ્બકામાં યોજાયેલ સેવા સેતુ કાર્યક્રમની ફળશ્રુતિ વિશે મંત્રીએ જણાવ્યું કે, અત્યાર સુધીમાં ૯ તબક્કામાં સેવા સેતુ કાર્યક્રમ અંતર્ગત કુલ ૨.૮૯ કરોડથી વધુ લાભાર્થીઓને લાભ મેળવ્યો છે. મંત્રીએ વધુમાં જણાવ્યું હતું કે, સેવા સેતુ કાર્યક્રમમાં અત્યાર સુધીમાં ૨,૮૯,૯૮,૩૪૯ અરજીઓ મળી હતી, જે પૈકી ૨,૮૯,૬૫,૦૬૪ અરજીઓ એટલે કે, ૯૯.૮૮ ટકા અરજીઓનો સફળતાપૂર્વક નિકાલ કરવામાં આવ્યો છે તેમ મંત્રી પટેલે ઉમેર્યું હતું.

# ઈન્ડિયન કાઉન્સિલ ઓફ એગ્રીક્લાચરલ રીસર્ચ ICAR સ્પોન્સર્ડ આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સમાં જૂનાગઢ કૃષિ યુનિવર્સીટીના વૈજ્ઞાનિકને કપાસ એગ્રોનોમીના સંશોધન માટે યંગ સાય સાયન્ટીસ્ટ એવોર્ડ




(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૩

આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સ-કરંટ ઈનોવેશન એન્ડ ટેકનોલોજીકલ એડવાન્સીસ ઈન એગ્રીકલ્ચર એન્ડ એલાઈડ સાયન્સનું આયોજન તા.૨૯ થી ૩૧ ઓગસ્ટ સુધી ગુરુકાશી યુનિવર્સીટી ભટીંડા ખાતે આયોજન થયેલું હતું. આ આયોજન ઈન્ડિયન કાઉન્સિલ ઓફ એગ્રીકલ્ચર રીસર્ચના સ્પોન્સરશીપ અંતર્ગત આ કાઉન્સિલનું આયોજન થયેલ હતું. વિવધ ક્ષેત્રોમાં હાલમાં બદલાતા વાતાવરણની પરિસ્થિતિમાં વિષય પરિસ્થિતિમાં વધારે વરસાદ સામે પાકને ટકાવી રાખવા અને પાણીની અછતની સ્થિતિમાં ખેતીમાં કેવા ફેરફાર કરી વધુ ઉત્પાદન લઈ શકાય અને ખાદ્ય અન્ન ઉગાડી શકાય તેવા દેશના હિતમાં અને વિશ્વ સ્તરીય આવનારા ભવિષ્યની જરૂરિયાત અને કૃષિ અને ખેડૂતો અને ઉદ્યોગો અને દેશના અર્થકરણમાં જરૂરિયાત અંગે ચર્ચાઓ થઈ આ કોન્ફરન્સમાં ધ ઓકીયો સ્ટેટ યુનિવર્સીટીના રતનલાલ કોલમ્બસ યુ.એસ.એ. અમેરિકાએ વિશ્વની કાર્બન મેનેજમેન્ટ અને સિક્વેસ્ટ્રેસન અંગે વિગતવાર માહિતી આપી હતી. વિવિધ કૃષિ ક્ષેત્રોમાં ડ્રોન ટેકનોલોજી દ્વારા પાકમાં આવતા રોગો અને જીવાતોનું નિયંત્રણ માનવીયની સાથે સાથે યાંત્રિકીકરણથી ઓછા સમયમાં વધુ વિસ્તાર કવર કરવા માટે થઈને ડ્રોન ટેકનોલોજીના મુલ્યો અને ફાયદાઓ વચ્ચે વિસ્તૃત ચર્ચાઓ થઈ, નેનો ટેકનોલોજીની જરૂરિયાત અને સાઈટ સ્પેસિફિક ન્યુટ્રીયન્ટ મેનેજમેન્ટ વિશે પણ ઘણા વિચાર વિમેશ થયા આ કોન્ફરન્સમાં જૂનાગઢ કૃષિયુનિવર્સીટીના કપાસ સંશોધન કેન્દ્રના ડો. એ.એમ.પોલરા કે જેઓ હાલમાં રાષ્ટ્ર લેવલના ઓલ ઈન્ડિયા કોર્ડીનેટેડ રીસર્ચ પ્રોજેકટમાં વિવિધ સંશોધન અખતરાઓની જવાબદારી નિભાવી રહ્યા છે. ત્યારેજ રાજયન સ્ટેટ લેવલ સંશોધન અખતરાઓના સંશોધનનું કાર્ય નિભાવી રહ્યા હોઈ સંશોધન ઉત્કૃષ્ટ કામગીરી બદલ કપાસના એગ્રોનોમી અખતરાઓમાં નવીનતમ ટેકનોલોજી અને ખેડૂતોની જરૂરીયાતોને ધ્યાને લઈ ઉમદા કામગીરી બદલ આંતર રાષ્ટ્રીય કોન્ફરન્સમાં યંગ સાયન્ટીસ્ટ એવોર્ડ-૨૦૨૪ ભારત સરકારના એગ્રીકલ્ચર કમિશ્નર ડો. પી.કે. સિંઘના હસ્તે આ એવોર્ડ ડો. એ.એમ. પોલરાએ પ્રાપ્ત કરી જૂનાગઢ કૃષિ યુનિવર્સીટી અને સમગ્ર ગુજરાતનું નામ રોશન કર્યું છે.

# પ્રભાસ-પાટણ પોલીસ સ્ટેશનમાં નવનિયુક્ત પ્રોબેશનલ ડીવાયએસપીની કરાઈ નિમણૂક



(પ્રતિનિધિ દ્વારા)

પ્રભાસ-પાટણ તા.૧૩

સોમનાથ પ્રભાસ-પાટણ પોલીસ સ્ટેશન ખાતે નવનિયુકત પ્રોબેશનલ ડીવાયએસપી વી.પી. માનસેતા ની નિમણૂક કરવામાં આવી છે. સાવરકુંડલાના વતની એવા તેઓ ૨૦૨૨ સીધી ભરતી ગુજરાત પોલીસમાં જોડાયા. ઉના-સુત્રાપાડા-વેરાવળ ડિવિઝનમાં અભ્યાસિ તાલીમ લીધા બાદ પ્રભાસ-પાટણ ખાતે સ્વતંત્ર પોલીસ થાણા ખાતે નિમણૂક કરાય છે. બીએસસી, કેમેસ્ટ્રી, એમ.એ. અભ્યાસ કર્યા બાદ તેઓ પોલીસ દળમાં જોડાયા અને પ્રભાસ પાટણ પોલીસ સ્ટેશન ખાતે ચાર્જ સંભાળ્યો છે.

# ખંભાળિયાના ગણેશોત્સવમાં નંદ મહોત્સવ : નવાપરા ખાતે ભક્તિમાં લીન થયા ગણેશ



(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૩

ખંભાળિયાના પોસ રહેણાંક વિસ્તાર નવાપરા ખાતે દર વખતની જેમ આ વખતે પણ ગણપતિ મહોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ગત શનિવારે ગણેશ સ્થાપનાથી દરરોજ દિવસ દરમિયાન યોજતા કાર્યક્રમોમાં મોટી સંખ્યામાં ધર્મપ્રેમી જનતા જોડાય છે. નવાપરા યુવક મંડળ દ્વારા આયોજિત આ ગણેશોત્સવ કાર્યક્રમમાં બુધવારે રાત્રે નંદ મહોત્સવનો સુંદર કાર્યક્રમ યોજાયો હતો. જ્યારે ગઈકાલે ગુરુવારે ૧૦૧ દીવડાની આરતીના અલભ્ય દર્શનનો લાભ મોટી સંખ્યામાં ભક્તોએ લીધો હતો. આજરોજ શુક્રવારે રાત્રે ૧૦ વાગ્યે ગાયત્રી ગરબા મંડળના ઉપક્રમે આ સ્થળે શ્રીનાથજીની ઝાંખીના કાર્યક્રમનું પણ સુંદર આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ઉપસ્થિત રહેવા સર્વે ધર્મપ્રેમી જનતાને આયોજકો દ્વારા અપીલ કરવામાં આવી છે.

# રાજકોટ જીવનનગર કા વિઘ્નહર્તા મહાઆરતીમાં ભાજપના આગેવાનો



## રાજકોટ જીવનનગર વિકાસ સમિતિના કાર્યોની પ્રશંસા : ધારાસભ્ય ડો.દર્શિતાબેન

(પ્રતિનિધિ દ્વારા)

રાજકોટ તા.૧૩

જીવનનગર વિકાસ સમિતિ, ગણપતિ મહોત્સવ સમિતિ, વોર્ડ નં.૧૦ જાગૃત નાગરિક મંડળ દ્વારા દસમાં વર્ષ જીવનનગર કા વિઘ્નહર્તામાં મહાઆરતી, પૂજન-અર્ચન, દિપમાલામાં શહેર ભા.જ.પ.ના આગેવાનોએ હાજરી આપી હતી. જીવનનગર સમિતિએ સામાજીક એકતા, કાર્યોની પ્રશંસા કરવામાં આવી હતી. મૂર્તિનું વિસર્જન કરવામાં આવ્યું નથી પ્રદુષણ મુક્ત, ઘોંઘાટ વગર, સર્વાંગ હિતને ધ્યાનમાં લેવામાં આવે છે. ધારાસભ્ય ડો.દર્શિતાબેન શાહે દિપ પ્રાગટય કરી જીવનનગર સમિતિ રહીશો માટે છેલ્લા ૪૩ વર્ષથી કાર્યરત છે. રાજ્યમાં સર્વોચ્ચ સ્થાન લીધું છે. જયંત પંડયાના નેતૃત્વથી વિસ્તારને ફાયદો થયો છે. મહાઆરતીમાં ભાગ લેવાથી ધન્યતા અનુભવું છું. ભગવાનની પૂજા-અર્ચનમાં ધારાસભ્ય ડો.દર્શિતાબેન શાહ, વોર્ડ પ્રભારી રઘુભાઈ ધોળકીયા, પ્રમુખ રજનીભાઈ ગોલ, મહામંત્રી મેહુલભાઈ નથવાણી, નગરસેવકો ચેતનભાઈ સરેજા, ડો. આશિષભાઈ મકવાણા, દર્શનભાઈ જાની, કેતનભાઈ મકવાણા, વિનોદરાય ભટ્ટ, પાર્થ ગોહેલ, સહિત આગેવાનોએ હાજરી આપી હતી. સમિતિના પ્રમુખ જયંત પંડ્યાએ મહેમાનને આવકારી રહીશો માટે કરવામાં આવતી પ્રવૃત્તિઓના ચિતાર આપ્યો હતો. સમિતિને રાજ્યોમાં આદર્શનું બિરૂદ મળ્યું છે. મહિલા મંડળની સક્રિયતાને બિરદાવી હતી. સુનિતાબેન વ્યાસને અભિનંદન પાઠવવામાં આવ્યાં હતાં. સમિતિના મૂકેશભાઈ પોપટ, ડો.તેજસ ચોકસી, વિનુભાઈ ભટ્ટ, પાર્થ ગોહેલ, કેતન મકવાણા, અનંતભાઈ ગોહેલ, શૈલેશભાઈ પૂજારા, પૂજારી પ્રવિણભાઈ જોષી, મહિલા મંડળના સુનિતાબેન વ્યાસ, આશાબેન મજેઠીયા, શોભનાબેન ભાણવડીયા, ભારતીબેન ગંગદેવ, હંસાબેન ચુડાસમા, હર્ષાબેન પંડ્યા, નેહાબેન મહેતા, પ્રફુલ્લાબેન બોરીચા, ભદ્રાબેન ગોહેલ, જયશ્રીબેન મોડેસરા, જ્યોતિબેન પૂજારા, ભક્તિબેન ખખ્ખર, મહોત્સવમાં કામગીરી કરે છે.

# ખંભાળિયા અને જામનગરના પીજીવીસીએલના કર્મચારી ચેસ સ્પર્ધામાં ચેમ્પિયન

(પ્રતિનિધિ દ્વારા) જામ ખંભાળિયા તા.૧૩

પીજીવીસીએલ ઈન્ટર્નલ સર્કલ ચેસ સ્પર્ધા ૨૦૨૪-૨૫ માં જામનગર વર્તુળ કચેરી હેઠળ ફરજ બજાવતા એ.એ. જાડેજા મીટર ટેસ્ટર ચેમ્પિયન અને ખંભાળિયાના નાયબ અધિક્ષક આર.બી. ટાંકએ રનર્સ અપ થઈ અને જામનગર પીજીવીસીએલ વર્તુળ કચેરીનું ગૌરવ વધાર્યું છે.




# સોમનાથ મંદિર ટ્રસ્ટની વાર્ષિક બેઠક વડાપ્રધાનના અધ્યક્ષ સ્થાને અમદાવાદ ખાતે યોજાશે

(પ્રતિનિધી દ્વારા)

પ્ર.પાટણ તા.૧૩

વિશ્વ પ્રસિધ્ધ સોમનાથ મહાદેવ મંદિરના ટ્રસ્ટની વાર્ષિક બેઠક તા.૧૫ સપ્ટેમ્બરના રોજ વડાપ્રધાન અને સોમનાથ ટ્રસ્ટના અધ્યક્ષ નરેન્દ્ર મોદીના અધ્યક્ષસ્થાને અમદાવાદના રાજભવન ખાતે મળશે. સોમનાથ મંદિર ટ્રસ્ટમાં દેશના ગૃહપ્રધાન અમીત શાહ, લાલ કૃષ્ણ અડવાણી, પ્રવિણ લહેરી, જે.ડી.પરમાર, હર્ષવર્ધન નિવેટીયા સહિત છ સભ્યોનું ટ્રસ્ટી મંડળ છે જયારે બે જગ્યા ખાલી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૨૦૧૦થી ટ્રસ્ટી પદે હતા અને ૨૦૨૧ થી અધ્યક્ષ છે. આ બેઠકમાં યાત્રિ સુવિધા સહિત વિકાસના અન્ય પ્રશ્નોની ચર્ચાય થાય તેવી વકી છે.

# ભાણવડમાં અતિભારે વરસાદની પરિસ્થિતિમાં સેવા સંસ્થા દ્વારા પશુઓની ખાસ દેખભાળ

(પ્રતિનિધી દ્વારા)

જામખંભાળીયા તા.૧૩

ભાણવડ પંથકના તાજેતરમાં વરસી ગયેલા અતિભારે વરસાદની પરિસ્થિતિમાં પશુ-પક્ષીઓ પણ વિકટ પરિસ્થિતિમાં મુકાયા હતા. આવી હાલતમાં પશુઓની મદદ માટે અહીંના કેબિનેટ મંત્રી પુત્ર હર્ષદભાઈ બેરાએ ખોળ, કપાસીયા અને બિસ્કીટની વ્યવસ્થા કરાવી આપી હતી.

ભાણવડ તાલુકામાં તાજેતરમાં એક સપ્તાહ સુધી અતિભારે વરસાદ જેવી પરિસ્થિતિ હતી. આ દરમિયાન સાતમ-આઠમના તહેવારો પણ હોય, આ સમયે હોટેલ-રેસ્ટોરન્ટ વિગેરે બંધ હોવા સાથે લોકો પણ ઘરમાં જ રહ્યા હતા. આથી બિનવારસી ગૌવંશ અને શ્વાનને પણ વરસતા વરસાદમાં વ્યથિત અવસ્થામાં મારે મુશ્કેલીનો કરવો પડ્યો હતો. ભાણવડ તાલુકામાં અબોલ જીવોની સેવા-સારવાર માટે અવિરત રીતે કાર્યરત એવી સંસ્થા એનીમલ લવર્સ ચેરીટેબલ ટ્રસ્ટને



અહીંના ધારાસભ્ય અને કેબિનેટ મંત્રી મુળુભાઈ બેરાના પુત્ર હર્ષદભાઈ બેરાએ અબોલ જીવ ભૂખ્યા ન રહે તે માટે આગળ આવી અને ગૌવંશ માટે ખોળ-કપાસિયા તેમજ શ્વાન માટે બિસ્કીટની વ્યવસ્થા કરી આપી હતી. જે એનિમલ લવર્સ ગ્રુપના સભ્યો તેમજ શિવ બળદ આશ્રમના કાર્યકરો દ્વારા વરસતા વરસાદે પણ ગાય- બળદ તેમ શ્વાનને વિતરણ કરી, સેવાની જ્યોત ચલાવી હતી.

# ગીર ગઢડાના ધોકડવા ગામે સીમ વિસ્તારમાં ચાલતા જુગારના અડ્ડામાંથી ૯ જુગારીઓ ૩.૮૨ લાખના મુદ્દામાલ સાથે ઝડપાયા

(પ્રતિનિધી દ્વારા)

ઉના તા.૧૩

ગીર ગઢડા તાલુકાના ધોકડવા ગામ ની ખમભડા ગામ ની સીમ માં ધોકડવા ગામ ના રમેશ ગદાભાઈ બલદાણીયા એ એક ખેતર વાવવા રાખેલ હોય અને પોલીસ ને બાતમી મળી હતી કે આ શક્ષ લોકો ને બોલાવી જુગાર રમાડતો હોય જિલ્લા લોકલ ક્રાઈમ બ્રાન્ચ ના ઈન્ચાર્જ પીઆઇ એ.બી. જાડેજા, પી.એસ.આઇ. એ.સી. સીંધવ, પોલીસ હેડ કોન્સ્ટેબલ રાજુ ભાઈ ગઢીયા, ગોવિંદ ભાઈ વાળા,પો.કો. રાહુલ ભાઈ છેલના, વિજય ભાઈ ચોહાણ સ્ટાફે રેડ કરતા વાડી મા જાહેર મા જુગાર રમતા ગજરાજ ઉર્ફે ગજો આતુભાઈ ખસિયા, પરેશ અરજણ ભાઈ કાતરીયા, હિતેન્દ્ર ધીરુભાઈ કોટેચા, મનું રાણાભાઈ ધાપા, રાજુ ભગવાન ભાઈ શીયાળ, હમીર જેશા વાજા, વિક્રમસિંહ ગંભીર સિહ ગોહીલ, ગોપાલ બાલું ભાઈ મકવાણા, જાલમ રાણા ભાઈ ચાવડા રે. ધોકડવા, કોદિયા, ખાંભા, સામતેર, સંજવાપુર ને રૂપિયા ની હારજીત નો જુગાર રમતા રોકડા રૂપિયા ૨લાખ, ૪૭હજાર ૫૦૦/ મોબાઈલ ફોન નગ ૮, મોટર સાયકલ નગ બે, મળી કુલ રૂપિયા ૩,૮૨,૫૦૦/ના મુદામાલ સાથે પકડી ગીર ગઢડા પોલીસ સ્ટેશન લાવી દસ સામે ગુનો દાખલ કરી નાસી ગયેલ રમેશ ગદા ભાઈ બલદાણીયા રે ધોકડવા ને પકડવા ગીર ગઢડા પોલીસ તપાસ કરી રહી છે. ગીર ગઢડા તાલુકા મા સૌ પ્રથમ વાર આટલી મોટી રકમ સાથે જુગારીઓ ને પકડી સફળતા મેળવી હતી.

# ઉનામાં પોલીસ દ્વારા સંવેદનશીલ વિસ્તારોમાં ફુટ પેટ્રોલીંગ કરાયું



(પ્રતિનિધી દ્વારા)

ઉના તા.૧૩

હાલ માં ગણેશ ઉત્સવ ચાલી રહ્યો છે. અને આગમી દિવસો માં ઈદ નો તહેવાર પણ આવતો હોય ગીર સોમનાથ જિલ્લા ના પોલીસ અધિક્ષક ની સૂચના થી ઊના ના પોલીસ ઈન્સ્પેકટર રાણા અને પોલીસ સ્ટાફે ઊના શહેર ના વિવિધ સંવેદનશીલ વિસ્તારોમાં શહેર ના મુખ્ય માર્ગો ઉપર અને ગણેશ ઉત્સવ ના પંડાલો ની મુલાકાત લઈ ફૂટ પેટ્રોલીંગ કરી ફલેગ માર્ચ યોજી લોકો ને ભાઈ ચાર થી તહેવારો ઉજવવા, શાંતિ જાળવવા અપીલ કરી હતી.

# જૂનાગઢ : પુજા ડિલકસ સોસાયટીમાં ગણપતિ ઉત્સવ

જૂનાગઢ તા.૧૩

શહેરના ખલીલપુર રોડ પર આવેલ પુજા ડિલકસ સોસાયટીના રહીશો દ્વારા ગણપતિ મહોત્સવનું આયોજન કરાયું છે. જેમાં ગણેશ ચતુર્થીથી ગણપતિદાદાની સ્થાપના કરી દરરોજ સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાય છે. જેમાં દરરોજ રાત્રે દાદાની મહાઆરતી, પુજન, સત્યનારાયણ ભગવાનની કથા સમુહ ભોજન વગેરે આયોજન કરવામાં આવે છે. ગણપતિ દાદાના વિજયાબેન જોષી, ગીરાબેન સુર્યકાન્ત જોષી સહિતનાઓએ દર્શન કર્યા હતા. જયારે



સત્યનારાયણની કથામાં યજમાનપદે બીએસએનએલના નિવૃત અધિકારી દિનેશભાઈ તેરૈયા અને મધુબેન તેરૈયા બેઠા હતા.

# ખંભાળિયાના ગ્રામ્ય રહેણાંક વિસ્તારમાં થયેલી ઘરફોડ ચોરીનો ભેદ ઉકેલાયો : એલસીબી પોલીસે કોલવાના શખ્સને દબોચી લીધો




(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૩

ખંભાળિયા તાલુકાના કોલવા ગામની સીમમાં રહેતા એક આસામીના મકાનમાં ભર બપોરે થયેલી સોના ચાંદીના દાગીના તેમજ રોકડ વિગેરે મળી કુલ રૂપિયા ૫.૧૦ લાખની ચોરી પ્રકરણમાં એલસીબી પોલીસે તાકીદની કાર્યવાહી કરી, અને આ પ્રકરણમાં ચોરી કરવાની ટેવ ધરાવતા કોલવા ગામના શખ્સ સામત ઉર્ફે કારો કરંગીયા આહીર શખ્સને દબોચી લીધો હતો. આ સમગ્ર બનાવવાની વિગત મુજબ ખંભાળિયા તાલુકાના કોલવા ગામે રહેતા અને ખેત વ્યવસાય સાથે સંકળાયેલા નગાભાઈ રણમલભાઈ નંદાણીયા નામના ૩૬ વર્ષના યુવાન તેમની પુત્રીને જામનગર ખાતે હોસ્ટેલમાં મૂકવા ગયા હતા, તે દરમિયાન તેમના ઘરમાં તા. ૩૧ ઓગસ્ટના રોજ સવારે ૧૦ વાગ્યાથી ૮ સપ્ટેમ્બરના સવારે ૯ વાગ્યા સુધીના સમયગાળા દરમિયાન કોઈ તસ્કરોએ અનધિકૃત રીતે પ્રવેશ કરી, અને સોનાના દાગીના તેમજ રોકડ રકમ મળી કુલ રૂ.૫.૧૦ લાખના મુદ્દામાલની ચોરી થયાની ધોરણસર ફરિયાદ ખંભાળિયા પોલીસ મથકમાં નોંધાવવામાં આવી હતી. આ સમગ્ર પ્રકરણ અંગે દેવભૂમિ દ્વારકા જિલ્લા પોલીસ વડા નિતેશ પાંડેયની સૂચનાથી સ્થાનિક ગુના શોધક શાખા દ્વારા પી.આઈ. કે.કે. ગોહિલના વડપણ હેઠળ વિવિધ દિશાઓમાં તપાસ આરંભવામાં આવી હતી. આ પ્રકરણમાં એલ.સી.બી. પી.આઈ. આકાશ બારસીયા, એસ.એસ. ચૌહાણ તેમજ પી.જે. ખાંટની ટીમ દ્વારા વર્કઆઉટ બાદ સ્ટાફ દ્વારા હાથ ધરવામાં આવેલા પેટ્રોલિંગ દરમિયાન એ.એસ.આઈ. અરજણભાઈ ચંદ્રવાડીયા, સજુભા જાડેજા, ખીમાભાઈ કરમુર તથા સહદેવસિંહ જાડેજાની ટીમને મળેલી ચોક્કસ બાતમીના આધારે એક યુવાન ખંભાળિયા તાલુકાના મોટી ખોખરી ગામ તરફથી ખંભાળિયા તરફ સોનાના દાગીના વેચવા આવી રહ્યો હોવાની માહિતી પરથી આ માર્ગ પરથી પસાર થતા જી.જે. ૧૦ એ.એલ. ૨૨૯૭ નંબરના હીરો પેશન મોટરસાયકલ પર જતા એક શખ્સને એલસીબી પોલીસે અટકાવ્યો હતો. આ શખ્સની પોલીસ દ્વારા આગવી ઢબે કરવામાં આવેલી પૂછપરછમાં કોલવા ગામના વાડી વિસ્તારમાં રહેતા સામત ઉર્ફે કારો ગોવિંદભાઈ કરંગીયા નામના ૨૪ વર્ષના આહિર શખ્સ દ્વારા થોડા દિવસો પૂર્વે કોલવા ગામના નગાભાઈ નંદાણીયાના રહેણાંક મકાનમાં તેણે ચોરી કરી હોવાની કબુલાત આપી હતી. આથી પોલીસે ઉપરોક્ત શખ્સ પાસેથી સોનાનું મંગલસૂત્ર, સોનાનો ચેન, સોનાની બુટ્ટી, પેન્ડલ તેમજ બે નંગ મોબાઈલ ફોન અને ચોરીના રૂ. ૧.૮૧ લાખ રોકડા ઉપરાંત રૂ. ૪૦ હજારની કિંમતનું મોટરસાયકલ મળી કુલ રૂ. ૫.૧૮ લાખનો મુદામાલ કબજે કરી, વિધિવત રીતે તેની અટકાયત કર્યા બાદ વધુ તપાસ અર્થે તેનો કબજો ખંભાળિયા પોલીસને સોંપવામાં આવ્યો છે. વધુમાં જાહેર થયેલી વિગત મુજબ બંધ મકાનમાં રેકી કરી અને બપોરના ભાગે ચોરી કરવાની મોડેસ ઓપરેન્ડી ધરાવતો આરોપી સામત ઉર્ફે કારો ગોવિંદ કરંગીયા અગાઉ નકલી પોલીસ બનીને રોફ જમાવતા, રૂપિયા પડાવતા પણ ઝડપાઈ ગયો હતો. આ સમગ્ર કાર્યવાહી એલ.સી.બી.ના પી.આઈ. કે.કે. ગોહિલના વડપણ હેઠળ પી.એસ.આઈ. એ.એલ. બારસીયા, પી.જે. ખાંટ, એસ.એસ. ચૌહાણ, એસ.વી. કાંબલીયા, અરજણભાઈ ચંદ્રવાડીયા, સજુભા જાડેજા, વિપુલભાઈ ડાંગર, અજીતભાઈ બારોટ, હરપાલસિંહ જાડેજા, અરજણભાઈ મારુ, ડાડુભાઈ જોગલ, ખીમાભાઈ કરમુર, સહદેવસિંહ જાડેજા, ગોવિંદભાઈ કરમુર, સચીનભાઈ, ક્રીપાલસિંહ, નરશીભાઈ, ધર્મેન્દ્રસિંહ, હસમુખભાઈ અને વિશ્વદિપસિંહ દ્વારા કરવામાં આવી હતી.


## નામ બદલાવેલ છે


આથી હું નીચે સહી કરનાર જણાવું છું કે, મારૂ જુનું નામ **હરીશકુમાર કાનાભાઈ પીઠીઆ** હતું. જે બદલીને હવેથી મેં મારૂ નવું નામ **હરીશભાઈ કાનાભાઈ પીઠીયા** રાખેલ છે. જેની લાગતા વળગતાઓએ નોંધ લેવી.

: સરનામું :

**હરીશભાઈ કાનાભાઈ પીઠીયા**

૨૯૫, આનંદ નગર, દિપાંજલી-૨, ટીંબાવાડી, જૂનાગઢ-૩૬૨૦૦૧

# મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલએ ગુજરાતમાં તેમના સુશાસનનાં ત્રણ વર્ષ પૂર્ણ કર્યા



ગાંધીનગર તા. ૧૩

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ગુજરાતમાં તેમના સુશાસનના ત્રણ વર્ષ પૂર્ણ કર્યા છે. ૧૩ સપ્ટેમ્બર, ૨૦૨૧ના રોજ તેમણે ગુજરાતના મુખ્યમંત્રી તરીકેનો કાર્યભાર સંભાળ્યો હતો. આ ત્રણ વર્ષોમાં મુખ્યમંત્રીશ્રીએ વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી દ્વારા શરૂ કરાયેલી ગુજરાતની વિકાસયાત્રાને સતત આગળ વધારી છે. તેમના મક્કમ નેતૃત્વ હેઠળ ગુજરાતે છેલ્લા ત્રણ વર્ષોમાં વિવિધ ક્ષેત્રે અનેક સિદ્ધિઓ હાંસલ કરી છે. તેમના નેતૃત્વ હેઠળ ગુજરાતમાં G૨૦ મીટિંગો તેમજ વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટનું ૧૦મું સંસ્કરણ, બંને સફળતાપૂર્વક સંપન્ન થયા છે. તેમના નેતૃત્વ હેઠળ આજે ગુજરાત દેશનું સેમિકન્ડક્ટર હબ અને રિન્યુએબલ હબ બનવાની દિશામાં આગળ વધી રહ્યું છે. છેલ્લા ત્રણ વર્ષ દરમિયાન મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ૧૧ જેટલી મહત્ત્વપૂર્ણ પોલિસી લોન્ચ કરી છે, જે ગુજરાતની પોલિસી ડ્રિવન સ્ટેટ તરીકેની છબીને વધુ મજબૂત બનાવે છે. ગુજરાતની જનતાની સેવાના ત્રણ વર્ષોમાં શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને તેમની 'ટીમ ગુજરાતે' દરેક ક્ષેત્રોમાં ઝડપી વિકાસને વેગ આપ્યો છે. વડાપ્રધાનશ્રીએ 'વિકસિત ભારત @૨૦૪૭' નું જે વિઝન આપ્યું છે, તેને 'વિકસિત ગુજરાતથી વિકસિત ભારત' ની નેમ સાથે સાકાર કરવા માટે મુખ્યમંત્રીશ્રીના નેતૃત્વ હેઠળની ગુજરાત સરકાર પ્રતિબદ્ધતાથી કાર્ય કરી રહી છે. મુખ્યમંત્રીશ્રીના ૩ વર્ષના કાર્યકાળ દરમિયાન જાહેર કરાયેલી મહત્ત્વપૂર્ણ યોજનાઓ, પહેલ, નીતિઓ અને ગુજરાતની સિદ્ધિઓ અંગે માહિતી મેળવીએ.

### ત્રણ વર્ષ દરમ્યાન ૧૧ મહત્વપૂર્ણ નવી નીતિઓ જાહેર કરી

૧.ગુજરાત આત્મનિર્ભર પોલિસી
૨.ગુજરાત બાયોટેક્નોલોજી પોલિસી
૩.નવી ગુજરાત ૈજ પોલિસી
૪.ગુજરાત સ્પોર્ટ્સ પોલિસી
૫.ડ્રોન પોલિસી
૬.ગુજરાત સેમિકંડક્ટર પોલિસી
૭.ગુજરાત રિન્યુએબલ એનર્જી પોલિસી
૮.સિનેમેટિક ટુરિઝમ પોલિસી
૯.સ્ટુડન્ટ સ્ટાર્ટ-અપ્સ એન્ડ ઈનોવેશન પોલિસી ૨.૦ (SSIP-૨.૦)
૧૦ગુજરાત ખરીદ નીતિ
૧૧.ગુજરાત ગ્રીન હાઈડ્રોજન પોલિસી ૨૦૨

### સુશાસનની સિદ્ધિઓ

ગુજરાતની જનતા માટે ગરવું ગુજરાત, ગુણવંતુ ગુજરાત, ગ્રીન ગુજરાત, ગ્લોબલ ગુજરાત, ગતિશીલ ગુજરાત એમ પ૫નો સમાવેશ કરતું સર્વગ્રાહી દિશાદર્શન કરનારૂ ૩.૩૨ લાખ કરોડનું બજેટ

● અર્નિંગ વેલ, લિવિંગ વેલ'' ના મંત્ર સાથે 'વિકસિત ગુજરાત @૨૦૪૭' નો રોડમેપ બનાવનાર દેશનું પ્રથમ રાજ્ય બન્યું ગુજરાત

● વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ ૨૦૨૪ના ૧૦મા સંસ્કરણનું સફળ આયોજન

● ઝીરો કેઝ્યુઅલ્ટી સાથે બિપરજોય વાવાઝોડાનો સામનો

● ગુજરાતમાં સફળતાપૂર્વક ૧૭મી ૮૨૦ બેઠકોનું આયોજન

● ૨૬૪૯ અમૃત સરોવરોનું નિર્માણકાર્ય પૂર્ણ, લક્ષ્યાંકના ૧૦૭%

● મુખ્યમંત્રી કાર્યાલયને ISO ૯૦૦૧:૨૦૧૫ સર્ટિફિકેશન પ્રાપ્ત

● મુખ્યમંત્રી કાર્યાલય દ્વારા અધિકૃત વોટ્સએપ ચેનલ કાર્યરત

● સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ્સ ઈન્ડેક્સમાં આરોગ્ય સુવિધા સુખાકારી ક્ષેત્રે ગુજરાત સતત બીજીવાર દેશમાં પ્રથમ

● ગરીબો, વંચિતો, આદિવાસીઓ અને શ્રમિકોનો વિકાસ

● રાજ્યના ૩.૮૨ કરોડ લોકોને પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજનામાં આવરી લેવાશે

● ૭૨ લાખથી વધુ દ્ભક્ષ્જીછ કાર્ડધારક પરિવારોને મફત અનાજ વિતરણ

● પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ ગુજરાતમાં ૧૪ લાખથી વધુ આવાસોનું નિર્માણકાર્ય

● ૧ લાખ કરોડની વનબંધુ કલ્યાણ યોજના ૨.૦ અમલમાં મૂકવામાં આવી

● આગામી ત્રણ વર્ષમાં ?૧૫૦૦ કરોડના ખર્ચે ૩ લાખ જેટલા શ્રમિક બસેરાનું નિર્માણ કરવાનું આયોજન

● ઈ-શ્રમ પોર્ટલ પર ૧.૧૭ કરોડથી વધુ અસંગઠિત શ્રમયોગીઓને આપવામાં આવ્યા સ્માર્ટ કાર્ડ

● શ્રમિક અન્નપૂર્ણા યોજના હેઠળ રાજ્યના ૧૯ જિલ્લાઓમાં ૨૯૦ ખાદ્ય વિતરણ કેન્દ્રો કાર્યરત

● શ્રમિક અન્નપૂર્ણા યોજના હેઠળ અત્યાર સુધીમાં ૨.૬૮ કરોડ લોકોને ભોજન વિતરણ

### Y- યુવા વિકાસ – સફળ યુવા, સમર્થ ગુજરાત

● ભારત સરકારના સ્ટાર્ટઅપ રેંકિંગ મુજબ ગુજરાત છેલ્લા ચાર વર્ષોથી સતત દેશમાં પ્રથમ ક્રમે

● 'કૌશલ્ય સાથે શિક્ષણ'ના હેતુ સાથે 'કૌશલ્યા - ધ સ્કિલ યુનિવર્સિટી (KSU)'ની સ્થાપના - ડ્રોન એપ્લિકેશનમાં ૯ અદ્યતન કોર્સની શરૂઆત

● મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ પ્રેરિત સરદાર પટેલ ''ગુડ ગવર્નન્સ સીએમ ફેલોશીપ'' કાર્યક્રમ હેઠળ ૧૮ સી.એમ. ફેલોની પસંદગી

● સ્પોર્ટ્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને પ્રોત્સાહન, ૨૨ જિલ્લાઓમાં ૨૪ જિલ્લા રમત સંકુલ કાર્યરત

● ખેલ મહાકુંભ ૨.૦માં ૫૩.૬૬ લાખથી વધુ લોકોએ ભાગ લીધો

● રાજ્યના ૨૧ જિલ્લાઓના ૫૦ તાલુકાઓમાં સરકારી પુસ્તકાલયોની શરૂઆત.

### છ- અન્નદાતાનું માન, અન્નદાતાનું ધ્યાન

● પ્રધાનમંત્રી કિસાન સમ્માન નિધિ યોજનામાં ૫૮.૮ લાખ ખેડૂત કુટુંબોના ખાતામાં જમા થયા ૧૧,૦૫૮.૬ કરોડ

● ડાંગ બન્યો સૌપ્રથમ ૧૦૦% પ્રાકૃતિક ખેતી કરતો જિલ્લો

● રાજ્યના ૫૩ લાખથી વધુ ખેડૂતોએ પ્રાકૃતિક ખેતીની તાલીમ મેળવી

● ૯.૮૫ લાખ ખેડૂતો ૮.૪૫ લાખ એકરથી વધુ જમીન પર સક્રિય રીતે પ્રાકૃતિક ખેતી કરી રહ્યા છે

● નેનો યુરિયાનો વધ્યો વ્યાપ, ૫૬.૬૫ લાખ જેટલી નેનો યુરિયાની (૫૦૦ મીલિ) બોટલોનો થયો વપરાશ

● કૃષિ ક્ષેત્રે ઉદ્યોગસાહસિકતાને પ્રોત્સાહન આપવા અને કૃષિક્ષેત્રને લગતી માહિતી સેન્ટ્રલ પોર્ટલ પર ઉપલબ્ધ કરાવવા ઈન્ડેક્સ-છ ની સ્થાપના

● રાજ્યના ૨૪૬ તાલુકાઓમાં રવી કૃષિ મહોત્સવ ૨૦૨૩ નું સફળ આયોજન, જેમાં ૨.૧૦ લાખથી વધુ ખેડૂતોએ કૃષિ યુનિવર્સિટીના કૃષિ વૈજ્ઞાનિકો/નિષ્ણાતો પાસેથી મેળવ્યું ટેક્નિકલ માર્ગદર્શન

● તુવેર ૭,૦૦૦ પ્રતિ ક્વિન્ટલ, ચણા ?૫૪૪૦ પ્રતિ ક્વિન્ટલ અને રાયડાની ?૫૬૫૦ પ્રતિ ક્વિન્ટલની ટેકાના ભાવે ખરીદી

● વર્ષ ૨૦૨૧-૨૨ દરમિયાન ચણાનું ઉત્પાદન વધતાં રાજ્ય સરકારના ખર્ચે વધારાના ૨૨ હજાર મેટ્રિક ટન જેટલા ચણાની ૧૧૫ કરોડથી વધુના ખર્ચે ખરીદી

● ઈ-સેવાઓની સુલભતા માટે સામાન્ય સેવા કેન્દ્રો (CSCs) તરીકે PACS એટલે કે પ્રાથમિક કૃષિ ધિરાણ સંસ્થાઓનો વિકાસ કરવા માટે GOIની પહેલ અન્વયે ૩૨૩૩ PACS ઓનબોર્ડ -૧૮૧૨ PACS કાર્યરત

● વિવિધ કૃષિ રાહત પેકેજ દ્વારા ૧૨.૭૮ લાખ અસરગ્રસ્ત ખેડૂતોને ૧૯૨૫.૮૯ કરોડની સહાય

● જૂલાઈ-૨૦૨૪માં અતિવૃષ્ટિથી અસરગ્રસ્ત વિસ્તારના ખેડૂતો માટે ૩૫૦ કરોડનું કૃષિ રાહત-સહાય પેકેજ

● ત્રણ વર્ષમાં પશુપાલન ક્ષેત્ર માટેના બજેટમાં ૧૩૨%નો વધારો

● "મુખ્યમંત્રી ગૌ-માતા પોષણ યોજના'' અન્વયે ૬૦૯ કરોડની સહાય

● ''લમ્પી'' રોગચાળા દરમિયાન ૬૩ લાખ પશુઓમાં રસીકરણ કરવામાં આવ્યું

● મિલેટ વર્ષનો લાભ રાજ્યના ૮૦ લાખ જેટલા લોકો અને ખેડૂતોને થયો

● લગભગ ૧૫ લાખ ખેડૂતોએ માઈક્રો ઈરિગેશન પદ્ધતિ અપનાવી, ૨૩.૪ લાખ હેક્ટર વિસ્તારને આવરી લીધો છે

● છેલ્લા ૩ વર્ષોમાં ખેડૂતોને રૂા.૨૪,૬૬૦ કરોડની પાવર સબસીડી આપવામાં આવી

● કિસાન સૂર્યોદય યોજના હેઠળ રાજ્યના ૧૩,૭૩૦ એટલે કે ૭૬% ગામડાઓમાં ખેડૂતોને દિવસે વીજળી, ખેડૂતોની જીવન ગુણવત્તામાં સુધારો

### N- નારી સશક્તિકરણ (સશક્ત નારી, સશક્ત પરિવાર)

● નારી સશક્તિકરણ માટે નારી ગૌરવ નીતિ-૨૦૨૪

● વર્ષ ૨૦૨૩માં સૌપ્રથમવાર જેન્ડર બજેટ ૧ લાખ કરોડને પાર, ૨૦૦થી વધુ યોજનાઓ માત્ર મહિલાલક્ષી.

● ૨૦૨૪-૨૫માં જેન્ડર બજેટમાં મહિલા સશક્તિકરણની કુલ ૮૦૪ યોજનાઓ આવરી લેવાઈ

● મુખ્યમંત્રી માતૃશક્તિ યોજના હેઠળ ૫ લાખથી વધુ સગર્ભા અને ધાત્રી માતાઓને લાભ

● પોષણ સુધા યોજનાનો વ્યાપ વધાર્યો, ગુજરાતના તમામ ૧૪ આદિજાતિ જિલ્લાઓમાં અમલી

● 'નમો ડ્રોન દીદી યોજના' હેઠળ ગુજરાતમાં મહિલાઓને ખેતીમાં નવી ટેક્નોલોજીનો ઉપયોગ કરીને ડ્રોન દ્વારા ખાતર અને જંતુનાશકોનો છંટકાવ કરવાની તાલીમ.

### સ્વસ્થ ગુજરાત, સમૃદ્ધ ગુજરાત

● રાજ્યના ૨.૬ કરોડથી વધુ લોકોને આયુષ્માન કાર્ડ

● પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના - મુખ્યમંત્રી અમૃતમ (PMJAY-MA) હેઠળ ગુજરાતના નાગરિકોને મળતી રૂા.૫ લાખની સહાય વધારીને ?૧૦ લાખ

● વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના હસ્તે રાજકોટ AIIMSનું ઉદ્ઘાટન

● છેલ્લા ૩ વર્ષોમાં રાજ્યમાં ૯ નવી મેડિકલ કોલેજો કાર્યરત, કુલ ૧૧૦૦ મેડિકલ સીટ્સ ઉપલબ્ધ

● રાજ્યની વિશિષ્ટ પહેલ અંતર્ગત, ૧.૧૫ કરોડ વિદ્યાર્થીઓની આરોગ્ય તપાસ બાદ ડિજિટલ હેલ્થ કાર્ડ ઉપલબ્ધ કરાવનાર ગુજરાત એક માત્ર રાજ્ય

● ટીબીના દર્દીઓને પોષણયુક્ત આહાર માટે ૩ લાખ પોષણકિટનુ વિતરણ, આ કામગીરીમાં ગુજરાત દેશમાં પ્રથમ

● પ્રધાનમંત્રી ટીબી મુક્ત ભારત અભિયાન અંતર્ગત ૧૦,૦૨૯ નિક્ષયમિત્રનું નિક્ષય પોર્ટલમાં રજિસ્ટ્રેશન

● નમો શ્રી યોજનામાં ગર્ભવતી મહિલાઓને ?૧૨ હજારની આર્થિક સહાય આપવાની યોજના જાહેર

● ૧૦૮ એમ્બ્યુલન્સ સર્વિસ અંતર્ગત ૧૫૦ નવી એમ્બ્યુલન્સનો વધારો, કુલ સંખ્યા ૮૦૦ થઈ

● રાજ્યમાં કુલ ૩૫ ડે કેર કીમોથેરાપી સેન્ટર્સ શરૂ કરવામાં આવ્યા. જેમાં ૬૩ હજારથી વધુ દર્દીઓના ૧,૬૯,૦૬૬ કીમોથેરાપી સેશન્સ થયા

● ફ્રી ડાયગ્નોસ્ટિક સર્વિસ ઈનીશિએટિવ (હ્ઢજૈ) અંતર્ગત પેટા જિલ્લા હોસ્પિટલો ખાતે લેબોરેટરી ટેસ્ટની સંખ્યા ૩૩ થી ૧૧૧, જિલ્લા હોસ્પિટલ ખાતે લેબોરેટરી ટેસ્ટની સંખ્યા ૬૮થી ૧૩૪ કરવામાં આવી

● પ્રધાનમંત્રી નેશનલ ડાયાલિસિસ પ્રોગ્રામ (સ્દ્ગઢ) અંતર્ગત ગુજરાતમાં નવા ૧૮૮ ડાયાલિસિસ કેન્દ્રો શરૂ

● રાષ્ટ્રીય નેત્રદાન ઝુંબેશ હેઠળ ગુજરાતમાં ૧૪ લાખ સફળ મોતિયાના ઓપરેશન કરાયા

### શિક્ષિત ગુજરાત, સંપન્ન ગુજરાત

● શિક્ષણ વ્યવસ્થાની રિયલ ટાઈમ જાણકારી મેળવવા વિદ્યા સમીક્ષા કેન્દ્રનો પ્રારંભ

● મિશન સ્કૂલ્સ ઓફ એકસેલન્સ અંતર્ગત રૂા.૮૭૪.૬૮ કરોડના ખર્ચે ૯૭,૧૮૭ સ્માર્ટ ક્લાસરૂમ્સ તથા ૧,૪૩૨.૪૦ કરોડના ખર્ચે ૨૧,૦૩૭ કોમ્પ્યુટર લેબ્સ

● 'નમો લક્ષ્મી' યોજના હેઠળ ધોરણ ૯ થી ૧૨ દરમિયાન ચાર વર્ષોમાં વિદ્યાર્થિનીઓને ?૫૦ હજારની સહાય

● ધોરણ ૧૧ અને ૧૨માં વિજ્ઞાન પ્રવાહમાં એડમિશન લેનાર વિદ્યાર્થીઓ માટે 'નમો સરસ્વતી વિજ્ઞાન સાધના યોજના' હેઠળ ?૨૫ હજારની સહાય.

### નાગરિકો માટે ઉત્તમ પરિવહન સેવા

● ૯૪.૬૫ કરોડના ખર્ચે ૩૨ નવીન બસ સ્ટેશનો

● ૩ સ્થળોએ પીપીપી ધોરણે એરપોર્ટ જેવી સુવિધા ધરાવતા બસપોર્ટ પ્રજાની સેવામાં લોકાર્પિત

● ગુજરાત એસટી નિગમ દ્વારા ૩૦૦ લકઝરી, ૨૦૦ સેમી લક્ઝરી કોચ, ૪૦૦ સ્લીપર કોચ, ૧૬૮૨ સુપર એક્સપ્રેસ (૪૦૦-ઈન હાઉસ ૧૨૮૨ રેડી બિલ્ટ), ૪૦૦ મીની બસ અને ૫ ડબલ ડેકર ઈલેક્ટ્રિક બસ મળીને કુલ ૨૯૮૭ નવીન બસો લોકાર્પિત

● ઘેર બેઠા ટિકિટ મેળવવા ઇ-ટિકિટની અને મોબાઈલ એપ્લિકેશનથી ટિકિટની સુવિધાઓ

● એસટી બસોમાં ૩૦૦૦ મશીનો દ્વારા યુપીઆઈ ઓનલાઈન પેમેન્ટની શરૂઆત

### ઔદ્યોગિક ક્ષેત્રે ગતિશીલ ગુજરાત

● વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ ૨૦૨૪નું ૧૦મું સંસ્કરણ સફળતાપૂર્વક સંપન્ન

● વાઈબ્રન્ટ ગુજરાતના ૧૦માં સંસ્કરણમાં ૧૪૦થી વધુ દેશોમાંથી ૬૧,૦૦૦ થી વધુ પ્રતિનિધિઓએ ભાગ લીધો.

● વાઈબ્રન્ટ સમિટના ભાગ રૂપે ૧૫૦ જેટલા સેમિનાર અને કાર્યક્રમોનું આયોજન

● વાઈબ્રન્ટ ગુજરાતના ૧૦માં સંસ્કરણમાં ૨,૮૬૨ ׃૨׃ મીટિંગ્સ અને ૧,૩૬૮ B2G મીટિંગ્સ યોજાઈ.

● ઉદ્યોગોને આત્મનિર્ભરતા માટે સહાયની ''ધ આત્મનિર્ભર ગુજરાત સ્કીમ્સ ફોર આસીસ્ટન્સ ટુ ઈન્ડસ્ટ્રીઝ'' જાહેર

● ગુજરાત દેશનું એકમાત્ર રાજ્ય, જ્યાં ૪ સેમિકન્ડક્ટર પ્લાન્ટ કાર્યરત થશે

● સાણંદમાં ?૨૨,૫૦૦ કરોડના ખર્ચે માઈક્રોન કંપની દ્વારા સેમિકન્ડક્ટર પ્લાન્ટનું કામ પૂરજોશમાં

● સી.જી.પાવર, રેનેસાસ ઈલેક્ટ્રોનિક્સ કોર્પોરેશન અને સ્ટાર્સ માઈક્રો ઈલેક્ટ્રોનિક્સના સંયુક્ત ઉપક્રમે ૭૬૦૦ કરોડના રોકાણથી પ્લાન્ટ શરૂ થશે

● ધોલેરામાં ટાટા ઈલેક્ટ્રોનિક્સ પ્રાઈવેટ લિમિટેડ અને પાવરચીપ સેમિકન્ડક્ટર મેન્યુફેક્ચરિંગ કોર્પોરેશન સાથે મળીને ?૯૧,૦૦૦ કરોડના રોકાણ સાથે સેમિકન્ડક્ટર ફેબ્રિકેશન યુનિટ સ્થાપશે

● કેયન્સ સેમિકોનનો પ્લાન્ટ સાણંદમાં ?૩૩૦૦ કરોડના રોકાણ સાથે ૬૦ લાખ ચિપ્સ પ્રતિદિન ઉત્પાદન કરશે

● આત્મનિર્ભર ગુજરાત અંતર્ગત, સ્પર્ધાત્મક બજારમાં ગુણવત્તાયુક્ત ઉત્પાદનો પ્રદાન કરવા માટે સ્જીસ્ઈજ માટે 'આસિસ્ટન્સ ફોર ક્વૉલિટી સર્ટિફિકેશન' સુવિધાઓ પ્રદાન કરવામાં આવી રહી છે

● ગુજરાત ૩૮,૦૦૦થી વધુ ઢઈહ્વ પ્રમાણિત સ્જીસ્ઈજ સાથે આ કેટેગરીમાં ટોપ પર્ફોર્મર

● મહાત્મા મંદિર, ગાંધીનગર ખાતે સેમિકોન ઈન્ડિયા સમિટ ૨૦૨૩નું સફળતાપૂર્વક આયોજન

● ભારત સરકારના ૐ અનુસાર, નાણાકીય વર્ષ ૨૦૨૪માં ગુજરાતને ઈ૭.૩ બિલિયન હ્વૐ પ્રાપ્ત. ગુજરાતે ગત વર્ષની સરખામણીએ ઈ૨.૬ બિલિયન વધુ હ્વૐ પ્રાપ્ત કર્યું

● નવસારીના વાંસી-બોરસી ખાતે અદ્યતન સુવિધા સાથે પીએમ-મિત્ર પાર્કનું નિર્માણ થશે.

### વિશ્વ કક્ષાનું ઇન્ફ્રાસ્ટ્રક્ચર

● સાબરમતી નદી પર અટલ ફૂટઓવર બ્રિજનું નિર્માણ

● રાજકોટ ખાતે હીરાસર ગ્રીનફિલ્ડ એરપોર્ટનું નિર્માણ

● ઓખા અને બેટ-દ્વારકાને જોડતા નવનિર્મિત સુદર્શન સેતુનું લોકાર્પણ

● અંદાજિત ૩૯૪ કરોડના ખર્ચે એરફોર્સ સ્ટેશન ડીસાના રનવેનું લોકાર્પણ

● સુરતમાં વિશ્વના સૌથી મોટા કોર્પોરેટ ઓફિસ હબ ડાયમંડ બુર્સનું લોકાર્પણ

● સુરત ખાતે ગુજરાતનું ત્રીજું આંતરરાષ્ટ્રીય એરપોર્ટ કાર્યરત

● દ્વારકા ખાતે નવા એરપોર્ટના નિર્માણ અને કેશોદ એરપોર્ટના વિસ્તરણનો નિર્ણય

● અમદાવાદ, સુરત, ગાંધીનગર અને વડોદરામાં ૩૦ સ્કાયસ્ક્રેપર બિલ્ડિંગોને મંજૂરી મળી

### અર્નિંગ વેલ, લિવિંગ વેલ (શહેરી વિકાસ અને ગ્રામ્ય વિકાસ)

● અમદાવાદ મેટ્રો ફેઝ-૧નું સપ્ટેમ્બર ૨૦૨૨માં વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી દ્વારા લોકાર્પણ

● અમદાવાદ મેટ્રો ફેઝ-૨નું ટુંક સમયમાં થશે લોકાર્પણ, સુરત મેટ્રો પ્રોજેક્ટની કામગીરી પ્રગતિ હેઠળ

● સ્માર્ટ સિટી મિશન હેઠળ રૂપિયા ?૩૪૦૦ કરોડના ૧૫૯ પ્રોજેક્ટ પૂર્ણ

● ગુજરાતના ૨૦ જિલ્લાના ૫૧ ગામો સ્માર્ટ વિલેજ જાહેર

● સ્માર્ટ વિલેજોમાં ભારતનેટ ફેઝ-૨ હેઠળ ?૨૦૪૨ કરોડના ખર્ચે ગુજરાત ફાઈબર ગ્રીડ નેટવર્ક લિમિટેડનું લોકાર્પણ

● રાજ્યની ૯ નગરપાલિકાઓને મહાનગરપાલિકાનો દરજ્જો

● વિવિધ મહાનગરપાલિકાઓમાં અમૃત યોજના ૧ હેઠળ ૩૩૫૦ કરોડના ૧૯૮ પ્રોજેક્ટ પૂર્ણ

● અમૃત ૨.૦ હેઠળ વિકાસકાર્યો માટે ૧૭ હજાર કરોડની ફાળવણી

● નાગરિકોના ''ઈઝ ઓફ લિવિંગ'' માટે ''મુખ્યમંત્રી સ્વર્ણિમ જયંતિ શહેરી યોજના'' વધુ ત્રણ વર્ષ માટે લંબાવાઈ

● ૧૧૬ કરોડના ખર્ચે ૮૮ સિવિક સેન્ટરો શરૂ કરવાનું આયોજન

● રાજ્યના કુલ ૧૦૫૭ તીર્થગામ અને કુલ ૪૪૫ પાવન ગામો મળીને કુલ ૧૫૦૨ ગામોને પુરસ્કાર અનુદાન

● ગ્રામ પંચાયતોનું વિભાજન કરીને ૩૮૪ નવી ગ્રામ પંચાયતોનું નિર્માણ

● ''દ્વારકા-ઓખા શહેરી વિકાસ સત્તામંડળ''ની રચના

### પ્રવાસન અને યાત્રાધામોનો વિકાસ

● રાજ્યમાં પહેલી વખત ગિફ્ટ સિટી ખાતે ''ફિલ્મ ફેર એવોર્ડ''નું આયોજન

● યુનાઈટેડ નેશન્સની એજન્સી વર્લ્ડ ટુરિઝમ ઓર્ગેનાઈઝેશન દ્વારા કચ્છનું ધોરડો ગામ ''બેસ્ટ ટુરીઝમ વિલેજ'' જાહેર

● ભારતમાં સૌપ્રથમ ''સમુદ્ર સીમા દર્શન''નો કચ્છમાં કોટેશ્વર નજીક લક્કી નાલા વિસ્તારમાં પ્રારંભ

● UNESCO™k Prix Versailles એવોર્ડ અંતર્ગત ભુજનું સ્મૃતિવન ભૂકંપ મેમોરિયલ અને મ્યુઝિયમ વિશ્વના ૭ સૌથી સુંદર મ્યુઝિયમ્સની યાદીમાં સામેલ

● યુનેસ્કો દ્વારા ગુજરાતના ગરબા ''અમૂર્ત સાંસ્કૃતિક ધરોહર'' તરીકે જાહેર કરવામાં આવ્યાં

● ભગવાન શ્રીકૃષ્ણની નગરી 'બેટ દ્વારકા'ની વિશ્વસ્તરીય કાયાપલટ કરવાનો નિર્ણય

● ડોલ્ફિન માટે જાણીતો એકમાત્ર બેટ દ્વારકાનો 'નોર્થ-પદમ બીચ' પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બનશે

● પાવાગઢ ખાતે મહાકાળી માતાના નવનિર્મિત મંદિર પર ૫૦૦ વર્ષ બાદ શિખર પર ધ્વજારોહણ

● મુખ્ય યાત્રાધામોની ફરતે નાના યાત્રાધામોનો ?૮૫૭.૧૪ કરોડના ખર્ચે થઈ રહ્યો છે વિકાસ

● ૭૬.૫૧ કરોડના ખર્ચે ફેઝ-૧ હેઠળ બહુચરાજી માતાજી મંદિરનું પુનઃનિર્માણ, મંદિરના શિખરની ઊંચાઈ ૮૬ ફૂટ ૧ ઈંચ સુધી વધારવામાં આવશે

● ભારત સરકાર દ્વારા 'એક ભારત શ્રેષ્ઠ ભારત' અંતર્ગત સોમનાથ ખાતે સૌરાષ્ટ્ર-તમિલ સંગમ કાર્યક્રમનું આયોજન

● ૧૨૦૦ કરોડના ખર્ચે સાબરમતી ગાંધી આશ્રમનો થશે પુનઃવિકાસ

### શાંત અને સુરક્ષિત ગુજરાત

● ગુજરાત પોલીસે એક વર્ષમાં ?૫૬૪૦ કરોડનું ડ્રગ્સ પકડ્યું: ૪૩૧ આરોપીઓ સામે ૩૧૭ ગુના દાખલ

● ગુજરાત પોલીસની ટીમે માત્ર ૨૦ દિવસમાં ૨.૫૮ લાખથી વધુ બેંક ખાતાઓ અનફ્રીઝ કર્યા

● ભ્રષ્ટ અને ગુનાહિત પ્રવૃત્તિઓ દ્વારા મેળવેલી સંપત્તિઓને જપ્ત કરવા માટે ગુજરાત સ્પેશિયલ કોર્ટ્સ એક્ટ, ૨૦૨૪ અમલી

● પોક્સો હેઠળના ગુન્હાઓમાં ૧૦ દિવસમાં કાર્યવાહી કરીને ૨૧ દિવસમાં ફાંસીની સજા

● જિલ્લાના ૬૫૦ પોલીસ સ્ટેશનો પૈકી ૨૪૦ પોલીસ સ્ટેશનોને પી.આઈ. કક્ષાના પોલીસ સ્ટેશનમાં અપગ્રેડ કરવાનો નિર્ણય

● ગુજરાત માનવબલિ અને બીજી અમાનુષી, અનિષ્ટ તેમજ અઘોરી પ્રથા, કાળા જાદુ અટકાવવા નિર્મૂલન વિધેયક સર્વાનુમતે પસાર.

● જાહેર ભરતી તથા બોર્ડની પરીક્ષામાં થતી ગેરરીતિ પર નિયંત્રણ લાવવા માટે કડક કાયદો બનાવાયો

### જળસમૃદ્ધ ગુજરાત

● વલસાડ જિલ્લામાં એન્જિયરિંગની દ્રષ્ટિએ ચમત્કારિક એસ્ટોલ પ્રોજેક્ટનું લોકાર્પણ

● સુજલામ્ સુફલામ્ જળ અભિયાનના સાતમા તબક્કામાં જળસંગ્રહ ક્ષમતામાં ૧૧,૫૨૩ લાખ ઘનફૂટનો વધારો

● રાજ્યમાં કેચ ધ રેઈનના કોન્સેપ્ટ સાથે જળસંચય જન ભાગીદારી અભિયાનની શરૂઆત

● 'નલ સે જલ' યોજના હેઠળ છેલ્લા ૩ વર્ષમાં ગુજરાતના ગ્રામ્ય વિસ્તારોમાં ૧૪ લાખ નળ જોડાણ

● સૌરાષ્ટ્ર અને કચ્છમાં ભવિષ્યની પાણીની જરૂરિયાત માટે ૧૩૦૦ કરોડના બલ્ક પાઈપલાઈનના કામો પૂર્ણ

● નળકાંઠાના વિસ્તારમાં ૩૯ ગામોને સિંચાઈની સુવિધા માટે ૪૦૦ કરોડથી વધુના કામોનો પ્રારંભ

● રાજકોટ જિલ્લાના વિંછીયા ખાતે ?૧૮૧ કરોડના ખર્ચે સૌની યોજના લિંક-૪નું ખાતમુહૂર્ત

● સુરેન્દ્રનગર જિલ્લામાં સિંચાઈથી વંચિત ૪૫ ગામોને નર્મદાનું પાણી આપવા ?૪૧૭ કરોડની યોજનાને મંજૂરી

● દાહોદના ઐતિહાસિક છાબ તળાવનો ?૧૧૭ કરોડના ખર્ચે કાયાકલ્પ

### અન્ય સિદ્ધિઓ

● કેન્દ્રના નીતિ આયોગની પેટર્ન પર ગુજરાત રાજ્ય ઈન્સ્ટિટ્યૂશન ફોર ટ્રાન્સફોર્મેશન (GRIT) ની સ્થાપના

● વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી પ્રેરિત 'એક પેડ મા કે નામ' અભિયાન કાર્યક્રમ હેઠળ ગુજરાત સમગ્ર દેશમાં બીજા ક્રમે

● ગુજરાતમાં ભક્ત કવિ નરસિંહ મહેતા આંતરરાષ્ટ્રીય સંશોધન કેન્દ્રની સ્થાપના કરવાનો નિર્ણય

● ગરવી ગુર્જરી દ્વારા રાજ્યના ૫૦ વર્ષના ઈતિહાસમાં હસ્તકલા અને હેન્ડલૂમ ઉત્પાદનોનું ૨૫ કરોડથી વધુનું વિક્રમી વેચાણ

● 'ઓપરેશન ગંગા' હેઠળ યુક્રેનમાં સર્જાયેલી ભયંકર યુદ્ધની પરિસ્થિતિમાંથી ૧૩૮૬ ગુજરાતી વિદ્યાર્થીઓને ગુજરાત પરત લાવવામાં આવ્યા

● બાંગ્લાદેશમાં હિંસાના માહોલની વચ્ચે ગુજરાતના ૧૪ વિદ્યાર્થીઓને સહીસલામત ગુજરાત પરત લાવવામાં આવ્યા

● 'ઓપરેશન કાવેરી' હેઠળ સુદાનમાં ફસાયેલા ૫૬૯ બિન-નિવાસી ગુજરાતીઓને પરત લાવવામાં આવ્યા

● 'ઓપરેશન અજય' હેઠળ ઈઝરાયેલમાં ફસાયેલા ૩૦ બિન-નિવાસી ગુજરાતીઓને પરત લાવવામાં આવ્યા

### ઊર્જાવાન ગુજરાત

● ઉકાઈ, કડાણા, પાનમ અને સરદાર સરોવર ડેમમાંથી ઑગસ્ટ ૨૦૨૪માં ૧૦૬૭.૩ મિલિયન યુનિટ વીજ ઉત્પાદન

● ગુજરાતમાં વિવિધ સરકારી વિભાગોની ઈમારતો પર ૫૬.૮ મેગાવોટ ક્ષમતાની ૩૦૨૩ સોલાર રૂફટોપ સિસ્ટમ સ્થાપિત

● મોઢેરા ગામને સોલાર વિલેજ જાહેર કર્યાના દોઢ વર્ષમાં જ મોઢેરા દ્વારા ૩૧.૫ મિલિયન યુનિટ ગ્રીન એનર્જીનું ઉત્પાદન, કાર્બન ઉત્સર્જનમાં ૨૮,૬૬૪ ટનનો ઘટાડો

● પીએમ સૂર્યઘર મુફ્ત બીજલી યોજના અંતર્ગત માત્ર ૭ મહિનામાં ૧,૫૯,૩૩૮ લાભાર્થીઓને લાભ

● ૧ હજારથી વધુ સી.એન.જી. સ્ટેશનો સાથે ગુજરાત દેશમાં ટોચના ક્રમે

● દેશના કુલ સી.એન.જી. સ્ટેશનોમાંથી ૧૪ ટકા ગુજરાતમાં

● જામનગરના કાલાવડ ખાતે ?૫૧.૮૭ કરોડના ખર્ચે ૧૨.૫ મેગાવોટના સોલર પીવી પ્રોજેક્ટનું લોકાર્પણ

● વિશ્વના સૌથી મોટા ૩૭ ગીગાવોટના હાઈબ્રિડ રીન્યૂએબલ પાર્કનું નિર્માણકાર્ય પ્રગતિ હેઠળ

● માત્ર ૭ મહિનામાં ગુજરાતના ઘરોમાં ૧.૭૫ લાખથી વધુ ઘરોમાં પીએનજી કનેક્શન્સ

● ભાવનગરમાં વિશ્વના પ્રથમ ઝદ્ગય ટર્મિનલ, બ્રાઉન ફિલ્ડ પોર્ટનો થયો શિલાન્યાસ

### ગુજરાતને મળ્યા એવોર્ડ્સ
### મારૂં ગુજરાત, શ્રેષ્ઠ ગુજરાત

● 'એમ્પ્લોયમેન્ટ એક્ષચેન્જ સ્ટેટસ્ટિક્સ–૨૦૨૩' અનુસાર યુવાનોને રોજગારી આપવામાં ગુજરાત દેશમાં પ્રથમ

● GeM પોર્ટલ મારફતે પારદર્શક ખરીદી અંગેની ઉત્કૃષ્ટ કામગીરી બદલ ગુજરાતને સાત એવૉર્ડ

● એક્સપોર્ટ પ્રિપેર્ડનેસ ઈન્ડેક્સ (ઈં) ૨૦૨૨ના ચાર મુખ્ય પિલર્સમાં એક્સપોર્ટ પર્ફોર્મન્સ પિલરમાં ગુજરાત પ્રથમ

● RBI બુલેટિન અનુસાર બેંકો અને નાણાકીય સંસ્થાઓ દ્વારા ગુજરાતમાં સૌથી વધુ ૮૨ પ્રોજેક્ટ્સને ફંડ પૂરું પાડવામાં આવ્યું

● ગુજરાત સરકારની 'ગરવી-ગુર્જરી' બની ભારત સરકારની ટ્રેડમાર્ક બ્રાન્ડ

● ઈન્ડિયા એનિમલ હેલ્થ સમિટ-૨૦૨૨'' માં ગુજરાતને પશુપાલન સંબંધિત માળખાકીય સુવિધાઓમાં શ્રેષ્ઠ રાજ્યનો એવોર્ડ

● વિદ્યા સમીક્ષા કેન્દ્રને ''જાહેર વહીવટમાં શ્રેષ્ઠતા માટે પ્રધાનમંત્રી પુરસ્કાર''

● PMJAY-MA યોજના હેઠળ સૌથી વધુ આયુષ્માન કાર્ડ બનાવવા માટે ભારત સરકાર તરફથી ગુજરાતને 'આયુષ્માન ઉત્કૃષ્ટતા પુરસ્કાર ૨૦૨૨'

● ૮ જાન્યુઆરીના રોજ IKF-૨૦૨૩ રિવરફ્રન્ટ અમદાવાદ ખાતે એક સાથે સૌથી વધુ દેશના નાગરિકો દ્વારા પતંગ ઉડાવવા માટે ગિનિસ વર્લ્ડ રેકોર્ડ

● ૭૫માં પ્રજાસત્તાક દિવસની પરેડમાં ગુજરાતનો ટેબ્લો સતત બીજા વર્ષે પીપલ્સ ચોઈસ એવોર્ડમાં પ્રથમ ક્રમે.

સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

## તંત્રી લેખ

### કાયદા બદલવાથી દુષ્કર્મ નહીં અટકે

બંગાળમાં થોડા વખત પહેલાં જે રીતે એક યુવા ડોક્ટરની તેના જ કાર્યસ્થળ એટલે કે હોસ્પિટલમાં દુષ્કર્મ બાદ હત્યા કરી દેવામાં આવી, તેનાથી આખા દેશના ડોક્ટરોમાં આક્રોશ પેદા થયો છે. મીડિયામાં આવેલ સમાચારો અનુસાર એ પણ કેટલા આશ્ચર્યની વાત છે કે ત્યાંના પ્રશાસને આ ઘટના પર ઢાંકપિછોડો કરવાનો પ્રયત્ન કર્યો. ડોક્ટરો આંદોલિત થયા તો ત્યાંના કેટલાય નેતા અને ઘણા બુદ્ધિજીવી કહેવા લાગ્યા કે દેશભરમાં આવું તો થતું હોય છે, એના પર કેમ નથી બોલતા? એટલે કે જે લોકો હવે બોલી રહ્યા છે તે ગુનો કરી રહ્યા છે! તારે ત્યાં દુષ્કર્મ થાય તો હું ગળું ફાડીને બોલું અને મારે ત્યાં થાય તો ચૂપ થઈ જઉં, બચવાની કોશિશ કરું. આ પ્રવૃત્તિ બેહદ શરમજનક અને ઘાતક છે. દુષ્કર્મ જેવા અપરાધ જ્યાં પણ થાય, તે નિંદા અને સજાને લાયક જ હોય છે. એ વાત વધુ ખરાબ છે કે એક મહિલા મુખ્યમંત્રી મમતા બેનર્જીએ એ પીડિત યુવતીનો પક્ષ લેવાને બદલે સતત બચવાની કોશિશ કરી. મમતા બેનર્જીએ ઘણા દિવસો પછી કહ્યું કે હા, અમારાથી ભૂલ થઈ ગઈ. જો આ મુદ્દા પર આંદોલન ન થયું હોત, મીડિયાનો સાથ ન મળ્યો હોત તો શું થાત? એને તો આત્મહત્યા ગણાવીને રફે-દફે કરી દેવાયો જ હતો.

યાદ હશે કે દિલ્હીમાં નિર્ભયા મામલે શીલા દીક્ષિતની એ વાત પર ટીકા કરવામાં આવી હતી કે એક મહિલા મુખ્યમંત્રી રહેતાં આવું કેવી રીતે થઈ ગયું. ત્યારે પણ માંગ કરવામાં આવી હતી કે એવો કઠોર કાયદો બનાવવામાં આવે કે લોકો મહિલાઓ વિરુદ્ધ અપરાધ કરવાથી ડરે. ત્યારે પણ કાયદો બનાવવામાં એ જ ઉતાવળ જોવા મળી હતી, જે આજે બંગાળમાં જોવા મળી છે. દુષ્કર્મ જેવા અપરાધને ડામવા માટે કઠોર કાયદા હોવા સારી વાત છે, પરંતુ દર વખતે આ અપરાધ સામે માત્ર કાયદાથી લડવાની વાત કરવી અને વધુ કઠોર કાયદા બનાવવા, દર્શાવે છે કે આપણને લોકતંત્ર અને બંધારણ વગેરેમાં કોઈ ખાસ વિશ્વાસ નથી. નિર્ભયા મામલે પણ જસ્ટિસ જેએસ વર્મા કમિટીને માત્ર ૩૦ દિવસનો સમય આપવામાં આવ્યો હતો કે તે પોતાનો રિપોર્ટ સોંપે. તેમણે તેને ૨૯ દિવસમાં જ તૈયાર કરીને સોંપી દીધો હતો. તેમાં તેમણે અપરાધની ગંભીરતા અનુસાર સાત વર્ષના મુકાબલે દસ વર્ષ, વીસ વર્ષ અને જનમટીપની ભલામણો કરી હતી. સાથે જ સડકો પર સારી સ્ટ્રીટ લાઈટ લગાવવા અને ચોવીસ કલાક સુરિક્ષત જાહેર પરિવહન વ્યવસ્થા ઉપલબ્ધ કરાવવાની પણ વાત કરવામાં આવી હતી, જેનાથી અપરાધી અંધારાનો ફાયદો ઉઠાવી શકે. આ જ અનેક ભલામણોના આધાર પર દેશમાં નવો દુષ્કર્મ કાયદો બનાવવામાં આવ્યો હતો. જોવાની વાત એ છે કે આ બાર વર્ષોમાં કેટલા અપરાધીઓને સજા મળી. પરંતુ આ દરમ્યાન તો દુષ્કર્મના ખોટા કેસો અને દુષ્કર્મના અપરાધો ખૂબ વધ્યા. શું સડકોની લાઈટો ઠીક થઈ ગઈ? જાહેર પરિવહનને લઈને નાના શહેરોની તો શું વાત કરવી, શું દિલ્હીમાં જ ચોવીસ કલાક ઉપલબ્ધ થઈ શક્યું? નવા કાયદા છતાં નિર્ભયા વિરુદ્ધ અપરાધ કરનારાઓને સજા ઘણા વિલંબથી મળી.

હવે બંગાળમાં જે નવો કાયદો બનાવ્યો છે, તેમાં પણ એકવીસ દિવસમાં સુનાવણી પૂરી થવાની જોગવાઈ છે. દુષ્કર્મ અને હત્યા મામલે કે એવા મામલે જ્યાં અપરાધને અંજામ આપ્યા બાદ પીડિતાને મરવા માટે છોડી દેવામાં આવે છે, તેમાં ફાંસીની સજાની જોગવાઈ છે. જ્યારે પણ કોઈ દુષ્કર્મ થાય એક નવો કાયદો બનાવી દેવામાં આવે તો એક દિવસે કદાચ એવું થશે કે લોકો માંગ કરવા લાગશે કે જેવો જ કોઈ પકડાય કે તેને ગોળીથી ઉડાવી દેવામાં આવે. જેવું કે કેટલાય વર્ષ પહેલાં કર્ણાટકમાં અપરાધીઓ સાથે કરવામાં આવ્યું હતું. જ્યાં સુધી અદાલતમાં આરોપ સાબિત ન થઈ જાય ત્યાં સુધી આરોપીને અપરાધી કેવી રીતે માની શકાય? ત્વરિત ન્યાય એક રીતે કાયદાને પાછળ ધકેલીને તાનાશાહીને નિમંત્રણ આપે છે. પછી આપણે ત્યાં જે રીતે તપાસ કરવામાં આવે છે, તેમાં અનેક વખત અપરાધીઓના મુકાબલે નિર્દોષોને પકડી લેવામાં આવે છે. ત્યારે આ કઠોરમાં કઠોર કાયદા શું ખરેખર અપરાધીઓને સજા આપશે કે એ ઘણા નિર્દોષોની બલિ લેશે, કારણ કે એનસીઆરબીના જ આંકડા જોઈએ તો દુષ્કર્મના કેસો જ્યાં વધી રહ્યા છે, ત્યાં ખોટા કેસો બનાવીને કાયદાનો ખોટો ઉપયોગ પણ થઈ રહ્યો છે. આપણે ત્યાંની જે ન્યાયિક પ્રક્રિયા છે તેના વિશે કહેવાય છે કે તે બહુ ધીમી છે. કરોડો કેસો અદાલતોમાં પડતર છે. આ વાત એકદમ સાચી પણ છે. જોકે ન્યાયિક પ્રક્રિયા એવી પણ ન હોવી જોઈએ કે ઉતાવળના ચક્કરમાં કોઈ નિરપરાધ ફાંસી પર ચડાવી દેવામાં આવે. કારણ કે બંગાળના નવા કાયદા અનુસાર દુષ્કર્મના કોઈપણ કેસની તપાસ એકવીસ દિવસમાં પૂરી કરી દેવી પડે. આ સમયસીમા પહેલાં બે મહિના હતી. પીડિતાને જલ્દી ન્યાય મળી શકે, તેના માટે વિશેષ અદાલતો બનાવવાની માંગ કરવામાં આવી છે. નિર્ભયાના સમયે એ માંગ પણ કરવામાં આવી હતી કે દુષ્કર્મની શિકાર મહિલાઓ માટે વન સ્ટોપ ક્રાઈસિસ સેન્ટર દરેક જિલ્લામાં બનાવવાં જોઈએ, પરંતુ આ વાત પણ કદાચ કચરાટોપલીમાં ધકેલાઈ ગઈ છે. સરકારો પોતાની અસફળતા છૂપાવવા માટે હંમેશાં કઠોર કાયદાની વાતો કરે છે, પરંતુ જેવું જ તેમને ત્યાં કશું થાય છે, ત્યાં લોકો સૌથી પહેલાં આંગળી એ સ્ત્રી તરફ જ ઉઠાવે છે જેના વિરુદ્ધ અપરાધ થયો હોય છે. નિર્ભયા વખતે પણ કેટલાય લોકો કહી રહ્યા હતા કે આટલી રાત્રે તે પોતાના પુરુષ મિત્ર સાથે કેમ ફરી રહી હતી? જાણે કે પુરુષ મિત્ર સાથે ફરવું કોઈ અપરાધ હોય અને તેને કારણે બહારના લોકો કોઈપણ છોકરી સાથે દુષ્કર્મ કરી નાખે. બંગાળમાં પણ આપણે એવી જ વાતો સાંભળી કે સેમિનાર રૂમમાં તે છોકરી શું કરવા ગઈ હતી? સવાલ પૂછવો જ હોય તો એ અપરાધીઓને પૂછો કે તેઓ ત્યાં શું કરવા ગયા હતા? વાત સ્પષ્ટ છે કે સમાજ જ્યાં સુધી મહિલાઓ પ્રત્યે પોતાની માનસિકતા નહીં બદલે ત્યાં સુધી માત્ર કઠોર કાયદા બનાવી દેવાથી કશું વળવાનું નથી.

# જૂનાગઢ જીલ્લા જમીયત ઉલેમા-એ જામનગર પૂરગ્રસ્તોને રાસન કીટ આપી માનવતા મહેકાવી

## માંગરોળથી ૨૨૫, જૂનાગઢથી ૧૦૦, વંથલીથી ૨૦૦, અને વેરાવળથી ૧૮૦ કીટો જામનગર પૂરગ્રસ્તોને આપવામાં આવી

(યુસુફ ચુડલી દ્વારા)

માંગરોળ તા. ૧૩

ગુજરાતમાં આ વર્ષે અતિવૃષ્ટિના લિધે વડોદરા, સુરત અને જામનગર સહિત અનેકવિધ શહેરો પ્રભાવિત થયા છે. ગુજરાત જમીયતના સેક્રેટરી પ્રોફેસર નિશારએહમદ અન્સારીના સુચનથી આ તમામ પ્રભાવિત વિસ્તારોનો તાગ મેળવી અસરગ્રસ્તોને હંગામી ધોરણે જરૂરીયાત મૂજબ સહાય પહોડાવા સ્થાનિક તેમજ જીલ્લા જમીયતોને આદેશ આપવામાં આવ્યા હતા. જામનગરના લાલખાન, ઘાંચી કબ્રસ્તાન, ચૂનાનો, ભઠ્ઠો, નિલકંઠ નગર, ઘાંચીની ખાડી, રંગમતિ સોસાયટી, મહારાજા સોસાયટી, લમુપીરની દરગાહ, નાકાબાર કેનાલ, કાલાવાડ નાકા સહિતના વિસ્તારોમાં પાણીના પૂર ફરી વળતા એક દોઢ માળ સુધી મકાનો પાણીમાં ગરકાવ થઈ ગયા હતા. જેના લીધે ઘરવખરી તબાહ થઈ જતા અનેક પરીવારો રાસનના અભાવે નિરાધાર બની ગયા હતા. જામનગર મુહમ્મદીયા મદ્રેસાના સંચાલક તેમજ જામનગર જમીયતના જીલ્લા પ્રમુખ મુફતી અસલમ સાહબ, તેમજ મદ્રેસા ઈબ્રાહીમીયાના હાફીઝ ઈબ્રાહીમ, અય્યાઝભાઈ ગાંધી, અલ્તાફભાઈ બિલ્ડર, અ. શકૂરભાઈ ખત્રી સાથે સંકલન કરી જુનાગઢ જિલ્લા જમીયતે જામનગર પૂરગ્રસત વિસ્તારની પરિસ્થિતિનો તાગ મેળવ્યો હતો. જેમા હાલતાકીદે પૂર ગ્રસ્તોને રાશનની જરૂરિયાત જણાતા જુનાગઢ જીલ્લા જમીયત અને જામનગર જિલ્લા જમીયતે પૂરગ્રસ્તો માટે રાશન કીટ આપવાનું નક્કી કર્યુ હતું. પ્રભાવિત પરિવારો અને અસરગ્રસ્ત લોકોની એક યાદી તૈયાર કરી ૧૦૦૦ જેટલી રાશન કીટ તૈયાર કરવા જુનાગઢ જિલ્લા જમીયને જવાબદારી સોંપવામાં આવી હતી. જૂનાગઢ જિલ્લા જમીયતના પ્રમુખ મૌલાના ઈબ્રાહીમ ઉદયા, સેક્રેટરી અ. રજાક ગોસલીયા, પત્રકાર યુસુફ ચુડલી, મૌલાના ઈરફાન જેઠવા, મૌલાના ઈકબાલ રાટીયા, મુફતી યુસુફ ભિસ્તી, મુફતી બાસિત ચૌહાણ, મૌલાના ફારૂક ખાદીમ સહિતના કાર્યકરોએ હંગામી ધોરણે માંગરોળમાથી ફંડ ફાળો કરી રાશનની ૨૨૫ જેટલી કીટો તૈયાર કરી જામનગર પૂરગ્રસ્તોની સહાય માટે રવાના કરી હતી. એવીજ રીતે જુનાગઢથી મુફતી મતિન વોરાના માર્ગદર્શન હેઠળ ૧૦૦ કીટ, વંથલી મૌલાના વાજા હસ્તક ૨૦૦ કીટ, અને વેરાવળથી ફારૂકભાઈ પેરેડાઈઝ હસ્તે ૧૮૦ કીટ જામનગર મોકલવામાં આવી હતી. તદ્‌ઉપરાંત જામનગર માથી પણ ૪૦૦ કીટો તૈયાર કરવામાં આવી હતી. ગુરુવારે માંગરોળથી જમીયતનું એક પ્રતિનિધિ મંડળ જામનગર પહોંચી સ્થાનિક જીમ્મેદારોને સાથે રંગમતિ સોસાયટી, મહારાજા સોસાયટી, લમુપીરની દરગાહ, કાલાવાડ નાકા વિસ્તારમાં ૫૦૦ જેટલી રાશન કીટો જરૂરીયાતમંદ લોકોને અર્પણ કરી હતી. આ તકે જમીયતના એલાન પર તાત્કાલિક અસરથી સહાય માટે દોડી આવનારા માંગરોળ ડ્રાઈ ફીશ, ફ્રેશ ફીશ, ફાયબર અને બોલેરો એસોસિએશનું જૂનાગઢ જિલ્લા જમીયતે આભાર વ્યક્ત કર્યો હતો.

# આરડીએનપી પ્લસ દ્વારા એચઆઈવી પોઝીટીવ લોકોને રાશન સહાય કાર્યક્રમ યોજાઈ ગયો

(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ તા. ૧૩

આરડીએનપી પ્લસ (રાજકોટ ડીસ્ટ્રીકટ નેટવર્ક ઓફ પીપલ લીવીંગ વિથ એચઆઈવી/ એઈડસ) સંગઠનની સ્થાપના ૩ માર્ચ, ૨૦૦૫ ના રોજ એચઆઈવી પોઝીટીવ લોકો દ્વારા સમગ્ર રાજકોટ જીલ્લામાં એચઆઈવી સાથે જીવતા લોકોના લાભાર્થે કરવામાં આવી હતી. આરડીએન પ્લસ એ એચઆઈવી પોઝીટીવ લોકો દ્વારા, લોકો માટે, લોકોનું સામુદાયિક સ્વયંસેવી સ્વૈચ્છીક સંગઠન છે. જેનો મુખ્ય હેતુ જીલ્લામાં એચઆઈવી/ એઈડ્સ સાથે જીવતા લોકો માટે સક્ષમ વાતાવરણ તથા સારસંભાળ અને દવાઓ મળે તેમજ તેમના માનવ અધીકારોનું રક્ષણ થાય તે છે.

તા.૧૦-૯-૨૪ ના રોજ રાજકોટ જીલ્લા પંચાયતના સીડીએચઓ ડો.પી.કે. સિંઘ દ્વારા સંસ્થાના પોઝીટીવ લોકો સાથે મીટીંગ કરવામાં આવેલ હતી. આ મીટીંગની શરૂઆતમાં સંસ્થાના પ્રમુખ જગદીશભાઈ પટેલ દ્વારા ડો. પી.કે. સિંઘનું શાબ્દિક તેમજ મોમેન્ટો અર્પણ કરી સ્વાગત કરવામાં આવેલ હતું. મીટીંગમાં સંસ્થાના ૧૭૦ જેટલા લાભાર્થી હાજર રહયા હતા.

મીટીંગમાં આવેલ લાભાર્થીને ડો. સીડીએચઓ કે.પી.સિંઘના હસ્તે રાશન સપોર્ટ આપવામાં આવેલ હતું. આ રાશન સપોર્ટ રાજકોટના દાતા શ્રી સીતારામ બાલાજી અન્નક્ષેત્ર ટ્રસ્ટ, કરણસિંહજી અને હિતેષભાઈ સેલાણી દ્વારા આપવામાં આવેલ હતો. જેમાં સીંગતેલ, ખીચડી, ચણાનો લોટ અને ચાની ભુકીનો સમાવેશ કરવામાં આવેલ હતો.

આ મીટીંગમાં ડો.કે.પી. સિંઘ દ્વારા લાભાર્થી સાથે ગોષ્ઠી કરવામાં આવેલ હતી. જેમાં લાભાર્થીના અલગ-અલગ સવાલો સાંભળેલ અને તેનું નિરાકરણ લાવવા કોશિષ કરવામાં આવેલ હતી. આ મીટીંગમાં અલગ અલગ મુદાઓ ઉપર ચર્ચા થયેલ. જેમાં (૧)એચઆઈવી ગ્રસ્ત લાભાર્થીને દર મહિનો રૂા.૫૦૦ની સહાય જે હાલ છેલ્લા એક વર્ષ ઉપરથી નથી મળેલ તે બાબતે ચર્ચા કરવામાં આવેલ અને આ સહાય બને તો દર મહિને લાભાર્થીને મળી રહે તે માટે ગાંધીનગર ખાતે વાત કરી યોગ્ય કરવામાં આવશે. (૨)બધા લાભાર્થીને આયુષ્માન અને આભા કાર્ડ કઢાવવા માર્ગદર્શન આપેલ હતું જે લાભાર્થી પાસે આયુષ્માન કાર્ડ, આભા કાર્ડ નથી તેમના માટે સંસ્થા કેમ્પ કરશે તેવી ખાત્રી આપેલ હતી. (૩) NFSA કાર્ડનો બધા લાભાર્થી લાભ લે તે માટે બધાને પ્રેરીત કરેલ અને જે લાભાર્થી પાસે સામાજીક પુરાવા નથી તેમના વિષે પણ અધિકારી સાથે વાત કરી જણાવશે તેવું કહેલ હતું. (૪)ઘણા લાભાર્થી પાસે આયુષ્માન કાર્ડ હોવા છતાં તેમની સારવાર ખાનગી હોસ્પીટલમાં થતી નથી તો તે બાબતે પણ વાત કરી જણાવશે. (૫) જયારે પણ સંસ્થાને જરૂર જણાય ત્યારે સંસ્થા સાથે છે તેવી ખાત્રી આપેલ હતી.

## મેઘાણી પણ કરી ચુક્યા છે અહીં અભ્યાસ

# જૂનાગઢની ૧૨૦ વર્ષ જૂની બહાઉદ્દીન કોલેજની હોસ્ટેલ છેલ્લા ચાર વર્ષથી બંધ

## છેલ્લા ૪ વર્ષથી હોસ્ટેલ બંધ હોવાથી વિદ્યાર્થીઓને ભારે હાલાકી પડી રહી છે અને ગરીબ વિદ્યાર્થીઓ પૈસા ખર્ચી ખાનગી હોસ્ટેલમાં રહેવા મજબુર બન્યા છે

જૂનાગઢ, તા.૧૩

જૂનાગઢની ઓળખ સમાન રાજાશાહી સમયની ઐતિહાસિક બહાઉદ્દીન કોલેજની હોસ્ટેલ છેલ્લા ચાર વર્ષથી બંધ હાલતમાં છે. આ હોસ્ટેલ જર્જરીત થતા તેને મરમ્મતની જરૂ રછે. પરંતુ તંત્રને જાણે તેના સમારકામમાં કોઈ રસ જ નથી. છેલ્લા ૪ વર્ષથી હોસ્ટેલ બંધ હોવાથી વિદ્યાર્થીઓને ભારે હાલાકી પડી રહી છે અને ગરીબ વિદ્યાર્થીઓ પૈસા ખર્ચી ખાનગી હોસ્ટેલમાં રહેવા મજબુર બન્યા છે. જૂનાગઢની ઓળખ સમાન ઐતિહાસિક બહાઉદ્દીન કોલેજ ૧૨૦ વર્ષ જૂની છે. જે હાલ જર્જરીત હાલતમાં જોવા મળી રહી છે. ઐતિહાસિક બહાઉદ્દીન કોલેજની હોસ્ટેલ છેલ્લા ચાર વર્ષથી બંધ છે. હોસ્ટેલ હાલ સમારકામ માગી રહી છે અને સમારકામના કારણે બંધ હાલતમાં છે. જેને લઈને વિદ્યાર્થીઓમાં ભારે નારાજગી જોવા મળી રહે છે. દૂર દૂરથી અભ્યાસ માટે આવતા વિદ્યાર્થીઓ માટે હોસ્ટેલ બંધ હોવાથી હાલાકીનો સામનો કરવો પડે છે. વિદ્યાર્થીઓને રહેવા માટે ખાનગી હોસ્ટેલનો સહારો લઈ મોટી રકમ ચૂકવવી પડે છે.મહત્વનું છે કે બહાઉદ્દીન કોલેજની આ હોસ્ટેલમાં રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણી પણ અહીં અભ્યાસ દરમિયાન રહી ચૂક્યા છે. ત્યારે છેલ્લા ચાર વર્ષથી હોસ્ટેલ બંધ હાલતમાં હોવાથી વિદ્યાર્થીઓને આશ લગાવીને બેઠા છે કે વહેલી તકે હોસ્ટેલ શરૂ થાય. જેને લઈને બહાઉદ્દીન આર્ટસ કોલેજના આચાર્ય પુછવામાં આવ્યું તો કહ્યું કે હોસ્ટેલનું કામ વહેલી તકે પૂર્ણ થાય તે માટે પ્રયાસો કરવામાં આવ્યા છે અને આગામી ૨થી ૩ મહિનામાં હોસ્ટેલ ફરી શરૂ કરી દેવાશે.

# ગુજરાત શિક્ષણ બોર્ડે જાહેર કર્યું GUJCETનું શિડ્યુલ

## આગામી ૨૩ માર્ચ ૨૦૨૫ ના રોજ ગુજકેટની પરીક્ષા યોજાશે : ગુજરાત શિક્ષણ બોર્ડ દ્વારા ગુજરાત કોમન એન્ટ્રન્સ ટેસ્ટ ૨૦૨૫ નું ટાઈમ ટેબલ જાહેર કર્યુ છે

અમદાવાદ, તા.૧૩

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડે ગુજરાત કોમન એન્ટ્રન્સ ટેસ્ટ ૨૦૨૫નું શેડ્યૂલ બહાર પાડ્યું છે. રસ ધરાવતા ઉમેદવારો વેબસાઈટ પર શેડ્યૂલ જોઈ શકે છે. આગામી ૨૩ માર્ચ ૨૦૨૫ ના રોજ ગુજકેટની પરીક્ષા યોજાશે. ગુજરાત શિક્ષણ બોર્ડ દ્વારા ગુજરાત કોમન એન્ટ્રન્સ ટેસ્ટ ૨૦૨૫ નું ટાઈમ ટેબલ જાહેર કયુ છે જેમાં આ પરીક્ષા ૨૩ માર્ચના લેવામાં આવનાર છે પરીક્ષાનો સમય સવારે ૧૦ થી સાંજે ચાર વાગ્યા સુધીનો રહેશે. આ પ્રવેશ પરીક્ષા જિલ્લા કક્ષાના કેન્દ્ર પર લેવામાં આવનાર છે.

GUJCET પરીક્ષા માટે અરજી કરવા માટે, વિદ્યાર્થીની ઉંમર ઓછામાં ઓછી ૧૭ વર્ષ હોવી આવશ્યક છે. ઉપરાંત, ઉમેદવારોએ ધોરણ ૧૨માં ગણિત અને ભૌતિકશાષા (ફરજિયાત વિષય)નો અભ્યાસ કર્યો હોવો જોઈએ. જ્યારે અન્ય વિષયોમાં કોમ્પ્યુટર, જીવવિજ્ઞાન અને રસાયણશાષા જેવા વિષયોમાં લઘુત્તમ ગુણ ૪૫ ટકા હોવા જોઈએ જ્યારે અનામત શ્રેણી માટે તે ૪૦ ટકા છે.

અરજીઓ ૩જી જાન્યુઆરી ૨૦૨૫થી શરૂ થશે અને છેલ્લી તારીખ ૨જી ફેબ્રુઆરી ૨૦૨૫ છે. એડમિટ કાર્ડ માર્ચમાં બહાર પાડવામાં આવશે અને આન્સર કી ૪ એપ્રિલની આસપાસ રિલીઝ થઈ શકે છે. ફાઈનલ આન્સર કી પણ એપ્રિલમાં આવશે અને તે પછી મે મહિનામાં પરિણામ જાહેર થઈ શકે છે.

ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહમાં ગ્રુપ છ અને ગ્રુપ B અને ગ્રુપ AB ના વિદ્યાર્થીઓ દર વર્ષે એન્જિનિયરિંગ અને ફાર્મસીમાં પ્રવેશ માટે આ પરીક્ષા આપે છે. ધોરણ ૧૨ બોર્ડની પરીક્ષા પછી, ગુજકેટની પરીક્ષા અંતિમ તબક્કામાં લેવામાં આવે છે. દર વર્ષે આ પરીક્ષા ગુજરાત બોર્ડની પરીક્ષા પૂરી થયા બાદ એપ્રિલ મહિનામાં લેવામાં આવે છે, આ વખતે બોર્ડની પરીક્ષાની વહેલી તારીખને કારણે બોર્ડ દ્વારા ગુજકેટની પરીક્ષાની તારીખ પણ જાહેર કરવામાં આવી છે.

પરીક્ષા ફોર્મ અને માહિતી પુસ્તિકા ટૂંક સમયમાં સત્તાવાર વેબસાઈટ પર બહાર પાડવામાં આવશે. આ પરીક્ષામાં ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર, જીવવિજ્ઞાન અને ગણિતમાંથી પ્રશ્નો પૂછવામાં આવે છે.

# રાજયમાં દારૂબંધી મામલે પોલીસ અધિકારીઓને સરકારની ખુલ્લી છૂટ

અમદાવાદ, તા.૧૩

રાજયમાં નશાબંધીની નીતિને કડક બનાવવાને બદલે તેને ઢીલી પાડે તેવો પરીપત્ર ગૃહ વિભાગે બહાર પાડયો છે. રાજ્ય સરકાર એક તરફ દારૂબંધી મુદ્દે કડક પગલાં લેવાના ભાગરૂપે દારૂની હેરફેરમાં પકડાયેલા વાહનોની હરાજી કરવા સુધારા બિલ લાવે છે તો બીજી તરફ દારૂબંધી મામલે પોલીસ અધિકારીઓ પર 'મહેરબાન' થતી જોવા મળી હતી.

ગૃહ વિભાગે દારૂના ક્વોલિટી કેસમાં દારૂના જથ્થાની કિંમત વધારી ઢીલી નીતિ અપનાવી હોય તેવો વિચિત્ર પરિપત્ર બહાર પાડ્યો હતો. આ સંજોગોમાં નશાબંધીની નીતિને કડક બનાવવાને બદલે તેને ઢીલી પાડી દે તે પ્રકારનો પરીપત્ર ગૃહ વિભાગે બહાર પાડયો છે. જેને કારણે પોલીસને 'રાહત' મળે તેવા એંધાણ વર્તાઈ રહ્યા છે. અગાઉ બીજી એજન્સી જયારે કોઈપણ પોલીસ મથકની હદમાંથી ૧૫,૦૦૦ રૂપિયાની કિંમતનો દેશી અને ૨૫,૦૦૦ રૂપિયાની કિંમતનો વિદેશી દારૂ ઝડપે તો તેને કવોલીટી કેસ ગણવામાં આવતો હતો. દારૂનો ક્વોલિટી કેસ થાય ત્યારે જે તે વિસ્તારના પોલીસ અધિકારી અને કર્મચારી સામે ખાતાકીય કાર્યવાહી કરવામાં આવે છે પરંતુ સરકારે હવે ક્વોલિટી કેસ માટે દારૂના જથ્થાની કિંમત વધારી છે. અગાઉ દેશી દારૂ ૧૫ હજાર રૂપિયાનો તો વિદેશી દારૂ ૨૫૦૦૦ રૂપિયાનો ઝડપાય તો ક્વોલિટી કેસ ગણાતો હતો. જોકે નવા પરિપત્રમાં દારૂના જથ્થાની લિમિટ વધારી પોલીસને ખુલ્લી છૂટ આપી હોવાની ચર્ચાઓ શરૂ થઈ છે. નવા પરિપત્ર મુજબ હવે ૧ લાખ રૂપિયાનો દેશી દારૂનો જથ્થો પકડાશે તો ક્વોલિટી કેસ ગણાશે જ્યારે ૨.૫ અઢી લાખ રૂપિયાનો વિદેશી દારૂ ઝડપાશે તો ક્વોલિટી કેસ ગણાશે. આ પરિપત્ર દ્વારા સરકાર દારૂની હેરફેર બદલ પોલીસ અધિકારી અને કર્મચારીઓને છૂટછાટ આપતી હોય તેવું ચિત્ર ઉપસી આવ્યું છે.

ક્વોલિટી કેસ નોંધાય તો સ્થાનિક પોલીસ અધિકારી અને કર્મચારીઓને ઈક્વાયરીનો સામનો કરવો પડતો હતો. પરંતુ ગૃહ વિભાગના નવા પરિપત્રથી સ્થાનિક પોલીસ સામેની ઈક્વાયરીમાં અનેકગણો ઘટાડો થશે તેવું પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું. કારણ કે એક લાખ રૂપિયાનો દેશી દારૂના કિસ્સાઓ ખૂબ ઓછા નોંધાય છે. આવી સ્થિતિમાં સ્થાનિક પોલીસ અધિકારીઓ કે કર્મચારીઓ ખાતાકીય કાર્યવાહીથી બચી જશે.

## આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

હૃદયની વિશાળતા એ ઉન્નતિનો પાયો છે.

- પંડિત નહેરૂ

### : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૮૦, શા. શાકે. ૧૯૪૬, પા.ફરવરદીન-૧૩૯૪, મુ. રબી-ઉલ્લ-અવ્વલ-૧૪૪૬, જૈન વીર સં.-૨૫૫૦, કચ્છી સં. ૨૦૮૧, ભાદરવા સુદ-૧૦ શ્રી દયાનંદગીરી ગુરૂ બ્રહ્માનંદગીરી યાને મુંડીયા સ્વામી જયંતિ તા.૧૩ સપ્ટેમ્બર ૨૦૨૪, શુક્રવાર, પારસી તા.૩૦, મુસ્લિમ તા.૯, પૂર્વાષાઢા નક્ષત્ર, સૌભાગ્ય યોગ, તૈતિલ કરણ, સૂ.ઉ.૬:૩૭, સૂ.અ.૬:૫૬

આજનો દિવસ અશુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી ધન (ભ ધ ફ ઢ), પરોઢે ૩:૨૩ ક. પછી જન્મેલા બાળકની રાશી મકર (ખ જ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: મિલ્કતને લગતા પ્રશ્નોમાં વિઘ્ન આવે. પ્રવાસ દ્વારા લાભ થાય.
વૃષભ: મનમાં ચંચળતા રહે. કાર્યબોજમાં વધારો થાય.
મિથુન: વાદ-વિવાદથી દૂર રહેવું હિતાવહ. સંતાન બાબતે ચિંતા રહે.
કર્ક: ભાગીદાર કે જીવનસાથી સાથે મતભેદ રહે.
સિંહ: લાભની તક મળે. મહત્વની કામગીરીમાં પ્રગત્તિ થાય.
કન્યા: ગૃહજીવનમાં આનંદ-ઉત્સાહ રહે. કાર્યનું આયોજન થાય.
તુલા: અણધાર્યો પ્રવાસ થાય. નવિન ખરીદીના યોગ છે.
વૃશ્ચિક: મોઢે આવેલો કોળિયો છીનવાઈ જાય. પડવાથી સંભાળવું.
ધન: આરોગ્ય અંગે સાવચેત રહેવું. અણધાર્યો લાભ થાય.
મકર: શત્રુઓ નમતા આવે. મનની મુરાદ બર આવે.
કુંભ: કાર્યબોજમાં વધારો થાય. વાણી સંયમ જાળવવો હિતાવહ.
મીન: મહત્વના પ્રશ્નોમાં ગુંચવણ પેદા થાય. પ્રિયજનથી મિલન.

# રાજ્યમાં સીંગતેલ સિવાય અન્ય ખાદ્યતેલના ભાવમાં ધરખમ વધારો થયો

અમદાવાદ, તા.૧૩

રાજ્યમાં સીંગતેલ સિવાય અન્ય ખાદ્યતેલના ભાવમાં ધરખમ વધારો થયો છે. ભારે વરસાદને કારણે તેલિબિયા પાકને નુકસાન થયુ છે. આ તરફ સિંગતેલમાં ૪૦ રૂપિયાનો ઘટાડો થયો છે. જ્યારે કપાસિટા તેલામાં એક સપ્તાહમાં ડબ્બે રૂપિયા ૭૫નો વધારો થયો છે જ્યારે પામ ઓઈલમાં એક સપ્તાહમાં રૂપિયા ૬૦નો વધારો થયો છે. રાજ્યમાં ફરી ખાદ્યતેલના ભાવમાં વધારો થયો છે. જનતા પર વધુ એક મોંઘવારીનો માર ઝીકાયો છે. હાલ ચોમાસા બાદ શાકભાજીના ભાવો આસમાને છે અને જીવન જરૂરી તમામ ચીજવસ્તુઓના ભાવ વધ્યા છે ત્યારે સીંગતેલને છોડીને અન્ય ખાદ્યતેલના ભાવમાં વધારો કરાયો છે. જો કે રાહતની વાત એ છે તે સીંગતેલના ભાવમાં રૂપિયા ૪૦નો ઘટાડો કરાયો છે. અન્ય તેલમાં કરાયેલા ભાવ વધારાની વાત કરીએ તો કપાસિયા તેલમાં એક સપ્તાહમાં ડબ્બે રૂપિયા ૭૫નો વધારો કરાયો છે જ્યારે પામોલીવ તેલમાં એક સપ્તાહમાં ૬૦ રૂપિયાનો વધારો કરાયો છે. કપાસિયા તેલનો ડબ્બાનો ભાવ ૧૭૯૦ રૂપિયાથી વધીને ૧૮૮૫ રૂપિયા થયો છે. પામોલીવ તેલનો ડબ્બો ૧૬૦૫ રૂપિયા થી વધીને ૧૬૮૫ રૂપિયા થયો છે. રાયડાના તેલમાં પણ ૫૦ રૂપિયાનો ભાવ વધારો થયો તો કોપરેલમાં પણ ૧૨૦ રૂપિયાનો ભાવ વધારો કરાયો છે. વરસાદથી તેલબિયા પાકો અને નુકસાનીના અંદાજ લઈને ભાવમાં સતત વધારો થયો છે. ગુજરાતમાં ભારે વરસાદને કારણે તેલિબિયા પાકોમાં મોટા પ્રમાણમાં નુકસાન થયુ છે. જેને લઈને અલગ અલગ તેલના ભાવમાં ઉછાળો આવ્યો છે. એડિબલ ઓઈલ એસોસિએશનના પ્રમુખ કિરીટ શાહના જણાવ્યા મુજબ રાજ્યમાં આ વર્ષે કપાસનું ઓછુ વાવેતર થયુ છે. મગફળીની સરખામણીએ કપાસનું ઓછુ વાવેતર થતા ઉત્પાદનમાં ઘટાડો થાય તેવી શક્યતા છે.

# અમદાવાદથી ગાંધીનગર સુધી હવે દોડશે મેટ્રો ટ્રેન : વડાપ્રધાન મોદી કરાવશે પ્રારંભ



ગાંધીનગર, તા.૧૩ અમદાવાદ અને ગાંધીનગરમાં રહેતા નાગરિકો માટે વધુ એક આનંદના સમાચાર છે. ગુજરાત સરકાર અને ભારત સરકાર સાથે ભાગીદારીમાં ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન **(GMRC)** દ્વારા મેટ્રો રેલ નેટવર્કના બીજા તબક્કાનો પ્રારંભ થવા જઈ રહ્યો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે મેટ્રો રેલના બીજા તબક્કાના રૂટનો ૧૬ સપ્ટેમ્બરે સેક્ટર-૧થી પ્રારંભ કરવામાં આવશે. મેટ્રો રેલવેનો બીજો તબક્કો શરૂ થવાથી અમદાવાદ અને ગાંધીનગર વચ્ચેની કનેક્ટિવિટી મજબૂત બનવાની સાથે નાગરિકોની યાત્રા વધુ ઝડપી, સુરક્ષિત અને વાજબી બનશે. આ ફેઝમાં મેટ્રોની કનેક્ટિવિટી મોટેરાથી ગાંધીનગર સુધી મળશે, જેમાં ફેઝનો એક કોરિડોર ગિફ્ટ સિટી સુધી જશે. તેના લીધે કર્મચારીઓ અને પ્રવાસીઓને વધુ એક્સેસ મળવાથી સ્થાનિક અર્થવ્યવસ્થાને પણ વેગ મળશે. આ ફેઝ ૨૧ કિલોમીટરનો છે જેમાં શરૂઆતમાં ગાંધીનગરના આઠ સ્ટેશન ઉપર મેટ્રો દોડશે. આવનારા સમયમાં મેટ્રો સચિવાલય, અક્ષરધામ, જૂના સચિવાલય, સેક્ટર ૧૬, સેક્ટર ૨૪ અને મહાત્મા મંદિર સુધી જશે. મેટ્રો રેલના વિસ્તરણનું એક મહત્ત્વનું પાસું સમય અને ખર્ચની બચત છે. એપીએમસી (વાસણા)થી ગાંધીનગર સેક્ટર-૧ સુધીની ૩૩.૫ કિ.મીની મેટ્રો યાત્રા માત્ર ૬૫ મિનિટમાં પૂર્ણ થાય છે જેનો ખર્ચ માત્ર રૂા.૩૫ રહેશે. તેની સરખામણીએ, ટેકસીથી આ મુસાફરીનો સમય ૮૦ મિનિટ જેટલો થાય છે જેનું ભાડું રૂા. ૪૧૫થી પણ વધારે થાય છે. ઓટોરિકશામાં આ ભાડું રૂા.૩૭૫ જેટલું રહે છે જેમાં સમય મેટ્રોની આસપાસ અને તેનાથી વધારે રહે છે. આ સેવા શરૂ થવાથી અમદાવાદના વ્યસ્ત રસ્તાઓ ઉપર ટ્રાફિકને હળવો કરવામાં મદદ મળશે, જે પ્રદૂષણને દૂર કરવામાં મહત્વપૂર્ણ બની રહેશે. આ વિસ્તરણથી અમદાવાદ અને ગાંધીનગરના મહત્વના સ્થળો ઉપર કનેક્ટિવિટી મળશે અને તેનાથી બહોળી સંખ્યામાં રોજિંદી મુસાફરી કરતા લોકોને ફાયદો મળશે. મેટ્રોના બીજા ફેઝનો રૂટ ૨૧ કિ.મીનો છે, જે મોટેરાથી ગાંધીનગરના સેક્ટર-૧ને જોડશે. મોટેરાથી મેટ્રો સીધી ગાંધીનગરના આઠ સ્ટેશન ઉપર દોડશે જેમાં જીએનએલયુ, પીડીઈયુ, ગિફ્ટ સિટી, રાયસણ, રાંદેસણ, ધોલાકુંઆ સર્કલ, ઈન્ફોસિટી અને સેક્ટર-૧નો સમાવેશ થાય છે. મેટ્રોના ફેઝ-૨ પ્રોજેક્ટનો કુલ ખર્ચ રૂા. ૫,૩૮૪ કરોડ છે. વૈશ્વિક અર્બન સેન્ટર બનવાની ગુજરાતની યાત્રામાં અમદાવાદ મેટ્રો રેલ એક્સટેન્શનમાં એક મહત્ત્વપૂર્ણ માઈલસ્ટોન બન્યું છે.

# 'ગાઝાની સ્થિતિ ભારત માટે સૌથી મોટી ચિંતા છે, યુદ્ધવિરામને અમારું સમર્થન' : એસ.જયશંકર

## અમે આતંકવાદ અને બંધક બનાવવાની ઘટનાઓની નિંદા કરીએ છીએ, પરંતુ નિર્દોષ નાગરિકોની સતત હત્યાથી અમે ખૂબ જ દુ:ખી છીએ

નવી દિલ્હી, તા.૧૩ ભારતના વિદેશ મંત્રી જયશંકરે સઉદી અરેબિયાની રાજધાની રિયાધમાં વ્યૂહાત્મક સંવાદ માટે પ્રથમ ભારત-ગલ્ફ કોઓપરેશન કાઉન્સિલ મંત્રી સ્તરીય બેઠકમાં ભાગ લીધો હતો. આ દરમ્યાન તેણે પેલેસ્ટીનની સ્થિતિ વિશે વાત કરી. એસ જયશંકરે ગાઝાની સ્થિતિને ભારતની ''સૌથી મોટી ચિંતા'' ગણાવી હતી અને કહ્યું હતું કે નવી દિલ્હી ઈઝરાયેલ-હમાસ યુદ્ધવિરામની તરફેણમાં છે. વિદેશ મંત્રીએ કહ્યું, ''ગાઝાની વર્તમાન સ્થિતિ હવે અમારી સૌથી મોટી ચિંતાનો વિષય છે. આ બાબતે ભારતનું વલણ સૈદ્ધાંતિક અને સુસંગત રહ્યું છે. અમે આતંકવાદ અને બંધક બનાવવાની ઘટનાઓની નિંદા કરીએ છીએ, પરંતુ નિર્દોષ નાગરિકોની સતત હત્યાથી અમે ખૂબ જ દુ:ખી છીએ. જયશંકરે કહ્યું કે કોઈપણ પ્રતિભાવ માનવતાવાદી કાયદાના સિદ્ધાંતોને ધ્યાનમાં રાખવો જોઈએ. અમે વહેલી તકે યુદ્ધવિરામને સમર્થન આપીએ છીએ. ઑક્ટોબર ૭ના રોજ હમાસ જે ગાઝા પટ્ટી ઉપર શાસન કરે છે, તેણે જમીન, હવા અને સમુદ્ર દ્વારા ઈઝરાયેલ ઉપર અભૂતપૂર્વ હુમલો શરૂ કર્યો, જેમાં ૧,૨૦૦ લોકો માર્યા ગયા અને ૨૫૦ અન્યનું અપહરણ કર્યું. સ્થાનિક આરોગ્ય અધિકારીઓના જણાવ્યા અનુસાર, ઈઝરાયેલે ગાઝા ઉપર હુમલો કર્યો, જેમાં વ્યાપક વિનાશ થયો અને લગભગ ૪૦ હજાર લોકો માર્યા ગયા. ૧૧ મહિનાથી ચાલેલા સંઘર્ષને સમાપ્ત કરવા માટે બંને પક્ષો અત્યાર સુધી યુદ્ધવિરામ સુધી પહોંચવામાં નિષ્ફળ રહ્યા છે. જયશંકરે કહ્યું કે ભારત પેલેસ્ટીન મુદ્દાના ઉકેલ દ્વારા ઉકેલ માટે ઉભો છે. ભારતે પેલેસ્ટીની સંસ્થાઓ અને ક્ષમતાઓના નિર્માણમાં પણ યોગદાન આપ્યું છે. તેમણે કહ્યું કે જ્યાં સુધી માનવતાવાદી પરિસ્થિતિનો સંબંધ છે, અમે સહાય પૂરી પાડી છે અને **UNRWA**ને અમારું સમર્થન આપ્યું છે. **GCC** એ એક પ્રભાવશાળી જૂથ છે જેમાં સંયુક્ત અરબ અમીરાત, બહેરીન, સઉદી અરેબિયા, ઓમાન, કતાર અને કુવૈતનો સમાવેશ થાય છે. નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩માં **GCC** દેશો સાથે ભારતનો કુલ વેપાર ૧૮૪.૪૬ અબજ યુએસ ડોલર હતો. સમય સાથે સંબંધમાં તાકાતજયશંકરે કહ્યું કે વ્યૂહાત્મક સંવાદ માટે પ્રથમ ભારત-**GCC** મંત્રી સ્તરની બેઠકમાં ભાગ લેવો તેમના માટે ખૂબ જ આનંદની વાત છે. આ મીટિંગ એ માત્ર સિદ્ધિઓ ઉપર વિચાર કરવાની જ નહીં, પરંતુ ભવિષ્ય માટે મહત્વાકાંક્ષી અને દૂરગામી માર્ગને ચાર્ટ કરવાની પણ તક છે. આ બોન્ડ સમયની સાથે વધુ મજબૂત બન્યા છે અને અર્થશાસ્ત્ર, ઉર્જા, સંરક્ષણ, ટેકનોલોજી, શિક્ષણ, લોકો-થી-લોકોન સંબંધો અને તેનાથી આગળની ભાગીદારીમાં વિકસ્યા છે. જયશંકરે કહ્યું, ''પુર્નઃપ્રાપ્ય ઊર્જા, ટેકનોલોજી અને નવીનતા, સ્વાસ્થ્ય, અવકાશ અને શિક્ષણના ક્ષેત્રોમાં અમારી ભાગીદારી અમારા સંબંધિત રાષ્ટ્રીય લક્ષ્યોને સાકાર કરવામાં પણ મદદ કરી શકે છે.'' તેમણે કહ્યું, ''આપણે આ પ્લેટફોર્મનો ઉપયોગ અમારા સંબંધોને વધુ ગાઢ બનાવવા, સહકારના નવા રસ્તાઓ શોધવા અને સહયોગી ભવિષ્ય બનાવવા માટે કરીએ.''

# કોણ છે ઈલ્હાન ઓમર અને રાહુલ ગાંધીની અમેરિકાની મુલાકાતને લઈને વિવાદ કેમ થયો

(એજન્સી) તા.૧૩ કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી હાલ અમેરિકાના ત્રણ દિવસના પ્રવાસે છે. તેમની મુલાકાત દરમ્યાન રાહુલ ગાંધી અમેરિકન ધારાસભ્યોના પ્રતિનિધિમંડળને મળ્યા હતા. સોશિયલ મીડિયા ઉપર આ મીટિંગની તસવીરો સામે આવી છે, જેનાથી વિવાદ થયો છે. વાસ્તવમાં આ તસવીરોમાં રાહુલ ગાંધી સાથે ભારત વિરોધી ઈલ્હાન ઉમર જોવા મળી શકે છે. જેને લઈને ભારતીય જનતા પાર્ટી **(BJP)**એ વિપક્ષી નેતા ઉપર નિશાન સાધ્યું છે. મિનેસોટાના રાજકીય રીતે વિવાદાસ્પદ ડેમોક્રેટિક કોંગ્રેસ વુમન ઈલ્હાન ઓમર, સોમાલી સિવિલ વોર ફાટી નીકળ્યા બાદ ૧૯૯૧માં તેના પરિવાર સાથે તેના દેશમાંથી ભાગી ગયા હતા. ૧૯૯૫માં યુનાઈટેડ સ્ટેટ્સમાં સ્થળાંતર કરતા પહેલાં તેણે કેન્યાના શરણાર્થી શિબિરમાં ચાર વર્ષ ગાળ્યા. યુએસ કોંગ્રેસમાં જોડાનાર તે પ્રથમ સોમાલીઅમેરિકન છે. તેણે ૨૦૧૭થી ૨૦૧૯ સુધી મિનેસોટાનું પ્રતિનિધિત્વ પણ કર્યું. તેણી તેના ભારત વિરોધી વલણ માટે પણ જાણીતી છે અને ૨૦૨૨માં પાકિસ્તાન અધિકૃત કાશ્મીરની તેણીની મુલાકાત માટે ભારે ટીકાનો સામનો કરવો પડ્યો હતો. ફેબ્રુઆરી ૨૦૨૩માં રિપબ્લિકન-નિયંત્રિત ગૃહે ઈઝરાયેલ વિશે કરેલી ભૂતકાળની ટિપ્પણીઓને ટાંકીને અને તેના ઉપર સેમિટિક વિરોધી હોવાનો આરોપ મૂકીને, વિદેશી બાબતોની સમિતિમાં ઓમરને તેના પદ ઉપરથી દૂર કરવા માટે મત આપ્યો. જૂન ૨૦૨૨માં ઓમરે યુનાઈટેડ સ્ટેટ્સ હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સમાં ભારતના કથિત માનવાધિકાર રેકોર્ડ અને ધાર્મિક સ્વતંત્રતાના ઉલ્લંઘનની નિંદા કરતો ઠરાવ રજૂ કર્યો. જેમાં મુસ્લિમો, ખ્રિસ્તીઓ, શીખો, દલિતો, આદિવાસીઓ અને અન્ય ધાર્મિક અને સાંસ્કૃતિક લઘુમતીઓને નિશાન બનાવવાનો સમાવેશ થાય છે. આ અંગે ભાજપના પ્રવક્તા સંજુ શર્માએ રાહુલ ગાંધીને હેબતાઈ ગયેલા ગણાવ્યા હતા. તેમણે કહ્યું કે, રાહુલ ગાંધી હતાશ છે. માત્ર આવો હતાશ વ્યક્તિ કટ્ટરપંથી ઈસ્લામવાદી ઈલ્હાન ઉમરને મળી શકે છે. તે જ સમયે બીજેપી આઈટી સેલના વડા અમિત માલવિયાએ પણ કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી ઉપર ઈલ્હાન ઉમરની તરફેણ કરવાનો આરોપ લગાવ્યો હતો. અમિત માલવિયાએ માઈક્રો-બ્લોગિંગ સાઈટ ઉપર એક પોસ્ટમાં લખ્યું છે કે, ભારતના વિપક્ષી નેતા રાહુલ ગાંધી અમેરિકામાં ઈલ્હાન ઉમરને મળ્યા, જે પાકિસ્તાન દ્વારા પ્રાયોજિત ભારત વિરોધી અવાજ છે, એક કટ્ટર ઈસ્લામિક અને સ્વતંત્ર કાશ્મીરના હિમાયતી છે. માલવિયાએ કહ્યું કે, કોંગ્રેસ ઉપર કથિત રીતે ભારત વિરૂધ્ધ કામ કરવાનો આરોપ છે. બીજેપધ્ નેતાએ કહ્યું, પાકિસ્તાની નેતાઓ પણ આવા કટ્ટરપંથી તત્ત્વો સાથે જોવામાં વધુ સાવચેત રહેશે. કોંગ્રેસ હવે ખુલ્લેઆમ ભારત વિરૂધ્ધ્ કામ કરી રહી છે. બીજેપી નેતા નિશિકાંત દુબેએ પોતાની તસવીર શેર કરતા કહ્યું કે, લાલ વર્તુળમાં રહેલી આ મહિલા અમેરિકામાં ડેમોક્રેટિક પાર્ટીના નેતા ઈલ્હાન ઉમર છે, જે ખાલિસ્તાન અને કાશ્મીરને અલગ દેશ બનાવવાનું સતત સમર્થન કરે છે. રાહુલ ગાંધી અમેરિકામાં આ એજન્ડા માટે સમર્થન એકત્ર કરી રહ્યા છે.

# ઓસ્ટ્રેલિયાની ૧૬ વર્ષથી નીચેના બાળકોને સોશિયલ મીડિયા ઉપર પ્રતિબંધ મૂકવાની યોજના

**ઓસ્ટ્રેલિયન વડાપ્રધાને જણાવ્યું કે, ફેસબૂક, ઈન્સ્ટાગ્રામ અને ટિકટોક જેવી સાઈટ્સ ઉપર લોગ ઈન કરવા માટે બાળકોની લઘુતમ વય નક્કી કરવામાં આવી નથી પરંતુ ૧૪થી ૧૬ વર્ષની વચ્ચે હોવાની અપેક્ષા છે**

કેનબેરા, તા.૧૩ વડાપ્રધાને જણાવ્યું હતું કે, ઓસ્ટ્રેલિયા ૧૬ વર્ષથી ઓછી વય ધરાવતા બાળકોને સોશિયલ મીડિયાનો ઉપયોગ કરવા ઉપર પ્રતિબંધ મૂકશે, બાળકોને તેમના ઉપકરણોમાંથી બહાર કાઢવા અને 'રમત ગમત ક્ષેત્રોમાં' લઈ જવાની પ્રતિજ્ઞા લીધી છે. યુવાનો ઉપર સાઈટ્સની અસરને 'શાપ' તરીકે વર્ણવતા એન્થોની અલ્બેનીઝે જણાવ્યું હતું કે, બાળકોને સોશિયલ મીડિયાથી દૂર રાખવા માટેનો ફેડરલ કાયદો આ વર્ષે રજૂ કરવામાં આવશે. અલ્બેનીઝે જણાવ્યું હતું કે, બાળકો માટે ફેસબૂક, ઈન્સ્ટાગ્રામ અને ટિકટોક જેવી સાઈટ્સમાં લોગ ઈન કરવા માટેની લઘુત્તમ ઉંમર નક્કી કરવામાં આવી નથી પરંતુ ૧૪થી ૧૬ વર્ષની વચ્ચે હોવાની અપેક્ષા છે. વડાપ્રધાને જણાવ્યું હતું કે, તેમની પોતાની પસંદગી ૧૬ વર્ષથી ઓછી વયના વપરાશકર્તાઓ ઉપર પ્રતિબંધ હશે. નેતાએ જણાવ્યું હતું, આગામી મહિનાઓમાં વય ચકાસણી ટ્રાયલ યોજવામાં આવી રહી છે, જો કે, વિશ્લેષકોએ જણાવ્યું હતું કે, તેઓને શંકા છે કે, ઓનલાઈન વય મર્યાદા લાગુ કરવી તક્નિકી રીતે શક્ય છે. અલ્બેનીઝે કહ્યું કે, હું બાળકોને તેમના ઉપકરણોમાંથી બહાર અને રમત ગમતના મેદાન, સ્વિમિંગ પુલ અને ટેનિસ કોર્ટ ઉપર જોવા માંગુ છું. તેમણે રાષ્ટ્રીય મીડિયાને કહ્યું, અમે ઈચ્છીએ છીએ કે, તેઓ વાસ્તવિક લોકો સાથે વાસ્તવિક અનુભવો કરે કારણ કે, અમે જાણીએ છીએ કે સોશિયલ મીડિયા સામાજિક નુકસાન પહોંચાડે છે. તેમણે કહ્યું કે, આ એક આફત છે. અમે જાણીએ છીએ કે, ઘણા યુવાનોએ માનસિક સ્વાસ્થ્ય ઉપર અસર સહન કરવી પડી છે. ઓસ્ટ્રેલિયાના રૂઢિચુસ્ત વિરોધ પક્ષના નેતા પીટર ડટને કહ્યું કે, તેઓ વય મર્યાદાને સમર્થન આપશે. તેમણે કહ્યું કે, દરરોજ વિલંબના કારણે નાના બાળકોને સોશિયલ મીડિયાના નુકસાન માટે સંવેદનશીલ બનાવે છે અને વય મર્યાદા લાગુ કરવા માટે ટેક કંપનીઓ પર આધાર રાખવાનો સમય છે.

**'સરકમ્વેન્ટ કરવા માટે સરળ' :** યુનિવર્સિટી ઓફ મેલબોર્નના કોમ્પ્યુટિંગ અને ઈન્ફર્મેશન ટેક્નોલોજીના સહયોગી પ્રોફેસર ટોબી મુરેએ જણાવ્યું હતું કે, પરંતુ તે સ્પષ્ટ નથી કે આવા પ્રતિબંધોને વિશ્વસનીય રીતે લાગુ કરવા માટે ટેક્નોલોજી અસ્તિત્વમાં છે. તેમણે કહ્યું કે, અમે પહેલાથી જ જાણીએ છીએ કે, વર્તમાન વય ચકાસણી પદ્ધતિઓ અવિશ્વસનીય છે, છેતરવામાં ખૂબ સરળ છે અથવા વપરાશકર્તાની ગોપનીયતાને જોખમમાં મૂકે છે. વિશ્લેષકોએ ચેતવણી આપી હતી કે, વય મર્યાદા કોઈપણ સંજોગોમાં મુશ્કેલીગ્રસ્ત બાળકોને મદદ કરી શકશે નહીં. ક્વીન્સલેન્ડ યુનિવર્સિટી ઓફ ટેક્નોલોજીના ડિજિટલ મીડિયા રિસર્ચ સેન્ટરનું નેતૃત્વ કરતા ડેનિયલ એંગસે જણાવ્યું હતું કે, તે ડિજિટલ વિશ્વમાં



અર્થપૂર્ણ, તંદુરસ્ત ભાગીદારીથી યુવાનોને બાકાત કરવાથી ગંભીર નુકસાન પહોંચવાનો ખતરો છે. એડિલેડ યુનિવર્સિટીના શિક્ષણના વરિષ્ઠ સમાજશાસ્ત્રી સમન્થા શુલ્ઝે જણાવ્યું હતું કે, યુવાનોની પહોંચને મર્યાદિત કરતી સીમાઓ સ્થાપિત કરવામાં તર્ક છે. જો કે, યુવાન લોકો સમસ્યા નથી અને યુવાનોનું નિયમન કરવું એ બેજવાબદાર સોશિયલ મીડિયા પ્લેટફોર્મને નિયંત્રિત કરવાનું વધુ તાકીદનું કાર્ય ચૂકી જાય છે. સોશિયલ મીડિયા એ યુવાનોના જીવનનો અનિવાર્ય ભાગ છે. વડાપ્રધાને જણાવ્યું હતું કે, માતા-પિતાએ સોશિયલ મીડિયા ઉપર ઓનલાઈન ગુંડાગીરી અને હાનિકારક સામગ્રીના પ્રતિસાદની અપેક્ષા રાખી હતી. તેમણે રેડિયો ઈન્ટરવ્યુઅરને કહ્યું, આ સોશિયલ મીડિયા કંપનીઓ માને છે કે, તેઓ બધાથી ઉપર છે. તેમણે કહ્યું, તેઓની એક સામાજિક જવાબદારી છે અને આ ક્ષણે, તેઓ તેનો ઉપયોગ કરી રહ્યા નથી અને અમે ખાતરી કરવા માટે કટિબદ્ધ છીએ કે તેઓ આ જવાબદારી નિભાવે. સોશિયલ મીડિયા પ્લેટફોર્મને નિયંત્રિત કરવાના વૈશ્વિક પ્રયાસોમાં ઓસ્ટ્રેલિયા મોખરે રહ્યું છે, તેના ઓનલાઈન સેફ્ટી વોચડોગ તેના દ્વારા વહન કરવામાં આવતી સામગ્રી ઉપર ખાસ કરીને એલોન મસ્કના **X** સાથે સંઘર્ષમાં હતા.

# ૨૦૨૪માં ભારતીય વિદ્યાર્થીઓ માટે કેનેડાની સ્ટડી વિઝા મંજૂરીઓમાં ૫૦ ટકાનો ઘટાડો થશે : રિપોર્ટ

**કેનેડામાં અભ્યાસ કરવાનું વિચારી રહેલા ભારતીય વિદ્યાર્થીઓને આ વર્ષે લગભગ ૫૦ ટકા જેટલો ઘટાડો થવાની ધારણા સાથે સ્ટડી વિઝા માટેની મંજૂરીઓ સાથે મોટા પડકારનો સામનો કરવો પડી શકે છે, એપ્લાય બોર્ડના એક અહેવાલમાં ઘટાડા પાછળના મુખ્ય કારણો તરીકે કડક ઈમિગ્રેશન નીતિઓ અને ઉચ્ચ નાણાકીય જરૂરિયાતોને ટાંકવામાં આવ્યા છે**

(એજન્સી) તા.૧૩ એક અહેવાલ મુજબ કેનેડામાં અભ્યાસ કરવા ઈચ્છુક ભારતીય વિદ્યાર્થીઓને નોંધપાત્ર પડકારોનો સામનો કરવો પડશે કારણ કે આ વર્ષે અભ્યાસ પરમિટની મંજૂરીમાં લગભગ ૫૦% ઘટાડો થવાની ધારણા છે. ૨૦૧૮ અને ૨૦૧૯માં છેલ્લે જોવા મળેલા સ્તર ઉપર અભ્યાસ વિઝાની મંજૂરીઓ પરત આવવાનો અંદાજ સાથે, વિદેશી વિદ્યાર્થીઓની સંખ્યા ઘટાડવાના ઉદ્દેશ્યથી કેનેડિયન ફેડરલ પગલાંનું પરિણામ છે. અહેવાલમાં જણાવાયું છે કે, "આ વર્ષના પ્રથમ છ મહિનામાં, ભારતમાંથી અભ્યાસ પરમિટની મંજૂરીઓ અડધી થઈ ગઈ છે." આ એક સૂચક હોઈ શકે છે જે આખું વર્ષ દરમ્યાન શું થશે તેનો અંદાજો આપે છે. એપ્લાયબોર્ડ રિપોર્ટ, એક કંપની જે આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓને વિશ્વભરની યુનિવર્સિટીઓ અને કોલેજો સાથે જોડે છે, આગાહી કરે છે કે ૨૦૨૪ના અંત સુધીમાં મંજૂર કરવામાં આવેલી નવી અભ્યાસ પરમિટની સંખ્યા માત્ર ૨૩૧,૦૦૦ હશે, જે ૨૦૨૩માં મંજૂર કરાયેલ ૪૩૬,૦૦૦થી તદ્દન વિપરીત છે. રિપોર્ટમાં ૨૦૨૩ની સરખામણીમાં ૨૦૨૪માં કેનેડિયન અભ્યાસ પરમિટ માટેની વૈશ્વિક અરજીઓમાં ૩૯% ઘટાડો થવાનો અંદાજ છે.

૨૦૨૨માં કેનેડામાં ૫.૫ લાખ આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓમાંથી ૨.૨૬ લાખ ભારતના હતા, જેમાં ૩.૨ લાખ ભારતીયો વિદ્યાર્થી વિઝા ઉપર કેનેડામાં રહ્યા હતા અને ગિગ વર્કર તરીકે અર્થતંત્રમાં યોગદાન આપ્યું હતું. **ApplyBoard™k CEO** અને સહસ્થાપક મેટી બસિરીએ સમજાવ્યું કે આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ માટે નાણાકીય જરૂરિયાતો વધારવાના કેનેડિયન સરકારના નિર્ણય અને કડક ઈમિગ્રેશન નીતિઓના સંકેતોએ ઘણા સંભવિત વિદ્યાર્થીઓને નિરાશ કર્યા છે. અહેવાલ મુજબ "તાજેતરના મહિનાઓમાં કેનેડા આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ માટે અગાઉ જેટલું આવકારદાયક હતું તેવું જોવામાં આવ્યું નથી. અહેવાલમાં નોંધવામાં આવ્યું હતું કે, વિદ્યાર્થીઓ હવે તેમની અરજીઓ ટાળી રહ્યા છે અને જર્મની અને ફ્રાન્સ અથવા યુએસ જેવા અન્ય સ્થળો પસંદ કરી રહ્યા છે.

ડિસેમ્બર ૨૦૨૩માં ઈમિગ્રેશન પ્રધાન માર્ક મિલરે અભ્યાસ પરમિટ મેળવવા માંગતા વિદ્યાર્થીઓ માટે નવી નાણાકીય આવશ્યકતાઓ રજૂ કરી, જેમાં તેમને ૧૦,૦૦૦-ડોલરની જરૂરિયાતને બદલે ઓછામાં ઓછા ૨૦,૬૩૫ ડૉલરનો પુરાવો બતાવવાની જરૂર છે જે બે દાયકાથી અમલમાં છે. આ નીતિ પરિવર્તન આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓની વધતી સંખ્યાને રોકવા અને કેનેડામાં વસવાટની વધતી કિંમતને પ્રતિબિંબિત કરવા માટે ડિઝાઈન કરવામાં આવી હતી. જાન્યુઆરી ૨૦૨૪માં, મિલરે આગામી બે વર્ષ માટે આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓની સંખ્યામાં વૃદ્ધિ ઉપર મર્યાદાની જાહેરાત કરી, જેના કારણે ૨૦૨૩ની સરખામણીમાં ૨૦૨૪માં વિદ્યાર્થીઓની સંખ્યામાં ૩૫% ઘટાડો થવાની આગાહી કરવામાં આવી.

**સરકારનો લક્ષ્યાંક ચૂકી જવાની સંભાવના**

કેનેડાની આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓની વસ્તીનો નોંધપાત્ર હિસ્સો ધરાવતા ભારતીય વિદ્યાર્થીઓ ઉપર તેની અસર ખાસ કરીને ગંભીર



રહી છે. અહેવાલ અનુસાર વર્ષના પ્રથમ છ મહિનામાં ભારતના વિદ્યાર્થીઓ માટે અભ્યાસ પરમિટની મંજૂરીમાં અડધા જેટલો ઘટાડો થયો હતો. એપ્લાયબોર્ડના અહેવાલમાં જણાવાયું છે કે જો વર્તમાન પ્રવાહો ચાલુ રહેશે, તો ૬૦૬,૦૦૦ અરજીઓની મર્યાદાના આધારે ૨૦૨૪માં ૩૬૪,૦૦૦ અભ્યાસ પરમિટ મંજૂર કરવાનો સરકારનો લક્ષ્યાંક ઓછો થઈ જશે. વાર્ષિક ધોરણે એક્સ્ટેંશન માટે અરજી કરતા વિદ્યાર્થીઓના ૨૦% જેવા પરિબળોને ધ્યાનમાં લેતા લક્ષ્યમાંથી ૯૭,૦૦૦ પરમિટ બાદ કરવામાં આવશે, સુધારેલ લક્ષ્ય ૩૬૪,૦૦૦ માન્ય અભ્યાસ પરમિટ છે. પ્રારંભિક લક્ષ્ય ૨૦૨૪ માટે ૪૮૫,૦૦૦ નવા આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ હતા. અહેવાલમાં નોંધ્યું છે કે,"આ અનુમાનિત મંજૂરીની ગણતરી ૨૦૨૩માં મંજૂર કરાયેલી ૪૩૬,૦૦૦ નવી સ્ટડી પરમિટ કરતાં આશરે ૪૭ ટકા ઓછી છે."

**પોસ્ટ ગ્રેજ્યુએટ અરજીઓને પણ ફટકો**

વધુમાં માસ્ટર્સ અને ડોકટરલ અભ્યાસ જેવા અનુસ્નાતક કાર્યક્રમો માટેની અરજીઓ, જે સરકારની મર્યાદામાં સમાવિષ્ટ નથી, તેમાં પણ નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો છે. જાન્યુઆરી અને જૂન ૨૦૨૪ની વચ્ચે, માત્ર ૧૧૪,૦૦૦ અભ્યાસ પરમિટ મંજૂર કરવામાં આવી હતી - જે ગયા વર્ષના સમાન સમયગાળાની સરખામણીમાં ૪૮% ઘટાડો છે. ૨૦૨૪ના બીજા ત્રિમાસિક ગાળા માટે એપ્રિલથી જૂન સુધીની પ્રક્રિયા કરાયેલ અરજીઓની સંખ્યામાં પણ પાછલા વર્ષ કરતાં ૫૪% ઘટાડો નોંધાયો હતો. **IRCC**ના પ્રવક્તા જેફરી મેકડોનાલ્ડે પુષ્ટિ કરી છે કે પ્રારંભિક સૂચકાંકો દર્શાવે છે કે જાન્યુઆરીમાં લાદવામાં આવેલી મર્યાદા પહેલાથી જ અભ્યાસ પરમિટ વોલ્યુમોને અસર કરી રહી છે. અહેવાલ અનુસાર, "પ્રારંભિક સંકેતો સૂચવે છે કે ૨૨ જાન્યુઆરી, ૨૦૨૪ ના રોજ જાહેર કરાયેલી મર્યાદા અભ્યાસ- પરમિટ સંખ્યાને અસર કરી રહી છે,". તેમણે જણાવ્યું હતું કે જ્યારે વર્ષના પ્રથમ અર્ધવાર્ષિક ગાળામાં મંજૂરીઓ અને અરજીઓમાં નોંધપાત્ર ઘટાડો થયો હતો, ત્યારે કેપની એકંદર અસરનું સંપૂર્ણ મૂલ્યાંકન કરવું ખૂબ જ વહેલું હતું, કારણ કે અભ્યાસ પરમિટની પ્રક્રિયા માટેનો સૌથી વ્યસ્ત સમય ઉનાળામાં અને પાનખરની શરૂઆતમાં થાય છે.

### જ્ઞાનબાગ ગુરૂકુળ જૂનાગઢ ખાતે

# ડ્રોન પ્રોજેક્ટ ફોર ફાઈન્ડીંગ આઉટડોર પોટેન્શિયલ મોસ્કીટો બ્રીડીંગ સોર્સ એન્ડ લાર્વીસાઈટ ટ્રીટમેન્ટ કાર્યક્રમ યોજાયો





જૂનાગઢ તા. ૧૩

શ્રી સ્વામિનારાયણ ગુરૂકુળ જ્ઞાનબાગ જૂનાગઢ ખાતે ગઈકાલે તા.૧૨/૦૯/૨૦૨૪ નાં રોજ બપોરે ૧૨:૦૦ કલાકે સાંસદ રાજેશભાઈ ચુડાસમા, માન.ધારાસભ્ય સંજયભાઈ કોરડીયા, કમિશ્નર ડો.ઓમ પ્રકાશ, આસિસ્ટન્ટ કમિશનર જયેશભાઈ વાજા, જ્ઞાનબાગ ગુરૂકુળનાં સ્વામી પુજ્ય પ્રિતમસ્વરૂપદાસજી તથા સ્વામી જગતપ્રકાશદાસજી તથા મહાનગરપાલિકાનાં અધિકારીઓ અને કર્મચારીઓની ઉપસ્થિતીમાં ડ્રોન પ્રોજેક્ટ ફોર ફાઈન્ડીંગ આઉટડોર પોટેન્શિયલ મોસ્કીટો બ્રીડીંગ સોર્સ એન્ડ લાર્વીસાઈટ ટ્રીટમેન્ટ કાર્યક્રમ યોજવામાં આવેલ હતો. આ કાર્યક્રમનું સંચાલન ડો. ચંદ્રેશ વ્યાસ,મેડીકલ ઓફિસર ઓફ હેલ્થ દ્વારા કરવામાં આવેલ હતું.

આ પ્રોજેક્ટ અંર્તગત કરવામાં આવનાર કામગીરીની વિગત તેમજ શહેરીજનોને થનાર આરોગ્યલક્ષી ફાયદાઓની માહિતી નીચે મુજબ છે.

"ડ્રોનથી મચ્છરજન્ય રોગ પર પ્રહારઃ જૂનાગઢમાં જન આરોગ્યની નવી દિશા"

જૂનાગઢ મહાનગરપાલિકા (JuMC) એ વરસાદની સિઝન બાદ થતાં રોગ મલેરિયા, ડેન્ગ્યુ અને ફાઈલેરિયા જેવા વેક્ટરજન્ય રોગો સામે લડવા માટે અદ્યતન ડ્રોન ટેકનોલોજી અપનાવી છે.

● સૌરાષ્ટ્રની સૌ પ્રથમ ડ્રોન ટેકનોલોજી દ્વારા મચ્છરજન્ય રોગ નિયંત્રણ કરવા માટે જુનાગઢ મહાનગરપાલિકાએ શરૂઆત કરેલ છે.

● ડ્રોન ટેકનોલોજી દ્વારા મચ્છર ઉત્પત્તિ કેન્દ્ર શોધવા અને નાબૂદી કાર્યક્રમ નો શુભ પ્રારંભ કરવામાં આવેલ છે.

● મચ્છરજન્ય રોગને કંટ્રોલ કરવા માટે જુનાગઢ મહાનગરપાલિકા એ છૈં/સ્ન ટેકનોલોજી દ્વારા આધારિત ડ્રોન ટેકનોલોજીનો નવકાર અભિગમ અપનાવ્યો.

● ડ્રોન ટેકનોલોજીથી મહાનગરપાલિકાના વિસ્તારમાં સર્વે કરી મચ્છર ઉત્પત્તિ કેન્દ્ર શોધવામાં આવશે.

● આ નવતર અભિગમથી કેન્દ્ર સરકારના મેલેરિયા નાબુદી મિશન ૨૦૩૦ તથા ગુજરાત સરકારનું મલેરિયા નાબુદી મિશન ૨૦૨૭ સુધીમાં મલેરિયા મુકત કરવાના પ્રયત્નોને ગતિ મળશે.

**જાણીએ આ નવતર અભિગમ ડ્રોન ટેકનોલોજી વિશે**

● આજના યુગમાં દરેક ક્ષેત્રમાં પોતાની આગવી એપ્લિકેશન ધરાવે છે ડ્રોન ટેકનોલોજી... વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનું વિઝન છે ભારત તેમજ ગુજરાતને ટેકનોલોજી નું હબ બનાવવું.

● સરકારના આરોગ્ય વિભાગ દ્વારા રાષ્ટ્રીય રોગ વાહકજન્ય રોગોને નિયંત્રણ કરવા ટેકનોલોજીના ઉપયોગની પહેલ કરી.

● સામાન્ય દિવસોમાં લીકેજથી સ્થિર ભરાયેલ પાણી મેલેરિયા, ફાઈલેરિયા, ડેન્ગ્યુ પરોપજીવીના વિકાસમાં મદદ કરે છે. તેમજ ચોમાસા બાદ સાનુકૂળ પાણી ભરાતા પાત્રો મચ્છરજન્ય રોગોને પ્રોત્સાહન આપે છે. તેના નિયંત્રણ માટે સાત/ દસ દિવસની અંદર મચ્છરને લારવા અવસ્થામાં નાબૂદ કરીને તેમના પ્રજનન ચક્રને તોડવું ખૂબ જ જરૂરી છે. ૩૦ થી ૩૫ ટકા વિસ્તાર જેમાં તળાવ, મોટા ખાડાઓ, કચરાનું ડમ્પિંગ, સાઈડ રોડની ઓફસાઈડિંગ, ખુલ્લી ટાંકીઓ અને ખુલ્લા પાત્રો વગેરે એવા સ્થળો છે જેને ગ્રાઉન્ડ ટીમ દ્વારા શોધવા કે ત્યાં આગળ લારવા સાઈડ સ્પ્રે કરવો સંભવ હોતું નથી.

● આ સમસ્યાના સમાધાન રૂપે ગુજરાતની જુનાગઢ મહાનગર પાલિકા દ્વારા વાહક જન્ય મચ્છર જન્ય રોગોને કંટ્રોલ કરવા માટે એઆઈ /એમએલ ટેકનોલોજી આધારિત ડ્રોન ટેકનોલોજીનો ઉપયોગ કરી મચ્છર નિયંત્રણની કામગીરી હાથ ધરવામાં આવી છે.

● મચ્છરજન્ય રોગને કંટ્રોલ કરવાની કામગીરીનું કોઈ ઓનલાઈન મોનિટરની સુવિધા નથી. તેથી આરોગ્ય વિભાગ દ્વારા આ પ્રોજેક્ટ હાથ ધરવામાં આવશે જેમાં જુનાગઢ શહેરનાં વિસ્તારનો ડ્રોનથી સર્વે કરી સંભવિત મચ્છર ઉત્પત્તિ સ્થળની વિગતવાર માહિતી એરીયલ ફોટોગ્રાફ,લેટીટુડ-લોજીટયુડ સાથે ગુગલ મેપ પર ઓનલાઈન ઉપલબ્ધ થશે. જેના આધારે મળેલ સાઈટ પર કરવાની થતી કામગીરી જેવીકે સાઈટ ની સફાઈ ખુલ્લા પાત્રોનું નિકાલ અથવા લારવી સાઈડનો છંટકાવ કરવાનું નિશ્ચિત કરી ગ્રાઉન્ડ ટીમ અને ડ્રોન ટીમને ઓટોમેટિક અસાઈન થઈ જશે અને તેઓ દ્વારા કરેલી કામગીરી ઓનલાઈન પ્લેટફોર્મ પર લાઈવ મોનિટર કરી શકાશે જે ડિપાર્ટમેન્ટ માટે ખૂબ જ સહાયરૂપ છે. જ્યાં ગ્રાઉન્ડ ટીમ દ્વારા છંટકાવ શક્ય ન હોય ત્યાં ડ્રોનનો ઉપયોગ કરવામાં આવશે.

● ઔદ્યોગિક એકમો અને રહેણાંક વિસ્તારમાં મચ્છર ઉત્પત્તિ સ્થળની સફાઈના સૂચનો આપ્યા બાદ પણ જો જરૂરી કામગીરી કરવામાં નહીં આવે તો સરકારના ધારણ મુજબ યોગ્ય કાર્યવાહી કરવામાં આવશે.

● ડ્રોન ટેકનોલોજીનો ઉપયોગ મહાનગરપાલિકા જૂનાગઢ દ્વારા દ્વારા જાહેર આરોગ્ય અને સુરક્ષા માટેના પ્રયાસોમાં એક નવીન પહેલ છે. આ પહેલ મચ્છરના બ્રીડિંગ સ્થળોની ઝડપી ઓળખ અને નિકાલ કરવામાં આ મોડલ અન્ય મહાનગર પાલિકાઓ માટે પણ પ્રેરણારૂપ બનશે.

# હિંસાથી પીડિત બહેનોને જૂનાગઢ જિલ્લા સખી વન સ્ટોપ સેન્ટર દ્વારા મદદ



જૂનાગઢ તા.૧૩

મહિલાઓને મુશ્કેલીઓના સમયમાં જૂનાગઢ જિલ્લાનું સખી વન સ્ટોપ સેન્ટર વહારે આવી રહ્યું છે. જિલ્લામાં હિંસાથી પીડિત બહેનોને સખી વન સ્ટોપ સેન્ટરના માધ્યમથી વિવિધ મદદ પૂરી પાડવામાં આવી છે.

ભારત સરકાર પ્રસ્તુત મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા સંચાલિત સખી વન સ્ટોપ સેન્ટર જૂનાગઢ અને જિલ્લા મહિલા અને બાળ અધિકારીશ્રી સી.જી.સોજીત્રા તેમજ દહેજ પ્રતિબંધક અધિકારી સંરક્ષણ અધિકારીશ્રી બી.ડી.ભાડના માર્ગદર્શન દ્વારા લેબરકોટ પાસે, હાથીખાના ચોક, બહેરા-મૂંગા શાળાના ગેટની અંદર જૂનાગઢ જિલ્લામાં સખી વન સ્ટોપ સેન્ટર વર્ષ ૨૦૧૮ થી ૨૪૭૭ કાર્યરત છે. હિંસાથી પીડિત બહેનોને વિવિધ મદદ મળી રહે તે માટે કાર્યવાહી કરવામાં આવે છે.

કોઈપણ પ્રકારની હિંસાનો ભોગ બન્યા હોય તે મહિલાને, સખી વન સ્ટોપ સેન્ટર પર અને સેન્ટર દ્વારા તબીબી સહાય, પોલીસ અને કાનૂની મદદ, હંગામી ધોરણે આશ્રય અને સામાજિક પરામર્શ તેમજ કાયદાકીય મદદ જેવી સેવાઓ પૂરી પાડવામાં આવે છે. છેલ્લા ૭ માસ દરમિયાન હિંસાથી પીડિત ૯૨ કેસો આવેલ છે. જેમા મહિલાઓને વિવિધ મદદ પૂરી પાડવામાં આવી છે.

જિલ્લાના કોઈપણ ખૂણે હોય અને મહિલાઓને સમસ્યા હોય તો તે મહિલાએ દિવસ-રાત કોઈપણ સમયે ૧૮૧ - વન સ્ટોપ સેન્ટર, ૦૨૮૫-૨૬૨૨૧૦૦ પર સંપર્ક કરવો અને સખી વન સ્ટોપની મદદ મેળવી શકે છે, તેમ સખી વન સ્ટોપ સે?ન્ટરના સંચાલકશ્રીએ એક યાદીમાં જણાવ્યું છે.

# જૂનાગઢ જિલ્લા મથકે તા. ૨૬ સપ્ટેમ્બર તથા તાલુકા મથકે તા. ૨૫ સપ્ટેમ્બર ના રોજ યોજાશે ફરિયાદ નિવારણ કાર્યક્રમ

જૂનાગઢ,તા.૧૩

મુખ્યમંત્રીશ્રી દ્વારા લોકોના પડતર પ્રશ્નોના ઉકેલ માટે સ્વાગત ઓનલાઈન ફરિયાદ નિવારણ કાર્યક્રમ યોજવામાં આવે છે. જેમાં જૂનાગઢ જિલ્લામાં તા. ૨૬/૦૯/૨૦૨૪ ગુરૂવારના સવારે ૧૧ કલાકે જિલ્લા કક્ષાનો ફરિયાદ નિવારણ કાર્યક્રમ જિલ્લા મથકે યોજાશે અને તા. ૨૫/૦૯/ ૨૦૨૪ ને બુધવારે સવારે ૧૧ કલાકે દરેક તાલુકા મથકે ફરિયાદ નિવારણ કાર્યક્રમ યોજાશે.

જીલ્લા સ્વાગત, જીલ્લા કક્ષાના કાર્યક્ષેત્રમાં આવતી હોઈ તેવી અરજીઓ, તાલુકા સ્વાગતમાં જે રજુઆતોનો નિકાલ ન થયો હોઈ અને અરજદાર જીલ્લા સ્વાગતમાં રજુ કરે તેવી અરજીઓનો સમાવેશ કરવાનો રહેશે. અરજદારે જે પ્રશ્નોનો નિકાલ તાલુકા સ્વાગતમાં આવી શકે તેમ હોય, તેવી રજુઆતો પ્રથમ તાલુકા સ્વાગતમાં રજુ કરવી અને તાલુકા સ્વાગતમાં જે રજુઆતો નિકાલ ન થાય તો પછી જીલ્લા સ્વાગતમાં રજુ કરવી. અરજદાર એક જ વિષયને લગતી રજુઆત કરી શકશે, એક જ સમયે અનેક વિષયોને લગતી રજુઆતો કરી શકશે નહી. વેબસાઈટ પર અરજદાર ઓનલાઈન રજુઆત મોકલી શકશે.

જૂનાગઢ જિલ્લા કક્ષાના પ્રશ્નો જિલ્લા કલેક્ટર કચેરી, જૂનાગઢ ખાતે તા.૨૬/૦૯/૨૦૨૪ ગુરૂવારના રોજ કલેક્ટર કચેરીના સભાખંડમાં કલેકટરશ્રી અને સંબંધિત ખાતાના અધિકારીઓ અરજદારોને સાંભળશે. જ્યારે તાલુકા કક્ષાના પ્રશ્નો મામલતદાર કચેરી/ગ્રામ પંચાયત કચેરી ખાતે તા.૨૫/૦૯/૨૦૨૪ બુધવારના મામલતદારશ્રી અને સંબંધિત ખાતાના અધિકારીઓ અરજદારોને સાંભળશે તેમ જૂનાગઢ જિલ્લા નિવાસી અધિક કલેક્ટરશ્રીની યાદીમાં જણાવાયું છે.

### અખિલ ગુજરાત માસ્ટર એથ્લેટિક સ્પર્ધા નડિયાદમાં

# ૨૭ ગોલ્ડ મેડલ ૧૬ સિલ્વર મેડલ, ૫ બ્રોન્ઝ મેડલ મળી કુલ ૪૮ મેડલ સાથે જૂનાગઢનું નામ રોશન કરતા ખેલાડીઓ



જૂનાગઢ તા ૧૩

તારીખ ૭ સપ્ટેમ્બર અને આઠ સપ્ટેમ્બર શનિ-રવિ બે દિવસ માટે સમગ્ર ગુજરાતમાંથી માસ્ટર એથ્લેટિક ૩૦ વર્ષથી ઉપર અને ૯૦ વર્ષથી ઉપરના ૪૦૦ જેટલા ખેલાડીઓ ભાગ લેવા માટે નડિયાદમાં આવ્યા હતા જૂનાગઢના ૪૦ જેટલા ભાઈ બહેનોએ આ વિવિધ રમતો દોડ ૧૦૦ મીટર ૨૦૦ મીટર ૪૦૦ મીટર ૮૦૦ મીટર ૧૫૦૦ મીટર ૫૦૦૦ મીટર અને તેમજ લાંબી કુદ ઉંચી કુદ લંગડી ફાળ વાસકૂદ તેમજ ગોળા ફેંક ચક્ર ફેંક અને હથોડા ફેંક આ તમામ સ્પર્ધાઓ રાજ્ય કક્ષાની નડિયાદ સ્પોર્ટસ કોમ્પ્લેક્સ માં બે દિવસ માટે યોજાયેલી હતી જેમાં જૂનાગઢના ખેલાડીઓ સર્વશ્રી ૧-રેવતુભાઈ જાડેજા ૮૫ વર્ષ ત્રણ ગોલ્ડ મેડલ હથોડા ફેંક ગોલ્ડ મેડલ ચક્રફેક ગોલ્ડ મેડલ ગોળા ફેંક ગોલ્ડ મેડલ તથા

૨-ચાવડા ભીખનભાઈ ૭૨ વર્ષ બરછી ફેક સિલ્વર મેડલ લોંગ જમ્પ સિલ્વર મેડલ ,૩-ભીમસીભાઈ રામ ૬૬ વર્ષ ૮૦૦ મીટર બ્રોન્ઝ મેડલ અને ટ્રિપલ જમ્પ સિલ્વર મેડલ,

૪-નંદાણીયા જગમાલભાઈ ૬૨ વર્ષ ઉંચી કુદ સિલ્વર મેડલ લંગડી ફાળ કુદ અને લાંબી કૂદ મા સિલ્વર મેડલ ૫-ગોસ્વામી મુકેશ ગીરી ૬૨ વર્ષ ઉંચી કુદ સિલ્વર મેડલ ગોળા ફેંકમાં ગોલ્ડ મેડલ ૬-ગઢીયા વિશાલ ૩૭ વર્ષ ૫૦૦૦ મીટર દોડ સિલ્વર મેડલ ૧૫૦૦ મીટર દોડ બ્રોન્ઝ મેડલ ઊંચીકૂદ ગોલ્ડ મેડલ જ્યારે

૬- ચૌહાણ રાજેશ ૪૭ વર્ષ ૧૦૦ મીટર દોડ સિલ્વર મેડમ ૨૦૦મીટર દોડ સિલ્વર ૪૦૦ મીટર દોડ સિલ્વર મેડલ

૭-બહેનોમાં ભાનુમતિબેન પટેલ ૮૪ વર્ષ ત્રણ ગોલ્ડ મેડલ ૫ ૦૦૦ મીટર વોક ગોલ્ડ મેડલ ૫૦૦૦ મીટર રન ગોલ્ડ મેડલ ૧૫૦૦ મીટર રન ગોલ્ડ મેડલ

૮-હીરાલક્ષ્મી બેન વાસણ ૮૨ વર્ષ ત્રણ ગોલ્ડ મેડલ હથોડા ફેંક ગોલ્ડ મેડલ ચક્ર ફેક ગોલ્ડ મેડલ ૮૦૦ મીટર રન ગોલ્ડ મેડલ

૯-જોષી રમાબેન ૭૮ ત્રણ ગોલ્ડ મેડલ ગોળા ફેંક માં ગોલ્ડ મેડલ ચક્ર ફેક માં ગોલ્ડ મેડલ બરછી ફેક માં ગોલ્ડ મેડલ

૧૦-ભટ્ટ વિદુલાબેન ૭૭ વર્ષ ત્રણ ગોલ્ડ મેડલ ૫૦૦૦ મીટર વોક ગોલ્ડ મેડલ ૫૦૦૦ મીટર રન ગોલ્ડ મેડલ ૧૫૦૦ મીટર ગોલ્ડ મેડલ

૧૧-ગરાણા રમા બેન ૬૬ વર્ષ ઉંચી કુદ ગોલ્ડ મેડલ લાંબી કુદ સિલ્વર મેડલ ૨૦૦ મીટર રન સિલ્વર મેડલ

૧૨-પાઘડાર રંજન બાળા ૬૩ વર્ષ ૫૦૦૦ મીટર વોક ગોલ્ડ મેડલ ઉંચી કુદ ગોલ્ડ મેડલ લોંગ જમ્પ સિલ્વર મેડલ

૧૩-રાવળ પૂર્ણિમાબેન ૬૨ વર્ષ ૮૦ મીટર હડલ સિલ્વર મેડલ

૧૪-ગીતાબેન મોઢવાડિયા વર્ષ ૫૭ ઉંચી કુદ ગોલ્ડ મેડલ બરછી ફેક ગોલ્ડ મેડલ હથોડા ફેંક સિલ્વર

૧૫-રાવળ કિરણબેન વર્ષ ૫૩ ત્રણ ગોલ્ડ મેડલ ૫૦૦૦ મીટર રન ગોલ્ડ મેડલ ૧૫૦૦ મીટર રન ગોલ્ડ મેડલ ૮૦૦ મીટર. ૧૬-વાક સકીનાબેન ૪૨ વર્ષ ૫૦૦૦ મીટર વોક ગોલ્ડ મેડલ ૮૦૦ મીટર સિલ્વર મેડલ

૧૭-મણવર મયુરી ૩૭ વર્ષ ૫૦૦૦ મીટર વોક સિલ્વર મેડલ ૮૦૦ મીટર રન ગોલ્ડ મેડલ બરછી ફેંક સિલ્વર મેડલ મેળવીને સમગ્ર ગુજરાતમાં જૂનાગઢનું નામ રોશન કર્યું હતું. કુલ ૨૩ ગોલ્ડ મેડલ ,૧૬સિલ્વર મેડલ અને ૫ બ્રાન્ચ મેડલ સાથે કુલ ૪૪ મેડલો મેળવ્યા છે ભારત સરકારના ફિટ ઇન્ડિયા સ્લોગનને પરિપૂર્ણ કરવા માટે આ સ્પર્ધા યોજવામાં આવે છે પસંદ થયેલા ખેલાડીઓ નેશનલ લેવલે અને ઈન્ટરનેશનલ લેવલે રમવા જાય છે ખેલાડીઓના કોચ અને જૂનાગઢ જિલ્લા અને ગુજરાત રાજયના જનરલ સેક્રેટરી ડો. હારુનભાઈ વિહળ ને એને સમગ્ર ટીમને જૂનાગઢ જિલ્લાના પ્રમુખ ઈકબાલભાઈ મારફતિયા તેમજ ધારાસભ્ય સંજયભાઈ કોરડીયાએ ખેલકૂદ મંડળ ગુજરાત ના પ્રમુખ જે.પી.કોટડીયા તેમજ ઉપપ્રમુખ કે .એસ .સવાણી અને જોઈન્ટ સેક્રેટરી દિનેશભાઈ રાઠોડ અને ડો.આર.કે.કુરેશી અભિનંદન આપ્યા હતા.

# ડિજીટલ યુગમાં કિશોરોના ઉછેર અને સલામતી પર ઈન્ટરેક્ટિવ સત્રનું આયોજન

## માતા-પિતા અને વિદ્યાર્થીઓ દ્વારા સામનો કરવામાં આવતા પડકારોને પહોંચી વળવા ‘ટોટલ પેરેંટીંગ સોલ્યુશન્સ’ લોન્ચ કરવામાં આવ્યું

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ તા. ૧૩

કેલોરેકસ ગ્રુપ દ્વારા ડીજીટલ યુગમાં પેરેન્ટીંગ સોલ્યુશન્સ પર એક અસરકારક સત્રનું આયોજન કરવામાં આવ્યું હતું. કેલોરેકસ ગ્રુપના એમડી અને સીઈઓ ડો.મંજુલા પૂજા શ્રોફે માતા-પિતા અને વિદ્યાર્થીઓને પડકારરૂપ એવા સાયબર બુલીંગ, કેટફિશીંગ, ઓનલાઈન ગ્રુમીંગ, સોશ્યલ મિડીયા એડીકશન સહિતના મુદાઓ પર ચર્ચા કરી હતી.




સત્રમાં ઈન્ટરનેટ યુગમાં વાલીઓ અને વિદ્યાર્થીઓ દ્વારા સામનો કરવામાં આવતા પડકારોને પહોંચી વળવા માટે ‘ટોટલ પેરેંટીંગ સોલ્યુશન’ એક સર્વગ્રાહી સ્ત્રોત તરીકે રજુ કરવામાં આવ્યું. પેકેજમાં ડો.મંજુલા પૂજા શ્રોફનું નંબર-૧ બેસ્ટસેલર પુસ્તક ‘બેબી સ્ટેપ ટુ બીંગ ડ્રિસ’ હાલમાં જ પ્રકાશિત થયેલ બેબી સ્ટેપની નવી સિકવલ ‘સેફ ટીન સ્ટેપ’ જે યંગ એડલ્ટસને સાયબર સિકયોર બનાવવા અને સીટીંગ બાય માયા નામનું અત્યાધુનિક એ-વન જનરેટીવ ટુલ, વિદ્યાર્થી, શિક્ષકો અને વાલીઓને ચોકકસ પડકારો અને પ્રશ્નોના ત્વરીત ઉકેલ પ્રદાન કરે છે.

વરીષ્ઠ પત્રકાર અને લેખિકા રાગિણી ભારદ્વાજ અને ડો.મંજુલા પૂજા શ્રોફ દ્વારા લિખીત ‘સેફ ટીન સ્ટેપ’નું લોન્ચીંગ, ઈવેન્ટની મહત્વની હાઈલાઈટ હતી. આ પુસ્તકમાં ડિજીટલ યુગમાં કિશોર વયમાં વધતા જોખમો જેવા કે સાયબર બુલીંગ, ડેટફિશીંગ, ઓનલાઈન ગ્રુમીંગ, સેકસટીંગ, બ્લેકમેઈલીંગ અને સોશ્યલ મિડીયા એડિકશન સહિતના પ્રતિબંધીત વિષયોને આવરી લેવામાં આવ્યા છે. આ પુસ્તક માતા-પિતા અને કિશોરવયનાને વ્યવહારીક આંતરદ્રષ્ટી પ્રદાન કરે છે અને આત્મવિશ્વાસ અને સુરક્ષિત રીતે ઓનલાઈન યુગનો ઉપયોગ કરવા માટે માહિતગાર કરી સશકત બનાવે છે.

ડો.મંજુલા પૂજા શ્રોફે જણાવ્યું હતું કે, કિશોરાવસ્થા અત્યંત નાજુક અને રચનાત્મક હોય છે. તે વ્યક્તિને સારી કે ખરાબ બનાવી શકે છે. યુવાવસ્થા માટે યોગ્ય ન હોય તેવી સામગ્રીનો સંપર્ક તેમની માનસિક અને ભાવનાત્મક સુખાકારી પર અસર કરી શકે છે.

માતા-પિતા અને શિક્ષકો માટે બાળકોને ડિજીટલ પડકારોનો સામનો કરવા માટે માર્ગદર્શન આપવું મહત્વપુર્ણ છે. તંદુરસ્ત વિકાસ માટે માતા-પિતા અને બાળકો વચ્ચે ખુલ્લો સંવાદ પણ જરૂરી છે.

# વીરપુરમાં અઠવાડિયા પૂર્વે થયેલી બાઈક ચોરી પર પડદો યથાવત

(પ્રતિનિધિ દ્વારા)

વિરપુર તા.૧૩

યાત્રાધામ વિરપુર જલારામ ખાતે એક અઠવાડિયા પેલા સીમ અને ખેતર વિસ્તારમાંથી કેબલ અને મોટરની ઉઠાંતરી થઈ તો બીજી તરફ સમી સાંજે ઘરની બહાર પડેલા બાઈકની ચોરી કરીને તસ્કરો જાણે વિરપુર પોલીસને પડકાર ફેંકતા હોય તેમ એક પછી એક ઉઠાંતરી કરી રહ્યા છે. અગાઉ પણ અનેક વખત ચોરીના બનાવો બની ગયા છે તેમાં પણ કોઈ નકકર પગલાં ન લેવાના કારણે વિરપુર પંથકમાં ચોરોને મોકળું મેદાન મળ્યું છે.

વિરપુરના યુવા સામાજીક અગ્રણી અને પત્રકાર દેવરાજ રાઠોડનું બાઈક ઘર આંગણે થી જ સમી સાંજે તસ્કરો ઉપાડી ગયા. જેની જાણ વિરપુર પોલીસને કરતા હજુ સુધી કોઈ નક્કર પગલાં લેવામાં આવ્યા નથી. જાગૃત લોકોને પણ જો ધરમના ધક્કા અને નિરાશા મળતી હોય તો જરા વિચારો સામાન્ય અને નાના માણસોને ન્યાય કેમ મળતો હશે..? તેવો પ્રશ્ન લોક મુખે ચર્ચાઈ રહ્યો છે. વિરપુર પોલીસ પોતાની આળસ ખંખેરીને તસ્કરો સામે બાથભીડે છે કે પછી વામણું રૂપ ધારણ કરી લે છે તે આવનારો સમય જ બતાવશે.

# કેશોદ તાલુકાનો સ્વાગત ઓનલાઈન ફરિયાદ નિવારણ કાર્યક્રમ તા.૨૪ જુલાઈના યોજાશે

જૂનાગઢ તા.૧૩

મુખ્યમંત્રીશ્રી દ્વારા લોકોના પડતર પ્રશ્નોના ઉકેલ માટે અને તાલુકા કક્ષાના પ્રશ્નોના ઉકેલ તેમજ લોકોએ તેમની ફરિયાદ રજૂ કરવા ઉચ્ચ કક્ષા સુધી ન જવું પડે તે માટે તાલુકા કક્ષાએ સ્વાગત ઓનલાઈન કાર્યક્રમનુ આયોજન કરવામાં આવ્યુ છે. જેમાં કેશોદ તાલુકા માટે સ્વાગત ઓનલાઈલ કાર્યક્રમ તા.૨૫-૦૯-૨૦૨૪ (બુધવાર) સવારે ૧૧ કલાકે મામલતદાર કચેરી, કેશોદ તાલુકા સેવા સદન, માંગરોળ રોડ, કેશોદ ખાતે યોજાશે તથા ગ્રામ્ય કક્ષાનો ફરિયાદ નિવારણ કાર્યક્રમ સબંધિત ગ્રામ પંચાયત કચેરી ખાતે યોજાશે.

આ કાર્યક્રમમાં અરજદાર મુદત બાદની અરજીઓ, અસ્પષ્ટ રજૂઆત વાળી અરજીઓ, કચેરીના એક કરતા વધુ વિભાગીય પ્રશ્નો, સુવાચ્ય ન હોય તેવી અરજીઓ, નામ-સરનામા વગરની અરજીઓ, વ્યક્તિગત આક્ષેપોવાળી અરજીઓ, નીતિ વિષયક પ્રશ્નો, ચાલુ સરકારી કર્મચારીના સેવા વિષાયક પ્રશ્નો, કોર્ટ મેટર, દિવાની પ્રકારની ખાનગી તકરારો, અપીલ થવા પાત્ર કેસો વાળી અરજીઓ, અરજદારને સ્વયં સ્પર્શતા ન હોય તેવા પ્રશ્નો, અરજદારે તેમની રજૂઆત અંગે સંબંધિત કચેરી/ખાતાનો એકવાર પણ સંપર્ક કર્યા સિવાય પ્રથમ વખત સીધા જ આ કાર્યક્રમમાં રજૂ કરેલ પ્રશ્ન તથા અગાઉના સ્વગાત કાર્યક્રમમાં રજૂ થયેલ પ્રશ્નો આ કાર્યક્રમમાં અરજીઓ રજૂ થઈ શકશે નહી તેમ કેશોદ મામલતદારશ્રીની એક અખબારી યાદીમાં જણાવાયું છે.

# ફિલ્મ 'ઉડન છૂ' એ ભરી સફળતાની ઉડાન




## ફિલ્મને મળી રહ્યો છે દર્શકોનો અભૂતપૂર્વ પ્રતિસાદ, તો આજે જ પહોંચી જાઓ તમારા નજીકના સિનેમાઘરોમાં

અમદાવાદ તા.૧૩

નવેમ્બર ફિલ્મ્સ અને ઈન્દિરા મોશન પિક્ચર્સના બેનર હેઠળ બનેલ ફિલ્મ "ઉડન છૂ" ૬ સપ્ટેમ્બરે સિનેમાઘરોમાં રિલીઝ થઈ કે જેણે સંપૂર્ણ ફેમિલી પેકેજ એન્ટરટેઈનમેન્ટ આપવામાં કોઈ કચાસ બાકી રાખી નથી. ફિલ્મ રિલીઝ થયાને એક અઠવાડિયું પૂર્ણ થયું છે ત્યારે તેણે સફળતાની ઉડાન ભરી છે. આરોહી પટેલ, આર્જવ ત્રિવેદી, દેવેન ભોજાણી અને પ્રાચી શાહ પંડ્યાએ પોતાના અભિનય થકી લોકોને મજ્જો પડાવી દીધો છે. દર્શકોને આ ફિલ્મનો અભૂતપૂર્વ પ્રતિસાદ મળ્યો છે અને હાલ આ ફિલ્મ તમારા દરેકના નજીકના અને દૂરના સિનેમાઘરોમાં ચાલી રહી છે. જેમણે પણ આ ફિલ્મ નથી જોઈ તેઓ "ઉડન છૂ" થઈને આ ફિલ્મ જોઈ આવો.

અનીશ શાહનું અદ્દભૂત ડિરેક્શન અને તેઓ ઉપરાંત અંકિત ગોર અને પાર્થ ત્રિવેદી એ લખેલી આ સત્ય ઘટના પરની કાલ્પનિક વાર્તા એક એક ક્ષણે દર્શકોને જકડી રાખે છે. ફિલ્મની વાર્તા પ્રેમ, કોમેડી અને ડ્રામાથી ભરપૂર છે. જે લોકોને પારિવારિક અને કોમેડી ફિલ્મો જોવી પસંદ હોય એવા લોકોને આ ફિલ્મ પસંદ આવશે. ફિલ્મમાં ઘણા ઈમોશન છે, ઘણા સંબંધો દર્શાવવામાં આવ્યા છે અને આ જુદા જુદા સંબંધોની જુદી-જુદી લાગણીઓ દર્શાવવામાં આવી છે.

ફિલ્મના દરેક કલાકારોએ પોતાના પાત્રને પૂરી રીતે ન્યાય આપ્યો છે. ક્રિના (આરોહી પટેલ) એ હસમુખ પટેલ (દેવેન ભોજાણી)ની દીકરી હોય છે જેમનું સામાન્ય ફેમિલી બેકગ્રાઉન્ડ હોય છે. જયારે હાર્દિક (આર્જવ ત્રિવેદી) એ સિંગલ મધર પાનકોર પાપડવાલા (પ્રાચી શાહ પંડ્યા)નો દીકરો હોય છે જેમનો ખૂબ મોટો પાપડનો બિઝનેસ હોય છે. બાપ-દીકરીના અનોખા સબંધ અને માં-દીકરાની મીઠી ખટપટ બધું જ આ ફિલ્મમાં જોવા મળશે. તેમની સાથે નમન ગોર અને અલીશા પ્રજાપતિએ પણ પોતાની એક્ટિંગ દ્વારા ફિલ્મમાં ચાર ચાંદ લગાડી દીધા છે.

ક્રિના અને હાર્દિકના વેડિંગ બેકડ્રોપ સાથે સેટ કરેલી, આ ફિલ્મ ઉતાર-ચઢાવ, હાસ્ય અને આંસુ અને આવી ઉજવણી સાથે આવતા અનોખા અનુભવોને સાર્થક કરશે. આ ફિલ્મ હસાવે પણ છે અને રડાવે પણ છે. એક મિડલ ક્લાસ વ્યક્તિ પોતાની જવાબદારીમાં વ્યસ્ત હોય છે અને એક સમય આવે છે જયારે તેમનો ભૂતકાળ તેમની સામે આવે છે અને તેમાં બાળકોના વર્તમાન સાથે મિસમેચ થાય છે ત્યારે અંતે શું થાય છે અને કોના લગ્ન થાય છે તે તો ફિલ્મ જોયા બાદ જ ખબર પડશે. તેથી જો તમે આ ફિલ્મ ના જોઈ હોય તો આજે જ તમારા નજીકના થિયેટરમાં પહોંચી જાઓ અને તમારી ફેમિલી સાથે આ ફિલ્મ નિહાળો.

ઉલ્લેખનીય છે કે ફિલ્મના અમદાવાદ જ નહિ પરંતુ ગુજરાતના દરેક શહેર અને મુંબઈમાં પણ હાઉસફુલ શો જઈ રહ્યાં છે.

# જૂનાગઢ કૃષિ યુનિવર્સીટી અને સોલિડારીડાડ સંસ્થા-જામનગરના કરારથી ખંભાળિયા અને લાલપુર તાલુકાના ખેડૂતોને મળશે વિશેષ લાભ





(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૩

સોલીડારીડાડ સંસ્થા દ્વારા જામનગર જિલ્લાના લાલપુર અને દેવભૂમિ દ્વારકા જિલ્લાના ખંભાળિયા તાલુકાના ૨૭ જેટલા ગામોમાં ખેતી અને ખેડૂતોના વિકાસ માટે કાર્યરત છે જેમાં નયારા એનર્જીના સી.એસ.આર. વિભાગ ના સહયોગ થી ચાલતા ગ્રામ સમૃદ્ધિ કાર્યક્રમ અંતર્ગત પુનર્જીવિત ખેતી બાબતે કાર્યો કરી રહ્યું છે. ગ્રામ સમૃદ્ધિ કાર્યક્રમ અંતર્ગત ૨૭ ગામોમાં આ સંસ્થા મગફળી અને કપાસના પાકમાં વધુ ઉત્પાદન મેળવવા માટે જમીન સુધારણા બાબતે જમીનનું પૃથુકરણ, ન્યુટ્રીસન મેનેજમેન્ટ, ઓછું ખેડાણ, અને પોષક તત્વો ની ભરપાઈના કાર્યો. સારી ગુણવત્તા ના બિયારણ, પેકેજ ઓફ પ્રેક્ટિસ, મિશ્ર પાક, આંતરપાક, જમીન આચ્છાદાન અને જૈવ વિવિધતા, પાણી સંગ્રંહ, જળ વ્યવસ્થાપન, પશુપાલન, પર્યાવરણ, શાકભાજીના વાળા અને મહિલાવિકાસ જેવા વિવિધ કાર્યો કરવા સાથે કેમિકલ મુક્ત ખેતીને પ્રાધાન્ય આપવામાં આવી રહ્યુ છે જેમાં હવે જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી સાથે કરેલા કરાર મુજબ ટેકનિકલ માર્ગદર્શન, નવા સંશોધન, ડેમો પ્લોટ, સરકારી સહાય, અને યુનિવર્સિટીના કૃષિ વૈજ્ઞાનિકોની સમયાંતરે વીજીટ દ્વારા હવે જામનગર જિલ્લાના લાલપુર તાલુકા અને દેવભૂમિ દ્વારકા જિલ્લાના ખંભાળિયા તાલુકાના કુલ મળી ને ૨૭ જેટલા ગામોના ખેડૂતો ને આ સેવાનો સીધો લાભ મળશે. જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ અને સોલીડારીડાડ રીજીયોનલ એક્સપર્ટાઈઝ સેન્ટર, ન્યુ દિલ્હી વચ્ચે કૃષિ અને સંલગ્ન વિષયોની આધુનિક પદ્ધતિઓ અને ટેકનોલોજીનો જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લાના ૨૭ ગામોના ખેડૂતોમા પ્રસાર થાય તે માટે કુલપતિ ડો. વી.પી.ચોવટીયા અને સંશોધન નિયામક ડો. આર.બી. માદરીયાની ઉપસ્થિતિમાં ડો.એન.બી. જાદવ વિસ્તરણ શિક્ષણ નિયામક અને કુમાર રાઘવેન્દ્ર, પ્રોગ્રામ મેનેજર (સોલીડારીડાડ) દ્વારા એમ.ઓ.યુ. કરવામાં આવેલ છે. આ તકે સહ વિસ્તરણ શિક્ષણ નિયામકડો.એચ.સી.છોડવડીયા, નીતીશ ગાધે, સિનિયર મેનેજર, નાયરા એનર્જી, લિમિટેડ, તાલીમ સહાયક ડો.વી.જે.સાવલીયા, ડો. જે.એન.નારીયા કન્સલ્ટન્ટ અને ડો. તુષાર વાઘેલા કુમાર હાજર રહ્યા હતા તેમ વ્રજલાલભાઈ રાજગોરની યાદીમાં જણાવવામાં આવેલ છે.

# આજે રાષ્ટ્રીય હિન્દી દિવસ




ભારતમાં ૨૨ ભાષાઓ અને તેમની ૭૨૫૦૭ સ્ક્રિપ્ટો છે. એક દેશમાં ઘણી બધી ભાષાઓ અને વિવિધતા વચ્ચે, હિન્દી એ ભાષા છે જે ભારતને એક કરે છે. ભારતમાં ૨૮ રાજ્યો અને ૮ કેન્દ્રશાસિત પ્રદેશો છે. ભારત તમામ રાજ્યોમાં રહેતા લોકોને હિન્દીના મહત્વથી વાકેફ કરવા અને તેનો પ્રચાર કરવા હિન્દી દિવસની ઉજવણી કરે છે. સંઘની સત્તાવાર ભાષા હિન્દી હશે અને લિપિ દેવનાગરી હશે. સંઘના અધિકૃત હેતુઓ માટે વપરાતા આંકડાઓનું સ્વરૂપ આંતરરાષ્ટ્રીય સ્વરૂપ હશે. આ નિર્ણય ૧૪ સપ્ટેમ્બરે લેવામાં આવ્યો હતો, તે જ દિવસે મહાન હિન્દી સાહિત્યકાર વ્યાવર રાજેન્દ્ર સિંહનો ૫૦મો જન્મદિવસ હતો, તેથી આ દિવસ હિન્દી દિવસ માટે શ્રેષ્ઠ માનવામાં આવે છે. હિન્દી ભાષાને પ્રોત્સાહન આપવાના ઉદ્દેશ્ય સાથે દર વર્ષે ૧૦ જાન્યુઆરીએ વિશ્વ હિન્દી દિવસ ઉજવવામાં આવે છે. જયારે રાષ્ટ્રીય હિન્દી દિવસ દર વર્ષે ૧૪ સપ્ટેમ્બરે ઉજવવામાં આવે છે, જે મુખ્યત્વે ભારતમાં હિન્દી ભાષાની માન્યતા પર ધ્યાન કેન્દ્રિત કરે છે. પ્રથમ હિન્દી દિવસ ૧૪ સપ્ટેમ્બર ૧૯૫૩ ના રોજ ઉજવવામાં આવ્યો હતો, જ્યારે ભારતના તત્કાલીન વડા પ્રધાન પંડિત જવાહરલાલ નેહરુએ આ દિવસને હિન્દી દિવસ તરીકે યાદ કરવાનો નિર્ણય કર્યો હતો. હિન્દીને ૧૪ સપ્ટેમ્બર, ૧૯૪૯ના રોજ સત્તાવાર ભાષાનો દરજ્જો મળ્યો અને બંધારણના ભાગ ૧૭માં તેને લગતી મહત્વપૂર્ણ જોગવાઈઓ કરવામાં આવી. આ ઐતિહાસિક મહત્વને કારણે ૧૯૫૩થી રાષ્ટ્રભાષા પ્રચાર સમિતિ દ્વારા દર વર્ષે ૧૪ સપ્ટેમ્બરે 'હિન્દી દિવસ'નું આયોજન કરવામાં આવે છે. હિન્દીના પ્રચારના દૃષ્ટિકોણથી, આ દિવસનું આયોજન એક મહત્વપૂર્ણ સ્થાન ધરાવે છે. હિન્દી ભાષાનો ઈતિહાસ લગભગ એક હજાર વર્ષ જૂનો માનવામાં આવે છે. સામાન્ય રીતે, હિન્દી સાહિત્યનો ઉદભવ પ્રાકૃતના છેલ્લા અપભ્રંશ તબક્કામાંથી સ્વીકારવામાં આવે છે. તે સમયે અપભ્રંશના અનેક સ્વરૂપો હતા અને સાતમી-આઠમી સદીથી જ તેમાં 'શ્લોક' રચનાનો પ્રારંભ થયો હતો. સંસ્કૃત ભાષા હિન્દી ભાષાની માતા છે. હિન્દી એક મહત્વની ભાષા છે. હિન્દી ભાષા તેની લિપિ અને ઉચ્ચારણ પ્રમાણે સૌથી શુદ્ધ અને વૈજ્ઞાનિક ભાષા છે તે વિશ્વ મંચ પર સાબિત થયું છે. ભારતમાં સૌથી વધુ બોલાતી ભાષાઓમાં હિન્દી પ્રથમ ક્રમે છે. દેશમાં કેટલી માતૃભાષાઓ બોલાય છે? ૨૦૧૮ માં પ્રકાશિત ૨૦૧૧ ભાષાકીય વસ્તી ગણતરીના ડેટા અનુસાર, ભારતમાં ૧૯,૫૦૦ થી વધુ ભાષાઓ અને બોલીઓ માતૃભાષા તરીકે બોલાય છે. ભાષાકીય તપાસ અને તર્કસંગતીકરણ પછી, આ ૧૯,૫૦૦ ભાષાઓને માતૃભાષાની ૧૨૧ શ્રેણીઓમાં વહેંચવામાં આવી હતી.

- ડો.જી.આર. ગોહિલ

# કોડીનારમાં પાંચ દિવસના પૂજન બાદ વિઘ્નહર્તા ગણેશજીની ૩૦૦ થી વધુ પ્રતિમાઓનું વાજતે ગાજતે ધામેધૂમે વિસર્જન કરાયું

## શહેર ના મુખ્ય માર્ગો પર ડીજે અને નાસીક ઢોલ ના તાલે અને ગુલાલોની છોળો વચ્ચે ગણપતિ બાપા ના મોરિયા ના નાદ સાથે શોભાયાત્રા ફરી મૂળદ્વારકા ખાતે વિસર્જન


(પ્રતિનિધી દ્વારા)

કોડીનાર તા.૧૩

મહારાષ્ટ્રની જેમ સમગ્ર ગુજરાતમાં પણ ભવ્યાતી ભવ્ય રીતે ગણેશ ઉત્સવ ઉજવાય રહ્યો છે. ગુજરાતીઓમાં ગણેશોત્સવને લઈને ભાવના અને શ્રધ્ધા વધી રહી છે ત્યારે ગીર સોમનાથના વેરાવળ,કોડીનાર સહિતના શહેરોમાં ગણેશજીની ૧૦૦ થી વધુ મોટી મૂર્તિ અને ૨૦૦ જેટલી નાની મૂર્તિની વિવિધ જગ્યાએ ગણેશ ચતુર્થીના દિવસે સ્થાપના કરવામાં આવી હતી. ૬ દિવસ આરતી, પૂજા ,ધૂન -ભજન કર્યા બાદ આજે કોડીનાર,વેરાવળ સહિતના શહેરોમાં ગણેશ વિસર્જન કરવામાં આવ્યું હતું.

સમગ્ર ગીર સોમનાથ જિલ્લાના વિવિધ શહેરોમાં અનેક જગ્યાએ સ્થાપિત ગણપતિજીનું આજે સામુહિક રંગે ચંગે વિસર્જન યોજવામાં આવ્યું હતું.તો કોડીનારના તમામ ગણપતિજી જંગલેશ્વર મંદિરે બપોરે ૩.૦૦ કલાકે એકઠા થયા હતા.ઢોલ,શરણાઈ બેન્ડ પાર્ટી અને ડીજે ના તાલે વિશાળ શોભા યાત્રા જંગલેશ્વર મહાદેવના મંદિરેથી નીકળી હતી.જે કોડીનાર શહેરના રાજ માર્ગો પર ફરીને પાણી દરવાજે સાંજે ૭.૦૦ કલાકે પહોંચી હતી.અબીલ-ગુલાલની છોળો ઉડી હતી.નાના મોટા તમામ ગણેશજીની મૂર્તિનું મૂળદ્વારકા ખાતે સમુદ્રમાં વિસર્જન થયું હતું. કોડીનારમાં યોજાયેલા ગણેશ વિસર્જનમાં ૫ થી ૬ હજાર જેટલા લોકો જોડાયા હતા.તો ધાર્મિક એકતાના પણ અહીં દર્શન થયા હતા.કોડીનાર પોલીસ દ્વારા ચુસ્ત અને સંયમિત બંદોબસ્ત જાળવવામાં આવ્યો હતો.તો સમગ્ર શોભાયાત્રા દરમ્યાન નાગરિકોએ પણ સુલેહ શાંતિ જાળવી ભવ્ય રીતે ગણેશ વિસર્જન ઉત્સવ ઉજવ્યા હતો.

# ઓખા સમુદ્ર કિનારે આવેલ પૌરાણિક સિદ્ધિ વિનાયક ગણપતિ મંદિરે ૨૧૦૦ લાડુનાં અન્નકૂટ દર્શનનું આયોજન કરાયું



દ્વારકા તા.૧૩

સમગ્ર દેશભરમાં ગણેશોત્સવ ચાલી રહ્યો છે ત્યારે ઓખા દરિયા કિનારે અઆવેલ પૌરાણિક સિદ્ધિ વિનાયક ગણપતિ મંદિરે ૨૧૦૦ લાડુનાં અન્નકૂટ દર્શન રાખવામાં આવેલ. સિદ્ધિ વિનાયક ગણપતિ મંદિરે ગણેશોત્સવ દરમિયાન ૩૫ વર્ષથી અન્નકૂટ નાં દર્શન રાખવામાં આવે છે. ઓખાનાં નગરજનો અહીં આરતી અને દર્શન કરવા બહોળી સંખ્યામાં આવે છે. રસિકભાઈ જોષી પરિવાર છેલ્લા ૩૫ વર્ષથી આ મંદિરે સેવા આપે છે. આ શુભ પ્રસંગે રસિકભાઈ જોષી તથા આશિષભાઈ વાયડાએ અન્નકૂટ અને મંદિર શણગારવામાં ખુબ સુંદર આયોજન કરેલ. આ આરતીમાં વિજયભા માંડણભા માણેક તેમજ ગામનાં આગેવાનોએ ભાગ લીધેલ. અન્નકૂટનાં દર્શન કરી સૌ ભાવિકો ભાવવિભોર થયા હતા.

# ભાણવડના આચાર્યને શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ એનાયત : વિશિષ્ટ સન્માન કરાયું



(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૩

દેવભૂમિ દ્વારકા જિલ્લાના ભાણવડ તાલુકાની કન્યા શાળાના આચાર્ય શંકરસિંહ બારીયાને તાજેતરમાં શિક્ષક દિન નિમિત્તે શ્રેષ્ઠ શિક્ષક તરીકેનો રાજ્ય કક્ષાનો એવોર્ડ પ્રાપ્ત થયો છે. રાજ્યના રાજ્યપાલ દેવવ્રત આચાર્ય, મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ, શિક્ષણ મંત્રી પ્રફુલ પાનસેરીયા તથા કુબેર ડીંડોરની ખાસ ઉપસ્થિતિમાં તેમને સન્માનિત કરવામાં આવ્યા હતા. આ પછી ભાણવડ કન્યા શાળા ખાતે સ્થાનિક કક્ષાએ તેમનો સન્માન સમારોહ યોજવામાં આવ્યો હતો. ભાણવડ કન્યાશાળા તથા સરકારી અંગ્રેજી માધ્યમ શાળા બંને દ્વારા સંયુક્ત રીતે તેમના સ્ટાફના શંકરસિંહ બારીયાને મળેલા આ શ્રેષ્ઠ શિક્ષકને એવોર્ડ બદલ સન્માન સમારોહમાં વિદ્યાર્થીઓની પણ ઉપસ્થિતિમાં પુસ્તક, ગ્રીન બોર્ડ, ચોક ડસ્ટરના આકાર-પ્રકાર સાથેની ખાસ કેક બનાવી કેક કટીંગ કરવામાં આવ્યું હતું. આટલું જ નહીં તેઓને ખાસ સ્મૃતિ ભેટ પણ અર્પણ કરવામાં આવી હતી. આચાર્ય શંકરસિંહ બારીયા દ્વારા બંને માધ્યમના સ્ટાફ તથા છાત્રોનો આભાર વ્યક્ત કરી શાળામાં રૂપિયા ૧૧,૧૧૧ નું દાન અર્પણ કરવામાં આવ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે શંકરસિંહે વર્ષ ૨૦૧૮ માં આ કન્યા શાળામાં શિક્ષક તરીકે જોડાઈને અહીં અંગ્રેજી માધ્યમની પ્રાથમિક શાળા શરૂ કરતાં છાત્રાઓની સંખ્યા ૨૧૮ માંથી રેકોર્ડ રૂપ ૬૫૦ થઈ ગઈ હતી. આ શાળામાં દાતાઓના સહયોગથી સાડા ત્રણ વર્ષમાં શાળા માટે રૂપિયા ૨૬ લાખના સાધનો લોક ભાગીદારીથી વસાવવામાં આવ્યા છે.

# ખંભાળીયા ખાતે જિલ્લા કક્ષા બાળ પ્રતિભા શોધ સ્પર્ધા યોજાઇ




(પ્રતિનિધી દ્વારા)

જામખંભાળીયા તા.૧૩

કમિશ્નરશ્રી, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ-ગાંધીનગર દ્વારા આયોજીત અને જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓની કચેરી-દેવભૂમિ દ્વારકા દ્વારા સંચાલિત જિલ્લા કક્ષા બાળ પ્રતિભા શોધ સ્પર્ધાનું આયોજન આજરોજ અગસ્ત્ય ઈન્ટર નેશનલ સ્કૂલ-ખંભાળીયા ખાતે કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામા કુલ ૧૩ કૃતિઓમાં વિવિધ વય જુથ વાઈઝ સ્પર્ધાનું આયોજન કરવામા આવેલ હતું. જેમાં પ્રાંત યુવા વિકાસ અધિકારીશ્રી વિનોદભાઈ ચૌધરી, ભીમસીભાઈ ગોજીયા-આચાર્યશ્રી, માધ્યમિક શાળા-મોટી ખોખરી, વજસીભાઈ ગોજીયા-આચાર્યશ્રી, પી.ડી.શાહ હાઈસ્કુલ-બજાણા, લાખાભાઈ કરમુર- સ્કૂલ ટ્રસ્ટીશ્રી, સહિતના મહાનુભવો હાજર રહી સ્પર્ધકોને પ્રોત્સાહિત કર્યા હતા. જિલ્લાકક્ષા બાળ પ્રતિભા શોધ સ્પર્ધામાં 'અ' વિભાગ ૦૭ વર્ષથી ઉપર અને ૧૦ વર્ષ સુધીના વય જુથમાં-૮૨, 'બ' વિભાગ ૧૦ વર્ષથી ઉપરના અને ૧૩ વર્ષ સુધીના વય જુથમાં-૯૩ અને 'ખુલ્લો' વિભાગ ૦૭ વર્ષથી ઉપરના અને ૧૩ વર્ષ સુધીના વય જુથમાં-૭૬ એમ કુલ ૨૫૧ સ્પર્ધકોએ કલા વિભાગ,સાહિત્ય વિભાગ અને સાંસ્કૃતિક વિભાગની અલગ અલગ સ્પર્ધાઓમાં ભાગ લીધો હતો. વિજેતા થયેલ સ્પર્ધકોને પ્રમાણપત્ર આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. આ સ્પર્ધામાં પ્રથમ ક્રમે વિજેતા થયેલ સ્પર્ધકો ઝોનકક્ષાની સ્પર્ધામાં ભાગ લેવા માટે જશે.

# કોડીનાર તાલુકાના ડોળાસા ગામે પપૈયાં માં ગણેશ...!!



ડોળાસા તા.૧૩ : હાલ દેશ ભર માં ગણેશ મહોત્સવ ની ધૂમ મચી છે.ત્યારે કુદરત પણ કેમ પાછળ રહે....!! ડોળાસા ગામ ના કાદુભાઈ નથુભાઈ સોલંકી ના ઘર ના ફળિયા માં વાવેલા પપૈયાં ના ઝાડ માં એક પપૈયું એવું પાક્યું છે.જેનો આકાર ગણપતિ જોવો લાગે છે.શ્રદ્ધાળુ ઓ આ પપૈયાં ને નિહાળવા ઉમટી રહ્યા છે.

# દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ત્રણ સ્થળોએ જુગાર દરોડામાં ૧૭ શખ્સો ઝડપાયા



(પ્રતિનિધી દ્વારા)

જામખંભાળીયા તા.૧૩

ખંભાળિયા નજીક આઈ.ટી.આઈ. કચેરીની પાછળના ભાગે મધ્ય રાત્રીના સમયે સ્ટ્રીટ લાઈટના અજવાળે જુગાર રમી રહેલા કિશોર દેવરાજ કણજારીયા, સુધીર રમેશ નકુમ, સતીશ રાજેન્દ્ર પરમાર, રજનીકાંત કાંતિલાલ ચોપડા અને કલ્પેશ રતિલાલ નકુમ નામના પાંચ શખ્સોને પોલીસે ઝડપી લઈ, કુલ રૂપિયા ૨૬,૭૦૦ નો મુદ્દામાલ કબજે કર્યો હતો.

કલ્યાણપુર તાલુકાના મેઘપર ટીટોડી ગામેથી એલ.સી.બી. એ.એસ.આઈ. ડાડુભાઈ જોગલ તેમજ ટીમ દ્વારા પાડવામાં આવેલા જુગાર દરોડામાંથી દેવરખી જોધા છુછર, દેવા કારા બાબરીયા, દેવશી રાજા પરમાર, કિશન દેસા બાબરીયા, ફોગા બુધા ઢુંગા અને આલા બુધા ઢુંગા નામના છ શખ્સોને પોલીસે ઝડપી લઈ, મોબાઈલ સહિત કુલ રૂ. ૧૮,૭૨૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો. ભાણવડ તાબેના જામ રોજીવાડા ગામે સ્ટ્રીટ લાઈટના અજવાળે મોડી રાત્રિના સમયે પાના ટીંચતા નૂરમામદ જુસબ હિંગોરા, જીતેન્દ્ર દેવશી ગોરફાડ, ભીમશી કરસન પાથર, કમલેશ ભીમા કારેણા, યુનુશ ભીખુ હિંગોરા અને નિતેશ જીવા ગોરફાડને રૂ. ૧૮,૧૫૦ ના મુદ્દામાલ સાથે ઝડપી લઈ, ગુનો નોંધવામાં આવ્યો હતો.

# ખંભાળિયા પંથકની સગીરાના અપહરણ તથા દુષ્કર્મ પ્રકરણમાં આરોપીને ૧૦ વર્ષની સખત કેદ તથા દંડ

(પ્રતિનિધી દ્વારા)

જામખંભાળીયા તા.૧૩

ખંભાળિયા તાલુકામાં રહેતા એક પરિવારની સગીર વયની પુત્રીને તા. ૨૮-૧૨-૨૦૨૨ ના રોજ મૂળ સોનારડી ગામના રહીશ અને હાલ સોઢા તરઘડી ગામના જયરાજસિંહ રામસંગ જાડેજા નામના ૨૪ વર્ષના શખ્સે આ સગીરાને લલચાવી, ફોસલાવીને બદકામ કરવાના ઈરાદાથી લગ્ન કરવાની લાલચ આપીને તેણીના માતા-પિતાના કાયદેસરના વાલીપણામાંથી અપહરણ કરીને લઈ ગયા બાદ તેના દ્વારા સગીરા સાથે શરીર સંબંધ બાંધી, દુષ્કર્મ આચરવામાં આવ્યું હતું.

આ સમગ્ર પ્રકરણ અંગે સગીરાના પરિવારની ફરિયાદ પરથી પોલીસે આરોપી જયરાજસિંહ રામસંગ જાડેજા સામે આઈપીસી કલમ ૩૬૩, ૩૬૬, ૩૭૬ તથા પોકસો એક્ટની જુદી-જુદી કલમ હેઠળ ગુનો નોંધી, કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરવામાં આવ્યું હતું. આ પ્રકરણમાં અહીંના નામદાર એડિશનલ સેશન્સ જજ શ્રી એસ.જી. મનસુરી સમક્ષ કેસ ચાલી જતા આ કેસમાં ભોગ બનનાર, ફરિયાદી અને મેડિકલ ઓફિસરની જુબાની તેમજ વિવિધ આધાર પુરાવાઓ સાથે સરકારી વકીલ એલ.આર. ચાવડા દ્વારા કરવામાં આવેલી દલીલોને ગ્રાહ્ય રાખી, નામદાર એડિશનલ સેશન્સ જજ શ્રી મનસુરી દ્વારા આરોપી જયરાજસિંહ રામસંગ જાડેજાને તકસીરવાન ઠેરવીને દસ વર્ષની સખત કેદ તથા જુદા જુદા ગુનાઓમાં કુલ રૂ. ૧૭,૫૦૦ નો દંડ ફટકારતો હુકમ કર્યો છે. આ સાથે ભોગ બનનાર સગીરાના સામાજિક, આર્થિક અને માનસિક પુનર્વસન માટે તેણીને વિટનેસ કમ્પન્સેશન સ્કીમ હેઠળ રૂપિયા એક લાખનું વળતર ચૂકવવા માટે પણ હુકમ કર્યો છે.

# ઓટોમેટીક ડ્રાઈવિંગ ટેસ્ટ અંગે જાહેર જનતાને જાણ

જૂનાગઢ,તા.૧૩

પ્રાદેશિક વાહન કચેરી જૂનાગઢ ખાતે ઓટોમેટીક ડ્રાઈવિંગ ટેસ્ટ ટ્રેકના કોમ્પ્યુટર હાર્ડવેરમાં ટેકનિકલ ખામી સર્જાયેલ હોવાથી ડ્રાઈવિંગ ટેસ્ટ ટ્રેકની કામગીરી બંધ હતી. જેનું નિરાકરણ ૧૧/૯/૨૦૨૪ના રોજ બપોર બાદ ૫.૦૦ કલાકે થતા રાબેતા મુજબ કામગીરી શરૂ કરવામાં આવેલ છે. જેની માહિતી પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રી જૂનાગઢ દ્વારા અખબારી યાદીમાં જણાવેલ છે.

# જૂનાગઢમાં ગેરકાયદે દબાણોનો રાફડો ફાટયો !

## વોંકળા ઉપરના દબાણો ઉપરાંત નિયમ મુજબ રસ્તો મુકવાને બદલે ઓછી જગ્યા મુકવી, પાર્કિંગ ઉપર દબાણોની સમસ્યા - ઐતિહાસીક નગરી ઉપર આડેધડ દબાણા દ્વારા અત્યાચાર

જૂનાગઢ તા.૧૩

'હેરીટેજ સીટી' ની ઓળખ પામેલ જૂનાગઢ શહેરની હાલત દિવસે દિવસે અત્યંત ખરાબ થઈ રહી છે. શહેરમાં આડેધડ ગેરકાયદે બાંધકામોનો મુદો લાંબા સમયથી ગુંજી રહ્યો છે. પરંતુ આવા ગેરકાયદે બાંધકામોની કાંકરી પણ ખરવા પામી નથી એ કમનસીબી છે. 'કેટલાક' ને છાવરવાનાં પ્રયાસોમાં આ શહેરની ઐતિહાસીકતાની ઓળખને ઝાંખપ લગાડવાના કાર્યો કરવામાં આવ્યા છે. પ્રજાનાં 'હિત ચિંતક' ગણાતા કથિત લોકોએ પ્રજાની વેદનાને નજરઅંદાજ કરવામાં મોટો ભાગ ભજવ્યો છે. અને જે અંગેની અનેક ફરિયાદો સતત ને સતત ઉઠવા છતાં પણ તંત્ર વાહકોને તેનો અવાજ જાણે સંભળાતો ન હોય તેમ આંખ આડા કાન કરી નાખવામાં આવ્યા છે.

જૂનાગઢ નગરપાલિકામાંથી મહાનગરપાલિકાનો દરજ્જો આ શહેરને મળ્યાને બે દાયકા જેવો સમય થઈ ગયો હોવા છતાં લોકોની પ્રાથમિક જરૂરીયાત પુરી પાડવામાં તંત્રની નિષ્ફળતા જૂનાગઢ વાસીઓને તો દેખાઈ છે જ પરંતુ બહારથી આવેલા પ્રવાસીઓને પણ નરી આંખે જોવા મળે છે અને એટલું જ નહીં વારંવાર તેની વેદના પણ પ્રવાસીઓ વ્યક્ત કરી રહ્યા છે. ગુજરાતમાં પ્રવાસન ક્ષેત્રનું હબ ગણાતા જૂનાગઢ શહેર અને જીલ્લામાં ઐતિહાસીક આધ્યાત્મિક સાંસ્કૃતિક, સામાજીક સ્તરે પણ ખુબ જ ઉંચુ નામ છે.

પરંતુ આ શહેરની અસ્મિતાને બટ્ટો લગાડવા સમી કાર્યવાહી કરી જાણે 'મહાપાપ' કરી જાય છે. અને તેનો ભોગ નિર્દોષ જનતા બની રહી છે. જૂનાગઢમાં છેલ્લા કેટલાક સમય થયા ગેરકાયદે બાંધકામોનો જાણે રાફડો ફાટયો હોય તેમ લાગી રહ્યું છે. એકતો પહેલાના સમયથી બાંધણી મુજબ જૂનાગઢ શહેરનાં રસ્તાઓ સાંકડા તેમાં પણ રીનોવેશનની મંજુરી મેળવી કરાયેલા બાંધકામો તેમાં પણ કાગળ ઉપર નકશામાં પાર્કિંગ સહિતની જગ્યાઓ દર્શાવવામાં આવી હોય તેમજ નિયમ મુજબ રસ્તાઓ જેટલા મુકવા જોઈએ તે નકશામાં દર્શાવવામાં આવ્યા હોય પરંતુ ખરેખરતો પાર્કિંગની જગ્યાઓ જો સર્વે કરવામાં આવે તો ગુમ થયેલી જોવા મળશે. એટલું જ નહીં ગેરકાયદે બાંધકામમાં નરી આંખે તંત્રને જોવામાં આવતી હોવા છતાં પણ નકરી નોટીસો પાઠવી દઈ અને સંતોષ માનવમાં આવી રહેલ છે. એટલું જ નહીં જયારે પણ આવા ગેરકાયદે બાંધકામોનો મુદ્દો જોરશોરથી ગાજી ઉઠે છે. ત્યારે 'કોકને' બચાવવાનાં ભરપુર પ્રયાસો પણ સતત થઈ રહ્યા હોવાનું જનતા છડે ચોક બોલી રહી છે.

આજના સમયમાં તેજ રફતાર વચ્ચે ટુ-વ્હીલર, ફોર વ્હીલર વાહનોની સંખ્યામાં સતતને સતત વધારો થઈ રહ્યો છે. આ ઉપરાંત જૂનાગઢ શહેર હટાણુંનું મુખ્ય મથક હોય અહીં ખરીદી કરવા આવતા લોકોનો સતત પ્રવાહ રહેતો હોય છે. તેમજ પ્રવાસ ક્ષેત્રના હબ ગણાતા પ્રવાસી જનતા પણ મોટા પ્રમાણમાં આવતી હોય છે. આમ જૂનાગઢ શહેરની મુખ્ય બજારો, માર્ગો ઉપર જાણે વાહનની વણજાર સતત રાત-દિવસ જોવા મળે છે.

તેમાંય ખાસ કરીને ખરીદીનાં સમયે જૂનાગઢ શહેરની મુખ્ય બજારોમાં તો એટલી ગીર્દી રહે છે, ઘણીવાર તો વાહન ચલાવવું અથવા તો પગપાળા જવું પણ ખુબ જ મુશ્કેલ બને છે. ટ્રાફિકની સમસ્યા સતત કુદકે ને ભુસકે વધી રહી છે. જૂનાગઢ શહેરની ટ્રાફિક સમસ્યાને હલ કરવા માટે અનેકવાર આગેવાનોની બેઠક બોલાવવામાં આવે છે. સૂચનો પણ લેવામાં આવે છે. પરંતુ ટ્રાફિક સમસ્યા હલ થાય તેવા કોઈ પ્રયાસો કારગત નીવડયા નથી.

દરમ્યાન જાણકાર વર્તુળો કહી રહ્યા છે કે આ શહેરમાં વિવિધ વિસ્તારોમાં આવેલા ૫૪ જેટલા પાર્કિંગ સ્થળો મનપાનાં ચોપડે નોંધાયેલા છે. આવી જગ્યા ઉપર પણ દબાણો થયા છે અને જેના કારણે મનપાએ આવા દબાણો પણ દુર કરવા જોઈએ. વિશેષમાં શહેરમાં વોંકળા ઉપરના દબાણો, ઉપરાંત જયાં પણ રસ્તો નીયમ મુજબ ન મુકવામાં આવ્યો તેમજ પાર્કિંગની જગ્યામાં પણ દબાણો થયા હોય આવી કથિત ગેરકાયદે દબાણો દુર કરવા માટેનું અભિયાન મનપા તંત્ર દ્વારા હાથ ધરવું જોઈએ. એટલું જ નહીં હાલ મનપાના કમિશ્નર ડો.ઓમપ્રકાશ દ્વારા શહેરના કથિત દબાણો કેટલા છે તેની નિષ્પક્ષ તપાસ કરી અને આવા દબાણો દુર કરવા કેવી રીતે કામ હાથ ધરાશે તે બાબતની માહિતી પણ જણાવવા લાગણી પ્રવર્તી રહી છે.

# ટ્રાફીક હેલ્પલાઈનમાં નોંધાયેલી ફરીયાદો અને તેના ઉકેલની માહિતી આપવા ગુજરાત સરકારને હાઈકોર્ટનો આદેશ



અમદાવાદ,તા ૧૩

ગુજરાત હાઈકોર્ટની ખંડપીઠે ગુરૂવારે રાજ્ય સરકાર પાસેથી સમગ્ર રાજ્યમાં ટ્રાફિકની સમસ્યા અંગે ફરિયાદ કરવા માટે આ અઠવાડિયે રજૂ કરવામાં આવેલા હેલ્પલાઈન નંબર સંબંધિત અહેવાલ માંગ્યો હતો. કોર્ટે હેલ્પલાઈન પર તેની શરૂઆતથી જ મળેલી ફરિયાદોની વિગતો અને વિગતવાર અહેવાલ દ્વારા નિવારણનો સમયગાળો માંગ્યો હતો. હાઈકોર્ટ આ કેસની વધુ સુનાવણી ૧૯ સપ્ટેમ્બરે હાથ ધરશે.

જસ્ટિસ એ.વાય. કોગજે અને જસ્ટિસ સમીર દવેની બનેલી બેંચ એક એડવોકેટ દ્વારા વર્ષ ૨૦૧૮માં ગુજરાત હાઈકોર્ટ દ્વારા જારી કરાયેલા આદેશનો અમલ ન કરવા બદલ દાખલ કરાયેલી કોર્ટના તિરસ્કારની અરજીની સુનાવણી કરી રહી હતી. શહેરમાં પાર્કિંગ, અતિક્રમણ, તૂટેલા રસ્તા, ખાડા, રખડતા ઢોર અને ટ્રાફિકની સમસ્યા. કોર્ટે સમગ્ર રાજ્યમાં અરજીનો વ્યાપ વધાર્યો હતો અને આ કેસમાં વરિષ્ઠ વકીલ ભાસ્કર તન્ના અને હર્ષેશ કક્કરને એમિકસ ક્યૂરી તરીકે નિયુક્ત કર્યા હતા.

ટ્રાફિકની સમસ્યાને લઈને સરકાર દ્વારા દાખલ કરવામાં આવેલી હેલ્પલાઈન અંગે હાઈકોર્ટે ધ્યાન દોર્યું કે હેલ્પલાઈન માત્ર ટ્રાફિકની સમસ્યા માટે છે. જો કે, તેમાં પાર્કિંગ, રખડતા ઢોર અને અતિક્રમણ અંગે કોર્ટ દ્વારા દર્શાવેલ તમામ નાગરિક મુદ્દાઓને આવરી લેવા જોઈએ. સરકારી વકીલે કહ્યું કે તે પ્રક્રિયા હેઠળ છે અને મોબાઈલ એપ્લિકેશન અને વેબસાઈટ દ્વારા આવી સેવાઓ દાખલ કરવા માટે સમયની જરૂર છે.

દરમ્યાન, હાઈકોર્ટે સરકારને નવા રજૂ કરાયેલા હેલ્પલાઈન નંબરમાં મળેલી ફરિયાદોની વિગતો અને સુનાવણીની આગામી તારીખમાં સમસ્યાઓના નિવારણની અવધિ પ્રદાન કરવા જણાવ્યું હતું. કોર્ટે અભિપ્રાય આપ્યો કે હેલ્પલાઈન નંબર અસરકારક રીતે કાર્યરત હોવો જોઈએ.

# બાંટવાની ચકચારી લૂંટ પ્રકરણની ઉલટ તપાસ દરમ્યાન આરોપી પાસે મોબાઈલ કબ્જે લેવાયો

જૂનાગઢ તા. ૧૩:

જૂનાગઢ જીલ્લાના માણાવદર તાલુકાના બાંટવાના પાજોદ નજીક થયેલી ચકચારી લૂંટ પ્રકરણના આરોપીઓની ધરપકડ કરી અને પોલીસે વધુ ઉલટ તપાસ હાથ ધરી છે. બનાવના સ્થળનો રિ-કન્સ્ટ્રકશન કરાયા બાદ આ જીણવટભરી તપાસમાં આરોપી પાસેથી મોબાઈલ જપ્ત કરવામાં આવ્યો છે અને તેને તપાસ માટે એફએસએલમાં મોકલી દેવામાં આવ્યો હોવાનું જાણવા મળે છે. આ બનાવઅંગેની પોલીસે આપેલી વિગત અનુસાર બાંટવાની ચકચારી લૂંટની ઘટનામાં આરોપી યાજ્ઞિક જોશી તથા ધનરાજ ભાંડગેનો મોબાઈલ ફોન કબજે લઈ ક્રાઈમ બ્રાન્ચે એફએસએલમાં મોકલી આપી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.લૂંટનું તરકટ રચનાર મુખ્ય આરોપી યાજ્ઞિક તથા તેનો ભાઈ મોહિત જોશી અને ધનરાજ ભાંડગે ૬ દિવસનાં રિમાન્ડ પર છે. સમગ્ર કેસના તપાસનીશ ક્રાઈમ બ્રાન્ચના પીઆઈ જે. જે. પટેલે આરોપીઓ પાસેથી વેચી નાખેલ ૨૦૦ ગ્રામ સોનાની રૂપિયા ૧૧.૩૯ લાખની રોકડ કબજે કરી હતી અને સમગ્ર ઘટનાનું રીકન્ટ્રક્શન કરાવ્યું હતું.

દરમિયાન એલસીબીએ ગુરુવારે યાજ્ઞિક અને ધનરાજનો મોબાઈલ ફોન કબજે લઈ ફોરેનસિક સાયન્સ લેબોરેટરીમાં વધુ તપાસ અર્થે મોકલવામાં આવેલ છે.

# જૂનાગઢમાં અશ્વની ચોરી કરનાર શખ્સને ઝડપી લેતી પોલીસ



જૂનાગઢ તા.૧૩

જૂનાગઢ શહેરમાંથી તાજેતરમાં રૂા.૬૦ હજારની કિંમતના અશ્વની ચોરીનો બનાવ બનવા પામ્યો હતો. આ ચોરીનો ભેદ ઉકેલી પોલીસે અશ્વ ચોરનાર શખ્સની ધરપકડ કરી છે.

આ બનાવ અંગેની પ્રાપ્ત વિગતો અનુસાર જૂનાગઢના ગિરનાર દરવાજા પાસે આવેલ ગણેશનગરમાં હનુમાન દાદાના મંદિર પાસે રહેતા રજનીગીરી રમેશગીરી ગોસ્વામી હડમતીયા ગામે ખેતીની જમીન ધરાવે છે, સાથે ઘોડી (અશ્વ) રાખેલ છે. તે ઘોડીને દોઢ વર્ષ પહેલા બચ્ચુ (વછેરી) આવેલ હોય અને હાલ ચોમાસાનો સમય હોવાથી તેને રજનીભાઈ વાડીએથી પોતાના ઘરે લાવ્યા હતા અને ઘરની સામે આવેલ મામાદેવના મંદિર પાસે બાંધતા હતા. દરમ્યાન ગત સોમવારે બપોરે ૧.૩૦ વાગ્યે વછેરીને ઘાંસચારો આપી અને તેઓ કામે જતા રહ્યા હતા અને સાંજે કામ પરથી પરત આવી રાત્રે વછેરીને ઘાંસચારો આપવા માટે ગયા હતા. પરંતુ, અશ્વ જોવા મળેલ નહીં તેથી મંદિરના સીસીટીવી ફુટેજ જોતા બપોરના ૨.૩૦ વાગ્યે ધોળાદિવસે રૂા.૬૦ હજારની કિંમતનો અશ્વ અજાણ્યો શખ્સ ચોરી ગયો હોવાનું જણાવતા જે અંગેની ફરિયાદ એ-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં નોંધવામાં આવી હતી. જૂનાગઢ રેન્જના પોલીસ મહાનિરીક્ષક નિલેશ જાજડીયા તથા જીલ્લા પોલીસ વડા હર્ષદ મહેતા દ્વારા મિલ્કત વિરૂધ્ધના ગુનાઓ શોધી કાઢવા સુચના આપી હોય અને જેના અનુસંધાને નાયબ પોલીસ અધિકારી હિતેષ ધાધલીયાના માર્ગદર્શન હેઠળ એ-ડીવીઝન પોલીસ સ્ટેશનના પી.આઈ. બી.બી. કોળી તથા સ્ટાફને સુચના આપી હોય જે અનુસંધાને ગુના નિવારણ શાખાના સ્ટાફને પણ ચોરીના ગુનાનો ભેદ ઉકેલવા તેમજ મુદામાલ કબ્જે કરવા કાર્યવાહી કરવા સુચના કરતા શોધખોળ હાથ ધરવામાં આવી હતી અને ગિરનાર દરવાજા અને આજુબાજુમાં લાગેલ સીસીટીવી માંથી માહિતી મેળવી લીધા બાદ એ-ડીવીઝન પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમા હતા તે દરમ્યાન ચોકકસ બાતમી મળેલ કે, ઉપરોકત ગુનાના કામે ચોરીમાં ગયેલ ઘોડી (અશ્વ)ને દોરી એક શખ્સ પીટીસી વિસ્તારમાં આટાફેરા મારે છે. જે હકીકતના આધારે તપાસ કરી અને વિજયભાઈ જીવાભાઈ લડખડીયા ઉ.વ.૨૬, રહે.જૂનાગઢ ખામધ્રોળ રોડ, નંદનવન રોડ, સ્વસ્તીક નગર, માધવ એપાર્ટમેન્ટ પાછળ વાળાના કબ્જામાંથી ઘોડી (અશ્વ) રૂા.૬૦ હજારની કિંમતનો કબ્જે કરી આ શખ્સ વિરૂધ્ધ ધોરણસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# વંથલીના ધંધુસર ગામે વાડી વિસ્તારમાં ચાલતા જુગારના અખાડા પર પોલીસના દરોડા : ૯ ઝડપાયા, ૧ છુ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૩

વંથલી તાલુકાના ધંધુસર ગામે વાડી વિસ્તારમાં જુગારના અખાડા પર વંથલી પોલીસે દરોડો પાડી ૯ને ૨.૧૦ લાખના મુદ્દામાલ સાથે ઝડપી લીધેલ જયારે ૧ નાસી છુટતા પોલીસે આરોપીઓ વિરૂધ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર વંથલી પોલીસે ગઈકાલે સાંજના સમયે ધંધુસર ગામે વલાતીયા સીમમાં ભરતભાઈ ભાયાભાઈ ચાંડેલા પોતાની વાડીએ આવેલ મકાનમાં નાલ ઉઘરાવી જુગારનો અખાડો ચાલતો હોવાની બાતમીના આધારે દરોડો પાડતા વાડી માલીક સહિત ભુપતભાઈ પુંજાભાઈ સુત્રેજા, જીવાભાઈ પોપટભાઈ સુત્રેજા, માલદેભાઈ કાળાભાઈ દીવરાણીયા, ઓઘાભાઈ હાજાભાઈ સુત્રેજા, મોહનભાઈ રાજશીભાઈ સુત્રેજા, સરમણભાઈ હમીરભાઈ દીવરાણીયા, લીલાભાઈ મેરૂભાઈ દીવરાણીયા, રામભાઈ અરજણભાઈ સુત્રેજાને રૂા.૧,૦૫,૨૪૦ રોકડ, ૯ મોબાઈલ કિ.રૂા.૪૫૦૦૦, ૩ મોટર સાયકલ કિ.રૂા.૬૦૦૦૦ સહિત કુલ ૨,૧૦,૨૪૦ના મુદામાલ સાથે ઝડપી લીધેલ જયારે ભીમાભાઈ મેરૂભાઈ સુત્રેજા નાસી જતા પોલીસે તમામ આરોપીઓ વિરૂધ્ધ વંથલી પોલીસ મથકે જુગારધારા ૪, ૫ મુજબ ગુનો નોંધી વધુ તપાસ પીએસઆઈ વાય.બી.રાણાએ હાથ ધરી છે.

# જૂનાગઢ સકકરબાગ પ્રાણી સંગ્રહાલય દ્વારા ૭૦મા વન્યપ્રાણી સપ્તાહની ઉજવણી થશે




## વન્યપ્રાણી સપ્તાહની ઉજવણી દરમ્યાન તા.૨-૧૦-૨૦૨૪ થી તા.૮-૧૦-૨૦૨૪ દરમ્યાન ઝુમાં આવતા તમામ મુલાકાતીઓને નિઃશુલ્ક પ્રવેશ અપાશે

જૂનાગઢ તા.૧૩

જૂનાગઢ ખાતે આવેલા સકકરબાગ પ્રાણી સંગ્રહાલય દ્વારા ૭૦માં વન્યપ્રાણી સપ્તાહની ઉજવણી માટેનો કાર્યક્રમ જાહેર કરવામાં આવેલ છે. આગામી તા.૨-૧૦-૨૦૨૪ થી તા.૮-૧૦-૨૦૨૪ દરમ્યાન ઉજવણી કરવામાં આવશે.

જે અંતર્ગત તા.૦૨-૧૦-૨૦૨૪ સવારે ૯.૧૫ થી ૧૦ દરમ્યાન સપ્તાહની ઉજવણીનો પ્રારંભ થશે. ૧૦ થી ૧૧ દરમ્યાન વાર્તાલાપ તેમજ ૧૧ થી ૧૨ દરમ્યાન કિપર સ્ટોક તેમજ ૩.૩૦ થી ૪.૩૦ દરમ્યાન નિબંધ સ્પર્ધા જેમાં ધો.૫ થી ૯ વિષય મનગમતું વન્યપ્રાણી અને ધો.૧૦ થી ૧૨માં વન્યજીવ સંરક્ષણ અને સહઅસ્તીત્વ અંગેની સ્પર્ધા યોજાશે.

તા.૩-૧૦-૨૦૨૪ના ૯.૩૦ થી ૧૩ દરમ્યાન ધો.૫ થી ૯ મનગમતું વન્યપ્રાણી-પક્ષી માટેની ચિત્ર સ્પર્ધા તેમજ ધો.૧૦ થી ૧૨ માટે વન્યજીવ સંરક્ષણ અને સહઅસ્તીત્વ તેમજ કેટેગરી-૩ માં (ઓપન) વન્યજીવ સંરક્ષણ અને સહઅસ્તીત્વ ચિત્ર સ્પર્ધા યોજાશે. ફકત ડ્રોઈંગ સીટ અત્રેથી આપવામાં આવશે. સ્પર્ધોકોએ જરૂરી વસ્તુ સાથે લાવવા જણાવેલ છે.

તા.૪-૧૦-૨૦૨૪ સવારે ૯.૩૦ થી ૧૨ દરમ્યાન ટ્રેજર હન્ટનો કાર્યક્રમ યોજાશે જે ધો.૫ થી ૯ માટે અને એક સ્કુલમાંથી ફકત ૩ વિદ્યાર્થીઓની એક ટીમ જ મોકલવાની રહેશે. જયારે બીજા વિભાગમાં ૩.૩૦ થી ૬ દરમ્યાન ટ્રેજર હન્ટમાં એક ટીમમાં ફકત ત્રણ વ્યક્તિઓ ભાગ લઈ શકશે અને ટીમ અહીંથી બનાવી આપવામાં આવશે.

તા.૫-૧૦-૨૦૨૪ સવારે ૮ થી ૧૦ દરમ્યાન વેસ્ટ માંથી બેસ્ટની સ્પર્ધા ધો.૫ થી ૯ના વિદ્યાર્થીઓ માટે છે અને ચોંટાડવા માટેની વસ્તુઓ વિદ્યાર્થીઓએ સાથે લાવવાની રહેશે. બાકી સામગ્રી અહીંથી આપવામાં આવશે. તા.૬-૧૦-૨૦૨૪ સવારે ૯ થી ૧૦.૩૦ દરમ્યાન વાઈલ્ડલાઈફ ફોટોગ્રાફી સ્પર્ધા યોજાશે. જેમાં ફોટોગ્રાફી માટે કેમેરો સાથે લાવવો અને ફોટોગ્રાફી કર્યા બાદ તે જ સમયે ફોટોગ્રાફની સોફટકોપી અત્રે જમા કરાવવાની રહેશે. તા.૭-૧૦-૨૦૨૪ સવારે ૯ થી ૧૨ દરમ્યાન માટીમાંથી વન્યજીવ અથવા વન્યજીવના ચિન્હો બનાવવાની સ્પર્ધા યોજાશે જેમાં ધો.૫ થી ૯ (કેટેગરી-૧)માં ભાગ લઈ શકશે અને કેટેગરી-૨ ઓપન રાખવામાં આવી છે.

તા.૮-૧૦-૨૦૨૪ ૧૦.૩૦ કલાકે ઈનામ વિતરણ કરવામાં આવશે. આ વન્યપ્રાણી સપ્તાહની ઉજવણી દરમ્યાન તા.૨-૧૦-૨૦૨૪ થી તા.૮-૧૦-૨૦૨૪ દરમ્યાન ઝુમાં આવતા તમામ મુલાકાતીઓને નિઃશુલ્ક પ્રવેશ આપવામાં આવશે. આ તમામ સ્પર્ધામાં ભાગ લેનાર સ્પર્ધકોએ સ્વખર્ચે આવવાનું રહેશે. તેમાં ધો.૧ થી ૧૨ સુધીના વિદ્યાર્થીઓએ ભાગ લેવા માટે શાળા મારફત જ અરજી કરવાની રહેશે. આ સ્પર્ધામાં ભાગ લેવા માટે ફોર્મ તા.૩૦-૦૯-૨૦૨૪ ૧૮ કલાક સુધી સ્વીકારવામાં આવશે. સમયમર્યાદા બહારની અરજી સ્વીકારવામાં આવશે નહીં અને એક સ્પર્ધક વધુમાં વધુ ૨ સ્પર્ધામાં ભાગ લઈ શકશે. વન્યજીવ સપ્તાહના કાર્યક્રમની વધુ વિગત માટે કોન્ટેક નં. એજયુકેશન ઓફિસર -૭૭૭૭૯ ૦૯૨૫૭ તેમજ બાયોલોજીસ્ટ - ૮૯૮૦૪ ૭૮૪૫૦ તેમજ ૮૭૮૦૫ ૭૭૩૪૬નો સંપર્ક કરવા જણાવેલ છે.

# જૂનાગઢ સિવિલ હોસ્પિટલમાં મહિલાએ હંગામો મચાવ્યો : ફરજમાં રૂકાવટની ફરીયાદ નોંધાઈ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૩

જૂનાગઢ સિવિલ હોસ્પિટલમાં મહિલાએ હંગામો મચાવી ફરજ પરના પોલીસ કર્મચારીઓ, હોમગાર્ડ તથા સીકયુરીટી ગાર્ડની ફરજમાં રૂકાવટ કરી પોતાની જાતે માથુ ભટકાવી આપઘાતની કોશીષ કર્યાની ફરીયાદ એ ડીવીઝન પોલીસ મથકે નોંધાઈ છે. આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર એ ડીવીઝન પોલીસ મથકે બી ડીવીઝન પોલીસ સ્ટેશનમાં મહિલા લોકરક્ષક તરીકે ફરજ બજાવતા કાજલબેન પરષોતમભાઈ જાડેજાએ ચકકરીયા ટીંબા વિસ્તારની હીના વિરૂધ્ધ એવા મતલબની ફરીયાદ નોંધાવી છે કે, આરોપી મહિલાએ જૂનાગઢ સીવીલ હોસ્પિટલ ખાતે ફરજ પર રહેલા પોલીસ કર્મચારીઓ, હોમગાર્ડ અને સીકયુરીટી ગાર્ડની કાયદેસરની ફરજમાં રૂકાવટ કરી બિભત્સ ગાળાગાળી કરી, મારી નાંખવાની ધમકી આપી, પોતાની જાતે માથુ ભટકાવી આપઘાતની કોશિષ કર્યા અંગેની ફરીયાદ એ ડીવીઝન પોલીસ મથકે નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ પીએસઆઈ વાઝાએ હાથ ધરી છે.

# જૂનાગઢમાં રેલ્વેના કોન્ટ્રાકટ મુદે ધમકી આપ્યાની ફરીયાદ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૩

જૂનાગઢમાં ઝાંઝરડા ગરનાળા નજીક કોન્ટ્રાકટના મુદે સ્કોર્પીયો કારમાં પાંચેક શખ્સોએ આવી ગાળાગાળી કરી ધમકી આપ્યાની ફરીયાદ બી ડીવીઝન પોલીસ મથકે નોંધાઈ છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર બી ડીવીજન પોલીસ મથકે દિપાભાઈ ઉર્ફે દિનેશભાઈ હાજાભાઈ ચૌધરીએ લખુભાઈ મેર અને અજાણ્યા શખ્સો વિરૂધ્ધ એવા મતલબની ફરીયાદ નોંધાવી છે કે, આરોપી લખુભાઈ મેરને જૂનાગઢ રેલ્વે વિભાગ દ્વારા સેફટી ફેન્સીંગનો કોન્ટ્રાકટ મળેલ અને બાદ આ કોન્ટ્રાકટ રદ થયેલ અને આ કોન્ટ્રાકટ ફરીયાદીની કંપનીને મળેલ હોય જે વાતનુ મનદુખ રાખી આ કામના આરોપી લખુભાઈ મેરે તા.૧૧/૦૯/૨૪ ના ક.૧૫/૦૦ વાગ્યે ફોન કરી ભુંડી ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી બાદ અજાણ્યા ચાર આરોપીઓએ બ્લેક કલરનો સ્કોર્પીયો રજી નં. જીજે ૧૧ સીએચ ૫૦૫૫ નો રેલ્વેનુ કામ ચાલુ હોય ત્યા જઈ સ્કોર્પીયો માથી ઉતરી ચારેયના હાથમાં લાકડીઓ હતી તે તમામે સાહેદો ને ભુંડી ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## નામ બદલાવેલ છે

આથી હું નીચે સહી કરનાર જણાવું છું કે, મારૂ જુનું નામ **દેવી રાઘવાણી** હતું. જે બદલીને હવેથી મેં મારૂ નવું નામ **સપના રાઘવાણી** રાખેલ છે. જે હવે પછી હું **સપના રાઘવાણી** નાં નામથી ઓળખાઈશ જેની લાગતા વળગતાઓએ નોંધ લેવી.

: સરનામું :

**સપના રાઘવાણી**

બ્લોક નં.૩૬, સિંધી સોસાયટી, ગાંધીગ્રામ, જૂનાગઢ

## CHANGE NAME

I the undersigned DEVI RAGHWANI hereby declare that have changed my old name from DEVI RAGHWANI to SAPNA RAGHWANI now and onwords would be known By My name SAPNA RAGHWANI

Address : SAPNA RAGHWANI
Block no. 36, sindhi society,
Gandhigram, junagadh- 362001

